# વિવિધ ધર્મોનું રેખાદર્શન.

૪૧

શ્રી સયાજી સાહિત્યમાળા.

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

" શ્રી સયાજી સાહિત્યમાળા "–પુષ્પ ૪૨ મું.

( ધર્મ–ગુચ્છ )

# વિવિધ ધર્મોનું રેખાદર્શન.

અનુવાદક

રામપ્રસાદ કાશીપ્રસાદ દેસાઈ બી. એ.

" ધર્મનાં મૂળતત્ત્વો " વગેરેના કર્તા

પ્રકાશક.

એમ. સી. કોઠારી,
કાપડીપોળ, રાવપુરા, વડોદરા.

આ પુસ્તક વડોદરા–રાવપુરા રોડ ઉપર મોદીખાના આગળ જાગૃતિ પ્રેસમાં
ભ. બ. પાળેકર એમણે પ્રકાશક માટે છાપ્યું. તારીખ ૨૫–૧૦–૨૦

ઇ. સ. ૧૯૨૦. સંવત ૧૯૭૬.

કિંમત

પ્રથમાવૃત્તિ પ્રત, ૫૦૦.

પાકું પૂઠું ૦–૧૨–૦

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

श्री.

# જાહેરાત.

આપણા દેશી ભાષાનાં સાહિત્યની અભિવૃદ્ધિ કરવાના સદુદ્દેશથી શ્રીમંત મહારાજા સાહેબ સર સયાજીરાવ ગાયકવાડ, સેનાખાસખેલ, સમશેર બહાદૂર, જી. સી. એસ. આઇ., જી સી, આઈ. ઈ. એઓશ્રીએ કૃપાવંત થઈને બે લાખ રૂપીઆની જે રકમ અનામત મુકેલી છે તેના વ્યાજમાંથી, "શ્રી સયાજી સાહિત્યમાલા" રૂપે વિવિધ વિષયોને લગતાં પુસ્તકો તૈયાર કરાવવામાં આવે છે.

એ અનુસાર, રેવ. જે. એ. મૅક્કયુલૉક કૃત "રીલિજિઅન" નામક અંગ્રેજી પુસ્તકનો આ "વિવિધ ધર્મોનું રેખાદર્શન" નામક ગૂજરાતી અનુવાદ રા. રા. રામપ્રસાદ કાશીપ્રસાદ દેસાઇ બી. એ. એમની પાસે ઉક્ત માળાના "ધર્મ-ગુચ્છ" માં બેંતાળી-શમા પુષ્પ રૂપે તૈયાર કરાવી વિદ્યાધિકારી કચેરીની ભાષાંતર શાખાએ ઠરાવેલા ધોરણ પ્રમાણે સંશોધાવી પ્રસિદ્ધિમાં મુકવામાં આવે છે.

| | | |
|---|---|---|
| વિદ્યાધિકારી કચેરી,<br>વડોદરા,<br>તા. ૨૮-૭-૧૯૨૦. | જ. પુ. જોષીપુરા.<br>ભા. ગ. | A. B. Clarke<br>વિદ્યાધિકારી,<br>વડોદરા રાજ્ય. |

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

# પ્રસ્તાવના.

આ પુસ્તક રેવ. જે. એ. મૅકકચુલૉકકૃત "રીલિજિયન" નામના અંગ્રેજી પુસ્તક ઉપરથી વડોદરા રાજ્યના વિદ્યાધિકારી સાહેબના ફરમાનથી અનુવાદ રૂપે તૈયાર કરવામાં આવ્યું છે.

દુનિયાના જુદા જુદા દેશના જુદા જુદા ધર્મોનાં લક્ષણો તથા સિદ્ધાંતો વિષે ટુંકાણમાં માહિતી એકત્ર કરી આપવી એ આ પુસ્તકનો ઉદ્દેશ છે. આવા નાના પુસ્તકમાં દરેક ધર્મ વિષે પૂરેપૂરી વિગતો તો અલબત્ત આવી શકે જ નહિ; તથાપિ હિંદુસ્તાન, બાબીલન, મીસર, ચીન, ગ્રીસ, રોમ, ઇરાન વગેરે દેશોના ધર્મનાં મુખ્ય મુખ્ય તત્ત્વોનો પરિચય આ પુસ્તકમાં વાચકને કરાવવામાં આવેલો છે. આ પુસ્તકના વાચનથી વાચક આ સૈ દેશોના ધર્મોનો વધારે ઉંડો તુલનાત્મક અભ્યાસ કરવાને પ્રેરાશે તો હું મારી મહેનત સફળ થએલી સમજીશ.

પેટલાદ. રા. કો. દેસાઈ.

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

# અનુક્રમણિકા.


| પ્રકરણ. | વિષય. | પાનું. |
|---|---|---|
| | ઉપોદ્ઘાત .... .... .... .... | ૧ |
| પહેલું. | ધર્મની ઉત્પત્તિ .... .... .... .... | ૭ |
| બીજું. | સૃષ્ટિના પ્રારંભમાં મનુષ્યની માનસિક સ્થિતિ. | ૧૧ |
| ત્રીજું. | પ્રકૃતિપૂજા .... .... .... .... | ૧૪ |
| ચોથું. | પશુપૂજા, પ્રેતપૂજા વગેરે .... .... .... | ૧૯ |
| પાંચમું. | આત્મા અને પુનર્જન્મ .... .... ... | ૨૩ |
| છઠું. | બાબીલનનો ધર્મ ... .... .... | ૨૬ |
| સાતમું. | મિસર દેશનો ધર્મ .... .... ... | ૩૩ |
| આઠમું. | ચીનનો ધર્મ .... .... .... .... | ૪૦ |
| નવમું. | હિંદુ ધર્મ ... ... .... .... | ૪૮ |
| દશમું. | ગ્રીસનો ધર્મ ... .... .... ... | ૫૬ |
| અગીઆરમું. | રોમનો ધર્મ .... ... .... ... | ૬૨ |
| બારમું. | સ્કૅન્ડી નેવીઆનો ધર્મ .... .... .... | ૬૮ |
| તેરમું. | ઇરાનનો પારસી ધર્મ .... .... .... | ૭૧ |
| ચૌદમું. | બુદ્ધ ધર્મ .... ... .... .... | ૭૭ |
| પંદરમું. | ઇસ્લામ ધર્મ ... ... ... .... | ૮૫ |


P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

શ્રી

# વિવિધ ધર્મોનું રેખાદર્શન.

## ઉપોદ્‌ઘાત.

અધ્યાત્મવિદ્યા સઘળી વિદ્યાઓની વિદ્યા છે. માનસશાસ્ત્ર, તત્ત્વજ્ઞાન અને ઇતિહાસનો તેમાં સમાવેશ થઇ જાય છે. તે માનસ-શાસ્ત્ર છે; કારણ કે તે બાહ્ય ધાર્મિક ક્રિયાઓથી આગળ જાય છે, મનુષ્યનાં અંતર્‌-હૃદયદેશ-માં તે પ્રવેશ કરે છે અને તેનું પૃથક્‌કરણ કરે છે. મનુષ્યમાં એવી કયી વૃત્તિ રહેલી છે કે જે એને ધાર્મિક થવાને પ્રેરે છે; તે વૃત્તિ પ્રથમ કેવી રીતે અસ્તિત્વમાં આવી કેવી રીતે વિકાસને પામી, અથવા તેણે અધમ વહેમનું સ્વરૂપ કેવી રીતે ધારણ કર્યું, વગેરે બાબતોનો તે વિચાર કરે છે. તે તત્ત્વજ્ઞાન છે; કારણ કે તે માનવજાતિની જુદી જુદી ભાવનાઓને એક સરખી કરી મુકે છે. તે ઈતિહાસ છે; કારણ કે તે કોઇપણ ધર્મની ઉત્પત્તિ, ઉદય, પરધર્મો ઉપર થએલી અસર, અને વિનાશનું વર્ણન આપે છે. વળી તે અનેક બાબતોને પ્રકાશમાં લાવે છે. મુસાફરો, પુરોહિતો, મનુષ્યોત્પત્તિ વિષેના શોધકોનાં અવલોકનો, વિવિધ ધર્મનાં પુસ્તકોમાં મળી આવતાં વચનો અને પુરાણવસ્તુશાસ્ત્ર, મનુષ્યવિદ્યા, શબ્દવ્યુત્પત્તિશાસ્ત્ર અને લોકકથામાંથી ઉદ્‌ભવતી સૂચનાઓને ક્રમમાં ગોઠવે છે.

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

અધ્યાત્મવિદ્યાનો આવો બહોળો અર્થ માત્ર પાછલાં થોડાંક વર્ષથી જ કરવામાં આવેલો છે; પણ આ સ્થળે એટલું તો કહેવું જ જોઇએ કે, બીજી ઘણી વિદ્યાઓની માફક, અધ્યાત્મવિદ્યા પણ ઘણાં વર્ષથી અસ્તિત્વ ધરાવે છે. તેના સિદ્ધાંતો ખગોળવિદ્યા, કે રસાયણશાસ્ત્રના સિદ્ધાંતો કરતાં વધારે શાસ્ત્રીય છે. યુરોપમાં મધ્યકાળમાં **હીરોડોટસ** થયો તેણે જુદા જુદા ધર્મોનું અવલોકન કર્યું. તેની પોતાની કેટલીક બાબતોને માટે યુરોપની અધ્યાત્મવિદ્યા તેને ઘણી આભારી છે. પછીથી જ્યારે **ગ્રીસની** અને **રોમની** પ્રજાઓ પોતાના પ્રાચીન ધર્મોથી કંટાળી જઇને નવીન ધર્મોનો સ્વીકાર કરવા લાગી ત્યારે **પ્લુટાર્ક** નામના પ્રસિદ્ધ લેખકે કેટલાક નવીન ધર્મોનું પ્રતિપાદન કરવા માંડયું, અને તેની પછી બીજાઓએ પણ તે કામ હાથમાં ધર્યું હતું! **ગ્રીસમાં** તત્ત્વચિંતક **પ્લેટો** અને **રોમમાં** પ્રસિદ્ધવક્તા **સિસેરોએ** અધ્યાત્મવિદ્યાના અનેક પ્રશ્નો હાથમાં ધર્યા હતા, અને તત્ત્વજ્ઞાન અને માનસશાસ્ત્રની દૃષ્ટિથી તેમને તપાસી જોવાને અનેક પ્રયાસો કર્યા હતા. પણ તેમના ગેરલાભની વાત એટલી જ હતી કે, તેમને ઘણા સંકુચિત ક્ષેત્રમાં કામ કરવાનું હતું. સઘળા ધર્મોમાં ખ્રિસ્તીધર્મને શ્રેષ્ઠ ગણનાર તે ધર્મના અનુયાયીઓ આવા પ્રકારની શોધ કે તુલનાત્મક સત્ય બોલવાના યત્નમાં પડ્યા ન હતા. તો પણ **સેંટ ઓગસ્ટાઇન** જેવા પરધર્મોના વિરોધીઓએ પણ તેમની ક્રિયાઓ અને ભાવનાઓની સામે ટીકા કરવામાં પરધર્મોની વિગતવાર હકીકત દર્શાવી છે અને કેટલીક નજીવી બાબતોને કાઢી નાખવાને આધુનિક શોધકોને માટે પૂરતું સાધન કરી આપેલું છે. યુરોપમાં ચાલતાં ધર્મયુદ્ધો

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

વડે કરીને જગતના સઘળા ધર્મો તરફ લોકોનું ધ્યાન દોરાયું, અને પ્રવાસ અને વ્યાપારની વૃદ્ધિને લીધે અન્ય ધર્મો પણ શોધખોળને લાયક છે એમ સર્વને સમજાયું. હિંદમાં **અકબર** બાદશાહે પણ પરધર્મો વિષે શોધ કરવાની અને તેમને સમજવાની ઇચ્છા જણાવી હતી.

વિજ્ઞાનશાસ્ત્રના ઉદયની સાથે અધ્યાત્મવિદ્યા વૃદ્ધિને પામતી ગઈ. યુરોપમાં હૉબ્ઝ નામના પુરૂષે આ વિષયમાં અનેક સૂચનાઓ કરી અને તેણે દર્શાવ્યું કે, મનુષ્યની નજીવી ધાર્મિક ભાવનાઓ પણ ધર્મોની ઉત્પત્તિ વિષે કંઇક માહિતી આપે છે. રાલ્ફ કુડવર્થ નામના વિચારકે જણાવ્યું કે, રોમ અને ગ્રીસમાં અનેક દેવતાઓની ભાવના એકેશ્વરવાદમાંથી જ ઉતરી આવેલી છે. ત્યાર પછી ડેવીડ હ્યુમ નામના તત્ત્વવેત્તાએ આ વિષયમાં પોતાનો મત જાહેર કર્યો તે આ સિદ્ધાંતથી વિરૂદ્ધ હતો. હ્યુમે જણાવ્યું કે, મનુષ્યોમાં અનેક દેવતાઓની ભાવના પ્રથમ ઉત્પન્ન થાય છે, અને પછીથી તે એકેશ્વર વાદના સ્વરૂપમાં બદલાઇ જાય છે; પ્રથમ મનુષ્ય જંગલી અવસ્થામાં હોય છે અને પછીથી તે સુધરે છે; મનુષ્યનું હૃદય પ્રકૃતિનાં સાધારણ કરતાં અસાધારણ કાર્યોથી વધારે આકર્ષાય છે. આવાં અસાધારણ કાર્યો પોતાની શક્તિની બહાર છે, એમ તે માને છે; આથી કરીને તેમને તે પોતાનાથી અધિક ગણે છે, તે મનુષ્ય ગુણોનું તેમાં આરોપણ કરેછે અને તેમને પૂજે છે. હેગલે ધર્મનું રહસ્ય સર્વને સમજાવ્યું અને ધર્મોનો અભ્યાસ કરવાની રીત દર્શાવી. કૅાંટે પણ આ બાબતમાં ઘણું કર્યું. યુરોપની અધ્યાત્મવિદ્યા ઘણે ભાગે આ બે પુરૂષોને પણ આભારી છે.

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

સર્વત્ર ધર્મની સાથે દંતકથાઓ ભળી ગએલી જોવામાં આવે છે. આથી કરીને આધુનિક સમયમાં ઘણા વિદ્વાનો એવો પ્રશ્ન ઉઠાવી રહેલા છે કે, આવી હાસ્યજનક, વિચિત્ર, અને વખતે બિભત્સ દંતકથાઓ ધર્મમાં શી રીતે પેશી ગઈ હશે ? સંસ્કૃત સાહિત્યના અભ્યાસીઓ આ પ્રશ્નનો જવાબ શબ્દવ્યુત્પત્તિશાસ્ત્રને આધારે આપવા લાગ્યા છે. કેટલાકનું ધારવું એમ છે કે, આ ધાર્મિક દંતકથાઓ ભાષાના શબ્દોનો કાંઇક જુદો જ અર્થ કરવાથી અસ્તિત્વમાં આવેલી છે; તથાપિ તેઓનું માનવું સપ્રમાણ ગણાતું નથી. પણ આવા મનુષ્યોની મેહેનતને લીધે આર્યપ્રજાઓના સઘળા ધર્મોનું તાત્પર્ય સર્વને સમજાવા લાગ્યું છે. પ્રથમ મૅક્સમુલ્લરે શબ્દવ્યુત્પત્તિશાસ્ત્રને આધારે સઘળા ધર્મોનું સંશોધન કરવાની પદ્ધતિ ઇંગ્લાંડમાં દાખલ કરી. આ પદ્ધતિમાં સંસ્કૃત, ગ્રીક, લૅટિન, જર્મન વગેરે ભાષાઓની દંતકથાઓમાં વપરાએલાં નામોની તુલના હિંદુ આર્યોનાં વેદોમાં વપરાયલા નામો સાથે કરવામાં આવે છે. મેક્સમુલર કહે છે તેમ "આ પદ્ધતિના અનુયાયીઓ એમ બતાવવા માગે છે કે, ડેફ્નેએક ગ્રીક દેવતાનું નામ છે. તે નામ પ્રથમ પ્રભાતના સમયને માટે વપરાતું હતું ! ફ્રૉઇબૉસ પણ એક ગ્રીક દેવતાનું નામ છે અને તે નામ પ્રથમ સૂર્યને માટે વપરાતું હતું ! અને જેમ જેમ સૂર્યનો ઉદય થતો જાય છે તેમ તેમ પ્રભાત નષ્ટ થતું જાય છે !" પછીથી લોકો ડેફ્ને અને ફ્રૉઇબૉસ પ્રભાત અને સૂર્યનાં નામ છે એ વાતને તદ્દન ભુલી જ ગયા અને તે દેવતાનાં નામ તરીકે કાયમ જ રહ્યાં, અને ફ્રૉઈબૉસ ડેફ્નેની પાછળ જાય છે એવી દંતકથા ચાલી રહી. આ પ્રમાણે ભાષાના શબ્દોના

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

જુદા જ અર્થ કરી લેવામાં આવે છે અને જુઠી દંત કથાઓ ઉભી થઇ રહે છે. વળી આ સઘળા શબ્દનું મૂળ સંસ્કૃત ભાષામાં શોધવામાં આવે છે, અને આ શોધવડે કરીને **આર્યધર્મમાં** સઘળા ધર્મનું મૂળ છે એમ કેટલેક અંશે દર્શાવાય છે. **મૅક્સમુલર** એમ ધારે છે કે, આ સઘળી દંતકથાઓમાં ઉષ:કાળનું જ વર્ણન આપવામાં આવેલું છે. હિંદમાં પ્રાચીન ઋષિઓ પણ ઉષ:કાળના અસાધારણ દેખાવોથી ચકિત થઈ રહ્યા હતા. ઉષ:કાળ પછી સૂર્યોદય, અને સૂર્યોદયના અલૌકિક પ્રકાશમાં તે અંનત વિશ્વને જોવા લાગ્યા, અંનત બ્રહ્માંડનો ખ્યાલ તે ઉપરથી બાંધવા લાગ્યા. આવી રીતે ઋષિઓને સર્વત્ર અનંતતાનો ભાસ થવા લાગ્યો, અને તેમની ધાર્મિક વૃત્તિઓ ઉદય પામવા લાગી. મૂળ કથા આવી હતી, પણ હવે તેનું સ્વરૂપ બદલાઇને તેણે અસત્ય રૂપને ધારણ કરેલું છે. આવી રીતે અનેક દંતકથાઓ અસ્તિત્વમાં આવેલી છે.

વળી કેટલાક એમ ધારે છે કે, આ સઘળી ધાર્મિક દંતકથાઓ એક વખતે ખરા ઐતિહાસિક બનાવોના રૂપમાં પ્રચલિત હતી. તેમાં રહેલ સત્યોને રૂપકદ્વારા પ્રગટ કરવામાં આવતાં હતાં. આથી કરીને પરિણામ એ આવ્યું છે કે, કાળે કરીને ખરાં સત્યો વિસરી જવાયાં. રૂપકમાં પ્રગટ કરેલી વાર્તા માત્ર કાયમ રહી, અને આવી રીતે દંત કથાઓ અસ્તિત્વમાં આવેલી છે. **હર્બર્ટ સ્પેન્સર** અને બીજા કેટલાક વિચારકો એમ ધારે છે કે, દંતકથાઓમાં મળી આવતા દેવો મૂળ પુરૂષો છે અને દંતકથાઓ રૂપકોથી ભરેલો ઈતિહાસ છે. પણ આવી રીતે રૂપકોમાં જ સઘળો ઈતિહાસ આપવાની શી જરૂર પડી હતી તે કોઈ સમજાવી શકતું નથી. વળી કેટલાકનો

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

મત એવો છે કે, હાલની સુધરેલી યુરોપીય પ્રજાઓના ધર્મોમાં જે કંઇ વિચિત્ર માન્યતાઓ લાગે છે તે સઘળી તેમની જંગલી અવસ્થામાંથી ઉતરી આવેલી છે. આ વાતને સિદ્ધ કરવાને તેઓ પ્રવાસીઓ અને પાદરીઓએ લખેલાં પુસ્તકોમાંથી અનેક સાબીતીઓ આપે છે. આધુનિક સમયની જંગલી પ્રજાઓમાં પણ એ જ માન્યતાઓ દશ્યમાન થાય છે. **આફ્રિકા, અમેરિકા, આસ્ટ્રેલિયા, હિંદુસ્તાન** અને અન્ય દેશોમાં તેમનું એક સરખું જ સ્વરૂપ જોવામાં આવે છે. આ ઉપરથી એમ સૂચન થાય છે કે, હાલની જંગલી પ્રજાઓ જે સ્થિતિમાં છે તે જ સ્થિતિમાં સઘળી સુધરેલી પ્રજાઓ એક વાર હતી જ, અને જંગલી અવસ્થામાંથી પસાર થઇને સુધરેલી સ્થિતિમાં આવતાં તેમણે પોતાની મૂળ સ્થિતિની કેટલીક ભાવનાઓ કાયમ જ રાખેલી છે. વળી એમ પણ સૂચન થાય છે કે, તે જંગલી અવસ્થાના સમયમાં મનુષ્યોને વિજ્ઞાનશાસ્ત્ર કે વિશ્વનું પૂરતું જ્ઞાન ન હતું, અને તેથી કરીને તેમનામાં એવી વિચિત્ર ભાવનાઓ ઉત્પન્ન થઈ રહી હતી. મનુષ્યો પત્થર, નદી, સૂર્ય કે ચંદ્રમાં આત્માનું અસ્તિત્વ માનતા અને તેથી કરીને તે તેમની પૂજા કરતા. આવી પૂજા હજી પણ **મિસર ( મિશ્ર ) ગ્રીસ**, અને **હિંદમાં** કેટલેક અંશે જોવામાં આવે છે.

જેવી રીતે એક પ્રાણીવેત્તા જીવનનાં અધમમાં અધમથી તે ઉચ્ચમાં ઉચ્ચ સ્વરૂપોનો અભ્યાસ કરે છે તેવી જ રીતે અધ્યાત્મવિદ્યાએ મનુષ્યની સઘળી ધાર્મિક ભાવનાઓનું બારીક અધ્યયન કરવું જોઇએ. ધર્મની સાથે સંબંધ ધરાવનાર કોઇપણ જાતિ, ક્રિયા, કે ભાવનાનું વિસ્મરણ તેમાં થવું ન જોઈએ. કારણ કે સુધ-

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

રેલી પ્રજાઓની માન્યતાઓ અને ક્રિયાઓની સાથે આ ભાવનાઓ પણ ધર્મની ઉત્પત્તિ અને વિવિધ સ્વરૂપો સમજવામાં ઘણી જ સહાયભૂત થઇ રહેશે. અનેક જમાનાઓથી ચાલતા આવતા વહેમો અને ભૂલોની પણ શાસ્રીય તપાસ થવી જોઈએ; કારણ કે આખરે તેઓ પણ મનુષ્યને ઉચ્ચ સ્થિતિએ પહોંચાડનાર ભાવનાઓનાં અધમ સ્વરૂપો છે. જ્યાં સુધી આપણે ધર્મનાં અધમ સ્વરૂપોને બરાબર જાણીએ નહિ, ત્યાં સુધી તેનાં ઉચ્ચ સ્વરૂપોને સમજવાને આપણે શકિતવાન થઇએ નહિ. શાસ્ત્રીય રીતે શોધ કરનાર મનુષ્ય કોઈ પણ બાબતને જતી કરશે જ નહિ; કારણ કે કોઈ ભાવના ગમે તેવા વહેમથી ભરેલી હશે, તો પણ તેની ઉપર સંપૂર્ણ શ્રદ્ધા રાખનારને તે વહેમરૂપી અંધકારમાંથી બહાર કાઢીને સત્યરૂપી પ્રકાશમાં લઇ ગયા વગર રહેશે જ નહિ.

---

# પ્રકરણ પહેલું.

## ધર્મની ઉત્પત્તિ.

જગત્‌ના જુદા જુદા વિચારકોએ **ધર્મની** જુદી જુદી વ્યાખ્યાઓ આપેલી છે. **હ્યુક્રેશીઅસ** અને **સ્ટ્રૉસે ધર્મને** એક જાતના ભયનું રૂપ આપેલું છે. **નીતિ** એ જ **ધર્મ** છે એમ **કેન્ટે** માનેલું છે. **લાગણી સાથેની નીતિ** એ જ **ધર્મ**, એમ **મૅથ્યુ આર્નોલ્ડે** કહેલું છે. **મૅક્સમુલર** કહે છે તેમ, ધર્મ એ એક વિશ્વમાં વ્યાપી રહેલી અનંત શક્તિને જુદાં જુદાં સ્વરૂપમાં ઓળખવાની

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

માનસિક શક્તિ છે. રૈવિલ દર્શાવે છે કે, અખિલ વિશ્વ ઉપર સત્તા ચલાવનાર **પ્રભુ વિશ્વવ્યાપી મન**—ની સાથે આનંદથી એક પ્રકારના અનિવાર્ય સંબંધમાં જોડાવાનો માનવજીવનનો નિશ્ચય, એનું જ નામ **ધર્મ**. હિંદુઆર્યો કહે છે કે, नोदणालक्षणो धर्मः ।

પણ **ધર્મ**ની એક અમુક જ વ્યાખ્યા કરવી અશકય છે. સંપૂર્ણ વ્યાખ્યામાં અનેક બાબતોનો સમાવેશ થઇ જાય છે. તેમ મનુષ્યની આંતર લાગણીઓ અને ધર્મનાં જુદાં જુદાં બાહ્ય સ્વરૂપોના વિચારનો પણ સમાવેશ કરવો ઘટે છે. આથી કરીને ઘણાનું એમ જ માનવું છે કે, ધર્મની એક અમુક વ્યાખ્યા કરવાનો પ્રયાસ કરવો એ વ્યર્થ છે.

ધર્મની ઉત્પત્તિ શોધી કાઢવાને ઘણાં વર્ષથી પ્રયાસ થતો આવે છે. કેટલાક એમ માને છે કે, સૃષ્ટિની શરૂઆતમાં પ્રભુએ આવીને ધર્મનો ઉપદેશ કરેલો છે. કેટલાક એમ માનેછે કે, મનુષ્યમાં ઇશ્વરી પ્રેરણા જેવું કઇક રહેલું છે અને તેથી કરીને તેને ધર્મનું ભાન થએલું છે. બીજાઓ વળી ધર્મની ઉત્પત્તિ પ્રકૃતિપૂજામાંથી થએલી છે એમ માને છે. અન્ય વિચારકોની ધારણા એવી છે કે, મનુષ્યમાં પ્રથમ પ્રેતભાવના ઉત્પન્ન થઈ અને તેમાંથી પ્રેતપૂજા અને પ્રકૃતિપૂજા અસ્તિત્વમાં આવ્યાં અને તેમનામાંથી અનેકદેવો વિષેની ભાવના ઉત્પન્ન થઇ રહેલી છે. પણ પ્રેતભાવનામાંથી ધર્મભાવના કેવી રીતે ઉદય પામી એ શોધી કાઢવું ઘણું મુશ્કેલ છે. **મૅક્સમુલર** ધર્મની ઉત્પત્તિ વિષે લખે છે કે, મનુષ્ય કોઇ પર્વત, નદી કે ઉષઃકાળને નિહાળતો ઉભો હતો તેમાંથી તેને વિશ્વમાં કોઇ **અનંત**

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

શકિત વ્યાપી રહેલી છે એવું ભાન થયું, અને એ ભાનમાંથી તે શકિત તરફ તેને પૂજ્યભાવ ઉત્પન્ન થઇ આવ્યો.

આહાર, નિદ્રા, ભય, મૈથુન વગેરે મનુષ્ય તેમ જ અન્ય પ્રાણીઓમાં સામાન્યરીતે રહેલાં છે. જેના વડે કરીને મનુષ્ય અન્ય પ્રાણીઓથી જુદો પડી જાય છે તે તેની ધર્મબુદ્ધિ જ છે. મનુષ્ય એક બુદ્ધિશાળી પ્રાણી છે. તેનામાં વળી ધર્મભાવના રહેલી છે. સૃષ્ટિના આદિકાળથી જ મનુષ્ય વિચાર કરતો આવેલો છે, તથાપિ તેને તે પોતે શેને માટે વિચાર કરે છે એ વાતની ખબર ન હતી. તેવી જ રીતે આપણે એમ પણ માની શકીએ કે, પ્રથમથી જ મનુષ્યમાં ધર્મભાવના જાગૃત થઇ રહેલી છે; જો કે મનુષ્ય જાણતો નથી કે, ધર્મનું ખરૂં સ્વરૂપ શું છે. જેમ જેમ મનુષ્ય પોતાની આસપાસની સ્થિતિનું વધારેને વધારે જ્ઞાન સંપાદન કરતો જાય છે તેમ તેમ તેની ધર્મભાવના બહોળા વિકાસને પામતી જાય છે, અને પ્રભુની સમીપમાં તે વધારેને વધારે આવતો જાય છે. મનુષ્ય મૂળથી જ એક ધાર્મિક પ્રાણી છે, એ વાતને સિદ્ધ કરવાને એટલું જ કહેવું બસ થશે કે, જંગલીમાં જંગલી મનુષ્યોમાં પણ કોઇપણ જાતના ધાર્મિક વિચારોએ વાસ કરેલો જોવામાં આવે છે. આવા મનુષ્યોમાં પણ અમુક પ્રકારના ઉચ્ચ નૈતિક સિદ્ધાંતો આપણી દૃષ્ટિએ આવે છે. દરેક સ્થળમાં અને દરેક અવસ્થામાં મનુષ્યમાં કોઇપણ પ્રકારની ધાર્મિકતા જોવામાં આવે છે. જો એમ જ હોય તો પછી એ વાત પણ નક્કી જ છે કે, મનુષ્ય ભૂતકાળમાં ધર્મભાવનાને ધારણ કરી રહેલો હતો, વર્તમાનમાં તેને ધારણ કરી રહેલો છે, અને વખતે તેના

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

ધાર્મિક સંસ્કારો કોઇ કારણને લીધે દબાઈ ગએલા હશે તો કાળે કરીને તે કારણનો નાશ થવાથી ફરીથી પાછો તે પોતાના મૂળ ધાર્મિક સ્વરૂપને કોઇ કાળે પણ ધારણ કરી રહેશે.

પણ હજી એક પ્રશ્ન નિર્ણય થયા વગરનો રહી જાય છે, અને તે આ છેઃ—મનુષ્ય સ્વભાવથી જ ધાર્મિક છે, પણ તેના મનમાં પ્રથમ પ્રભુ વિષેની કેવી ભાવના ઉત્પન્ન થાય છે? એ વાત તો નક્કી છે કે, સૃષ્ટિના આદિકાળમાં મનુષ્યને પોતાની ધર્મભાવનાનો બરાબર સ્પષ્ટ ખ્યાલ ન હતો; પોતાના સ્વરૂપનું તેને સ્પષ્ટ ભાન ન હતું. તે માત્ર એટલું જ જાણતો હતો કે, તે પોતે એક જીવતું પ્રાણી છે; અને તેને માત્ર એટલું જ ભાન હતું કે, તેને માથે, તેના ઉપર સત્તા ચલાવનાર કોઇ એક અસાધારણ પુરૂષ ગમે તે કોઇ સ્થળ (સ્વર્ગ) માં રહેલો છે. નીચલા દરજ્જાનાં મનુષ્યો અને અણસુધરેલી પ્રજાઓની ધાર્મિક ભાવનાઓનો તપાસ કરવાથી આ વાતને ટેકો મળે છે; આ મનુષ્યો એમ માને છે કે, જગત્‌માં પરમેશ્વર રહેલો છે; તે અમર છે; અજ છે! આ સૃષ્ટિનો તે કર્તા છે. તેણે અમુક અમુક નીતિનિયમો સ્થાપિત કરેલા છે અને તે નિયમોનો ભંગ કરનારને તે શિક્ષા કરે છે. કેટલીક પ્રજાઓમાં એવી પણ માન્યતા ચાલી રહેલી છે કે, આવી અગાધ શક્તિવાળો પરમેશ્વર અગમ્ય છે; જગત્‌ના મનુષ્યો તેની પ્રાર્થના કરી તેની કૃપા મેળવી શકે તેમ નથી; મનુષ્યની બુદ્ધિથી તે પર છે; તે ઘણો પવિત્ર છે; મનુષ્યોનાં વ્યવહારિક કાર્યો તરફ તે લક્ષ આપતો નથી; તેમની હલકી વાસનાઓને સંતોષવાને તે દરકાર કરતો નથી; જગત્‌નાં કાર્યો સાધવાને

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

તેની પૂજા કરવી કે તેની કૃપા મેળવવી એ અશક્ય છે. આથી કરીને આ પ્રજાઓ પ્રેતાદિ અન્ય વ્યક્તિઓને દેવતાઓ તરીકે સ્વીકારે છે અને વ્યવહારનાં કાર્યો સાધવામાં તેમની મદદ મેળવવાને તેમની પૂજા કરે છે. આ પ્રમાણે આપણે, ઇશ્વરભાવનાનો ત્યાગ અને પ્રેતાદિની પૂજાનો સ્વીકાર ધીમે ધીમે કેવી રીતે કરવામાં આવેલો છે એ વાત જોઇ શકીએ છીએ. આવા પ્રકારની પ્રેતાદી પૂજામાંથી પ્રકૃતિપૂજા જન્મ પામેલી છે. પ્રકૃતિપૂજામાંથી અનેક દેવોની ભાવના ઉત્પન્ન થએલી છે: અને જ્યારે મનુષ્યમાં તત્ત્વજ્ઞાન અને ધાર્મિક વિચારોની સુધારણા ઉદય પામવા લાગ્યાં ત્યારે આ અનેક દેવોની ભાવનાને સ્થાને એકેશ્વરવાદની સ્થાપના થવા લાગી. કારણ કે, હજી પણ મનુષ્યના હૃદયમાંથી જગત્નો કોઇ એક **નિયામક–પ્રભુ** છે એવી ભાવના તદ્દન નાશ પામી ન હતી. આ પ્રમાણે છેવટે **એકેશ્વરવાદ** જગત્માં ધર્મનું ખરૂં સ્વરૂપ દર્શાવી રહેલો જોવામાં આવે છે.

---

# પ્રકરણ બીજું.

## સૃષ્ટિના પ્રારંભમાં મનુષ્યની માનસિક સ્થિતિ.

સૃષ્ટિના આદિકાળમાં મનુષ્ય પ્રેત, પ્રકૃતિ, પશુઓ અને અન્ય પદાર્થોની પૂજા કરતો હતો. આપણને આવી પૂજા હાસ્યજનક લાગે છે. પણ તે સમયમાં અણસુધરેલા મનુષ્યને તેવી લાગણી ન હતી. હાલના પણ કેટલાક અણસુધરેલા મનુષ્યો પ્રેતાદિને પૂજે

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

છે અને તે પૂજા તેમને હાસ્યજનક લાગતી નથી. આથી એમ સાબીત થાય છે કે, હાલનો અણસુધરેલો મનુષ્ય જે માનસિક સ્થિતિ ધરાવે છે તેવી જ માનસિક સ્થિતિ સૃષ્ટિના પ્રારંભમાં પણ મનુષ્ય ધરાવતો હતો. આ માનસિક સ્થિતિનો વિચાર કરવો આવશ્યક છે; કારણ કે ભૂત, પ્રેત, નદી, પર્વત, પાષાણાદિની પૂજા મનુષ્યોમાં શી રીતે પ્રવેશ કરી રહેલી છે તેનો ખ્યાલ આપણને તેનાથી આવશે.

પ્રાથમિક અવસ્થામાં મનુષ્યો એમ માનતા હતા કે, મનુષ્ય તેમ જ સર્વ પ્રાણી, પદાર્થ–વૃક્ષ, નદી, પાષાણ, સૂર્ય, ચંદ્ર, સર્વ–માં એક ચેતનશક્તિ રહેલી છે. આ શક્તિના પ્રભાવથી સર્વ પોતાનું અસ્તિત્વ ધરાવી રહેલાં છે. પણ મનુષ્યને એ શક્તિના સ્વરૂપનું સ્પષ્ટ અને સંપૂર્ણ જ્ઞાન ન હતું. આથી કરીને એવું બન્યું કે, મનુષ્યો સર્વમાં જીવન, ઈચ્છા, તર્ક વગેરેનું આરોપણ કરવા લાગ્યા. ચેતનશક્તિયુક્ત પશુ, વૃક્ષાદિને પોતાના જેવાં જ ગણવા લાગ્યા. આગળ જતાં વળી તેમને તે પોતાથી અધિક માનવા લાગ્યા. ઘણાં પશુઓ મનુષ્યો કરતાં અધિક બળ કે ગતિવાળાં હોય છે. વખતે તેમનામાં ચાતુર્ય પણ જોવામાં આવે છે. નદી કે સમુદ્ર મનુષ્યના પ્રદેશની સીમા બાંધી રહેલો હોય છે. મનુષ્યના પ્રયત્નોને તે વારંવાર નિષ્ફળ કરી મુકે છે. કોઈ મોટું વૃક્ષ તેને કચડી નાખે છે. આથી કરીને એવું બન્યું કે, સૃષ્ટિના પ્રારંભકાળમાં મનુષ્યો પોતાની આસપાસનાં સર્વ પ્રાણી પદાર્થોને પોતાનાથી અધિક શક્તિવાળાં માનવા લાગ્યા. તેમનામાં ઇચ્છા, ક્રોધ, વગેરેનું આરોપણ કરેલું હોવાથી હવે તેઓ તેમના ક્રોધથી ધ્રુજવા લાગ્યા.

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

પ્રકૃતિના અસાધારણ બનાવો-વિજળી, મેઘગર્જના, સમુદ્રનું તોફાન, જ્વાળામુખી પર્વત, ધરતીકંપ, વગેરેથી તે વધારે ડરવા લાગ્યા. આ સઘળાં જીવતાં પ્રાણીઓ છે અને મનુષ્યોના પ્રયત્નોને તે નિષ્ફળ કરે છે એમ તે હવે માનવા લાગ્યા. પશુઓ, પ્રાકૃતિક પદાર્થો અને શક્તિઓનું અધિક પ્રાબલ્ય જોઈને તે પોતાને નિર્બળ ગણવા લાગ્યા અને તેમનાથી મનમાં ભય ધરવા લાગ્યા. તેઓ જાણતા હતા કે, શત્રુઓની પ્રીતિ સંપાદન કરવાનો એક જ માર્ગ છે, અને તે એ કે, તેઓને કોઇ પણ રીતે ખુશી કરવા. આથી કરીને આ પ્રાકૃતિક શક્તિઓની કૃપા મેળવવાને તેઓ તેમની સ્તુતિ, પૂજા વગેરે કરવા લાગ્યા. અણસુધરેલી પ્રજાઓમાં હજી પણ આવી સ્તુતિ વગેરે જોવામાં આવે છે. હજી પણ તેઓમાં વૃક્ષ, પાષાણાદિની પૂજા દશ્યમાન થાય છે. આ પૂજા મનુષ્યની મૂળ ધર્મભાવનાનો કંઇક ખ્યાલ આપે છે.

માત્ર ભયથી જ મનુષ્ય પ્રકૃતિને પૂજી રહ્યો હતો એમ નથી. પોતાના અનુભવથી મનુષ્ય જાણે છે કે, અનેક પ્રાકૃતિક પદાર્થો તેને પોતાને જગત્માં સહાય આપી રહેલા છે. વૃક્ષ કે ખડક તોફાનમાં તેનું પોતાનું રક્ષણ કરે છે; નદી તેના પોતાના દુશ્મનોને ડુબાવે છે; પ્રકૃતિ અનેક રસ્તે મનુષ્ય ઉપર ઉપકાર કરી રહેલી છે. યુદ્ધમાં કે શિકારમાં મનુષ્ય ફતેહ મેળવે છે અને તેનું કારણ પ્રકૃતિએ દર્શાવેલું કોઈ અમુક શુભ ચિહ્ન છે, એમ તે માને છે! વળી પ્રકૃતિ પોતાની અનેક બક્ષિસો મનુષ્યને આપે છે. આથી કરીને સ્વાભાવિક રીતે જ મનુષ્ય આવા પ્રેમની લાગણી દર્શાવે છે. સૃષ્ટિના પ્રારંભમાં મનુષ્ય આવા પ્રેમથી પણ પ્રકૃતિ તરફ દોરાતો હતો,

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

ભય અને પ્રીતિ બંને પ્રકૃતિ તરફ તેના પૂજ્યભાવ ને જાગૃત કરતાં હતાં.

વળી તે સમયમાં મનુષ્યો એમ પણ માનતા હતા કે, પૃથ્વી, સમુદ્ર, નદી, સૂર્ય, ચંદ્ર, વગેરે દરેકમાં એક અભિમાની દેવતા રહેલો છે. આ દેવતાઓ દયાળુ હોય છે. કાળે કરીને આ જુદી જુદી વ્યક્તિગત દેવોની ભાવના નષ્ટ થઇ અને એક અમુક વર્ગનો એક અમુક દેવતા, એવી ભાવના ઉત્પન્ન થઈ. સઘળી નદીઓનો એક દેવતા, સઘળા સમુદ્રોનો એક જુદો દેવતા, એમ દરેક વર્ગના દેવતાનું અસ્તિત્વ તેઓ હવે માનવા લાગ્યા. આ જુદા જુદા અભિમાની દેવતાઓની ભાવનામાંથી મોટા દેવોની ભાવના ઉત્પન્ન થઇ રહી, અને આખરે તે પણ એક સર્વશક્તિમાન્ પ્રભુની ભાવનામાં પરિણમી રહી. સુધરેલી પ્રજાઓમાં હવે એ ભાવના જ મુખ્યત્વે કરીને જોવામાં આવે છે.

---

# પ્રકરણ ત્રીજું.

## પ્રકૃતિપૂજા.

પ્રકૃતિપૂજામાં પ્રકૃતિના લગભગ સઘળા પદાર્થો અને ભવ્ય દેખાવોની પૂજાનો સમાવેશ થઇ જાય છે. સર્વ સ્થળે તે એક જ સ્વરૂપમાં જોવામાં આવે છે. ભેદ માત્ર એટલો જ હોય છે કે, કલ્પનામય જીવનવાળી પ્રજાઓમાં તે કવિની કલ્પનાવાળી અને હૃદયસ્પર્શી સ્તુતિઓથી ભરપૂર હોય છે, અને અન્ય પ્રજાઓમાં તે

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

આવી સ્તુતિઓ રહિત હોય છે. પ્રકૃતિપૂજાનો ખરેખરો ખ્યાલ આપવાને તેનાં કેટલાંક અંગોનું વર્ણન આપવું આવશ્યક છે.

લગભગ સર્વ સ્થળે પૃથ્વી અન્નદાતા ગણાય છે. તે એક માતા તરીકે પૂજાય છે. ઉત્તર એશિયામાં હજી પણ તેનું અન્નદાતા તરીકે પૂજન થાય છે. ઉત્તર અમેરિકાની કેટલીક જાતિઓ જમીનમાં બલિદાન દાટીને તેની આરાધના કરે છે. કૃષિકાળના પ્રારંભમાં પૃથ્વીપૂજાની શરૂઆત થાય છે, અને તેના અંત સાથે પૂજાનો પણ અંત આવે છે. પૃથ્વીની આરાધનાથી અનાજ અને પશુઓની વૃદ્ધિ થાય છે અને મનુષ્યનું કલ્યાણ સધાય છે એવી માન્યતા ત્યાં ચાલી રહેલી છે.

પ્રકાશ, ઉષ્ણતા, અને અનાજ ઉગાડવાની શક્તિને લીધે સૂર્યને પૂજવામાં આવતો હતો. અમેરિકાના ઇન્ડિયનો તેને પરમેશ્વરના એક સ્થૂલ ચિહ્ન કે નિવાસસ્થાન તરીકે પૂજતા હતા. હિન્દુસ્તાનના મૂળ વતનીઓ તેને જગતનો સૃષ્ટા અને રક્ષક ગણતા. એશિયાની તાર્તાર જાતિ તેને હજી પણ એક મોટા દેવ તરીકે માને છે. સૂર્ય વિષેની આ મૂળ ભાવના કેટલાક ઉચ્ચ ધર્મોમાં પણ ઉતરી આવી હતી, અને તેમાં તે પ્રભુને એક પ્રકાશિત ચિહ્ન તરીકે લેખાતો હતો. વૈદિક સમયના હિંદુઓને મન તે સર્વ દેવોમાં અત્યંત તેજસ્વી દેવ હતો, અને આધુનિક સમયનો હિંદુ તેને પવિત્રતા અને પ્રકાશનો સર્વોત્તમ નમૂનો ધારે છે. ઇરાની ધર્મવડે કરીને સમસ્ત રોમન રાજ્ય ઉપર જે ભારે અસર ઉત્પન્ન થઇ રહી હતી તે આ સૂર્યપૂજાને લીધે જ હતી. તેઓ અજેય સૂર્યને પરમેશ્વરનું એક ચિહ્ન ધારી તેની આરાધના કરતા.

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

**મિસરદેશમાં** પણ તેમ જ થતું હતું. પ્રાચીન સમયમાં **પેરૂવિયનો** ( પેરૂનો અર્થ સંસ્કૃતમાં 'સૂર્ય' થાય છે. ) સૂર્યને એક જીવંત મનુષ્ય તરીકે ગણતા, **પેરૂમાં** સૂર્યપૂજા ઘણા મોટા પાયા ઉપર કરવામાં આવતી, સૂર્યને માટે સુંદર અને ભવ્ય દેવાલયો બંધાવવામાં આવતાં અને તેન માટે મોટા મોટા યજ્ઞો કરવામાં આવતા.

અગ્નિનું સ્વરૂપ ઉગ્ર અને ગુહ્ય છે. તેને ઉત્પન્ન કરવામાં પ્રાચીન મનુષ્યને અનેક મુશ્કેલીઓ વેઠવી પડતી હતી. તેને જાગૃત રાખવાને મનુષ્યને અનેક પ્રયાસ કરવા પડતા હતા. જ્યારે અગ્નિ પ્રજ્વલિત થાય છે ત્યારે તે જ્વાલા જાણે કે કૂદતી હોય, આસપાસ ફરી વળતી હોય અને મોટો અવાજ કરતી હોય એમ ભાસેછે. આથી કરીને પ્રાચીન સમયનો મનુષ્ય તેને એક જીવતું પ્રાણી ધારવા લાગ્યો. આવાં આવાં અનેક કારણોને લીધે અગ્નિની આરાધના અસ્તિત્વમાં આવી, અને તેના વિષે અનેક દંતકથાઓ ચાલી રહી. **અમેરિકામાં** કેટલીક જાતિઓ અગ્નિનો અભિમાની દેવતા છે એમ માનતી અને તે દેવતાની પૂજા કરતી. તેને માટે મોટો ઉત્સવ કરવામાં આવતો અને તેને બળિદાન અપાતાં. પ્રાચીન સમયમાં **હિંદુસ્તાનમાં** આર્યો તેને દેવોનો બલિવાહક ગણતા. તેને તેઓ સર્વ દેવોમાં એક મુખ્ય દેવ, મનુષ્યનો પાલક અને જીવનદાતા તરીકે માનતા. તે જ પ્રમાણે **ગ્રીક** અને **રોમન** લોકોમાં પણ તે એક ગૃહદેવ અને સામાજિક નિયમોનો પાલક ગણાતો. પ્રાચીન અને અર્વાચીન પારસીઓ અગ્નિના પૂજકો કહેવાય છે. તેઓ હાલમાં અગ્નિને પોતાના ઘરમાં સર્વદા સળગતો જ

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

રાખે છે અને તેમાં પવિત્રમાં પવિત્ર લાકડું-સુખડ-હોમે છે. અત્યંત ઉચ્ચ અને પવિત્ર વસ્તુના ચિહ્ન તરીકે તે લેખાય છે.

નદી, સરોવર કે સમુદ્રના રૂપમાં જળની પૂજા થાય છે. પ્રાચીન સમયમાં મનુષ્યો સમુદ્રની વિશાળતા, શક્તિ અને અસ્ખલિત ગતિને લીધે તેને એક જીવતા મનુષ્ય તરીકે ધારતા અને તેને બળિદાન અર્પણ કરતા. સમય જતાં, સમુદ્રથી જુદો કોઇ અભિમાની દેવતા તેમાં રહેલો છે અને તે જ પૂજ્ય છે એવી ભાવના તેઓમાં ચાલી રહી હતી. આગળ જતાં આ ભેદ ભૂલી જવામાં આવ્યો હતો. પશ્ચિમ આફ્રિકાના સીદીઓમાં સમુદ્રપૂજા હજી પ્રચલિત છે; પૂજા કરનારા પુરોહિતો રાખવામાં આવેલા છે; તેઓ સમુદ્રને કિનારે જાય છે, કોરીઓ, અનાજ અને તેલનું બળિદાન તેને તેઓ આપે છે, અને તેનો ગુસ્સો શમાવવાને અને વેપાર ઉદ્યોગની આડે નહિ આવવાને તેને તેઓ પ્રાર્થના કરે છે.

મનુષ્યજીવનને નદીની ઉપમા અપાય છે. નદીનો અસ્ખલિત પ્રવાહ ત્વરાથી સમુદ્ર તરફ વહ્યો જાય છે. આથી કરીને પ્રાચીન મનુષ્યો તેને સજીવ મનુષ્ય તરીકે ગણતા. તર્ષ્યાની તૃષા મટાડનાર અને ક્ષેત્રમાં જળનું સિંચન કરનાર નદી કલ્યાણકારક દેવતા તરીકે મનાતી. અમેરિકાની કેટલીક જાતિઓમાં દરેક પાણીનો ધોધ કોઈપણ દેવતાનું નિવાસસ્થાન છે એમ ગણાતું અને તેને વિષે અનેક દંતકથાઓ પ્રચલિત થઇ રહેતી. સતત વહેતા ઝરાઓ અને કૂવાઓ કોઇપણ દયાળુ દેવતાનાં રહેઠાણો છે એમ પ્રથમ મનાતું હતું અને હજી પણ તે માન્યતાનો ભાસ ખ્રિસ્તિ લોકો કૂવાઓનું પૂજન કરે છે તેમાં કંઈક અંશે જણાઈ આવે છે.



P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

**એશિયામાં** આવેલી કેટલીક જાતિઓ, નદી, ઝરા, અને સરોવરોની આરાધના કરતી દૃશ્યમાન થાય છે. **આફ્રિકામાં** દરેક નદીનો અભિમાની દેવતા માનવામાં આવે છે. હિંદુઓમાં એવી માન્યતા પ્રચલિત છે કે, પવિત્ર જળમાં સ્નાન કરવાથી પાપ નષ્ટ થાય છે. ઐહિક અને પારમાર્થિક સુખને માટે હિંદુઓ જળદેવની પ્રાર્થના કરે છે. આ બાબતમાં હિંદુઓની ભાવના સર્વોત્તમ છે.

મોટા મોટા પર્વતોએ પ્રચીન મનુષ્યના મન ઉપર કેવી અસર ઉપજાવી હતી તે વિષે **મૅક્સમૂલરે** ઘણું લખેલું છે. પર્વત જેવું એક વિશાળ મંદિર નિહાળીને પ્રાચીન મનુષ્યનું હૃદય ભેદાઈ જતું. આથી કરીને પ્રાચીન મનુષ્યોમાં પર્વતની પૂજાનું અસ્તિત્વ જોવામાં આવે છે. **ૠગ્વેદમાં** ઘણી વાર પર્વતની સ્તુતિ કરેલી જોવામાં આવે છે. "પર્વતો અમારા હૃદયનું રક્ષણ કરો," "સ્થિર પર્વતો અમારા તરફ દયાળુ થાઓ;" "પાપથી અમને દૂર રાખવાને અમે પર્વતોને પ્રાર્થના કરીએ છીએ;" આવાં વાકયો આર્યોએ કરેલી સ્તુતિઓમાંથી મળી આવે છે. વળી પર્વતો દેવતાઓનાં નિવાસસ્થાન છે એમ માનવામાં આવેલું છે. **ગ્રીસમાં ઓલીમ્પસ,** અને **હિંદુસ્તાનમાં હિમાચળ** કે **કૈલાસ પર્વત** આવાં દેવતાઓનાં નિવાસસ્થાન ગણાએલાં છે.

વળી વૃક્ષોની પૂજા પણ કરવામાં આવતી હતી. દરેક વૃક્ષ કે, વૃક્ષોની ઘટામાં કોઈ દેવતાનો વાસ છે એમ ધારવામાં આવતું હતું. રસ્તે જતા મુસાફરોની દૃષ્ટિએ અનેક વૃક્ષો એવાં આવેલાં છે કે, જેના ઉપર અનેક બળિદાન લટકી રહેલાં હોય અને જેની એક દેવ તરીકે પૂજા પણ થએલી હોય. **ઍકેડિયામાં** એક મોટું

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

વૃક્ષ આવેલું છે. ત્યાંના વતનીઓ તેને કોઇ દેવતાનું સ્થાન ગણતા અને તેની પૂજા કરતા. હિંદુસ્તાનમાં પણ પીપળ, વડ, આસોપાલવ, શમી, આંકડો વગેરે કેટલાંક વૃક્ષો પવિત્ર ગણાય છે અને તેની પૂજા થાય છે. બુદ્ધ સંપ્રદાયમાં પણ કેટલાંક વૃક્ષો પવિત્ર ગણાએલાં છે. ખાસ કરીને જે વૃક્ષો આગળ આવીને બુદ્ધે સત્ય શોધવાના પ્રયાસો કર્યા હતા તે અધિક પૂજ્ય મનાય છે.

આવી જ રીતે ચંદ્ર, તારા, વાયુ, પાષાણ વગેરેની પૂજા પ્રાચીન સમયમાં કરવામાં આવતી હતી, અને તેનાં કેટલાંક ચિહ્નો અદ્યાપિ પર્યંત પણ કેટલીક અણસુધરેલી પ્રજાઓમાં જોવામાં આવે છે. આ બધાનું વિસ્તારપૂર્વક વર્ણન આપવું અશક્ય છે.

---

## પ્રકરણ ચોથું.

### પશુપૂજા, પ્રેતપૂજા વગેરે.

મિસર દેશના લોકો પશુઓને પૂજતા હતા તે જોઇને ગ્રીક લોકોને ઘણું જ આશ્ચર્ય લાગતું હતું પણ તેઓ ભુલી ગયા હતા કે, એકવાર તેમનામાં પણ તેવી પશુપૂજા પ્રચલિત હતી પોતાનામાં પશુપૂજા કોઇપણ કાળે પ્રચલિત નહિ હોય એવી કોઇ પણ મનુષ્યજાતિ હોવાનો સંભવ નથી. પ્રાચીન મનુષ્યો એમ માનતા હતા કે, મનુષ્યો તેમ જ પશુઓમાં એક જ પ્રકારની ચેતનશક્તિ

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

રહેલી છે. આથી કરીને માનવજીવન અને પશુજીવન વચ્ચે એક પ્રકારનો ગાઢ સંબંધ રહેલો છે એવી તેમની ધારણા થઇ રહી હતી. વળી પશુઓમાં અધિક બળ, ત્વરા, વગેરે જોવામાં આવે છે, તેથી કરીને પ્રાચીન મનુષ્યો તેમને પોતાનાથી અધિક પણ માનતા, તેમને પૂજ્ય ગણતા અને પોતાના કુળદેવ તરીકે પણ સ્વીકારતા.

આવી ભાવનાઓનું સર્વસામાન્ય અને જ્વલંત દૃષ્ટાંત નાગ પૂજા છે. નાગનું ચલનવલન, તેનો ભયંકર દેખાવ, ઝેરી ડંશ, દીર્ઘાયુ વગેરેથી પ્રાચીન મનુષ્યો તેને દેવતા તરીકે ગણવા લાગ્યા હતા. ઉત્તર અમેરિકામાં ઇન્ડિયનો અદ્યાપિ પર્યંત પણ નાગની પૂજા કરતા જણાય છે. હિંદુઓમાં પણ નાગની પૂજા નાગ-પંચમીને દિવસે થતી દૃષ્ટિએ આવે છે. માદાગાસ્કરમાં મગરનું પૂજન થાય છે. ઝુલુ લોકો એમ ધારે છે કે, જે સર્પ ડર્યા વગર કોઇ પણ ગૃહમાં પ્રવેશ કરે છે તે મનુષ્ય જ છે. ઘરમાં રહેનાર સર્પો કીડીઓ, ઉંદરો, વગેરે કુટુંબનાં મૃત મનુષ્યોનાં પ્રેતો છે. શ્મશા-નમાં રહેનાર પશુ પક્ષીઓ પણ મૃત મનુષ્યોએ ધારણ કરેલાં અન્ય શરીરો છે. કેટલેક સ્થળે પશુઓને કુળદેવો તરીકે સ્વીકારવામાં આવે છે. એક અમુક પશુના આખા વર્ગને પવિત્ર ગણી તેને પૂજવામાં આવે છે. અમુક એક વર્ગને દેવ તરીકે માનનાર મનુષ્યો પરસ્પર ગાઢ સંબંધથી જોડાય છે. આ કુળદેવ સૌનું રક્ષણ કરે છે. અને તેના અનુયાયીઓને સંકટ વખતે સહાય કરે છે. એક જ દેવના પૂજકો માંહોમાંહે લગ્ન કરતા નથી કુલદેવ તરીકે સ્વીકારેલા વર્ગના કોઇપણ પશુનું માંસ અભક્ષ્ય ગણાય છે. આવી રીતની પશુપૂજાનું મૂળ શોધી કાઢવું ઘણું મુશ્કેલ છે.

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

મનુષ્યનું પ્રતિબિમ્બ પાણીમાં પડે છે; તે ઉંઘે છે ત્યારે તેને અનેક સ્વપ્નાં આવે છે; તેનો જીવાત્મા સ્વપ્નાવસ્થામાં તેના શરીરને છોડીને અહીં તહીં વિચરે છે. આવા આવા બનાવોથી પ્રાચીન મનુષ્યો એમ ધારવા લાગ્યા કે, મનુષ્યના શરીરમાં પ્રેત રહેલું છે. મૃત મનુષ્યોનાં પ્રેતોને તેઓ અધિક શક્તિવાળાં અને અમર ગણવા લાગ્યા, અને તેથી કરીને તેમના તરફ તેમનો પૂજ્યભાવ વધવા લાગ્યો. એક વખત જ્યારે પ્રાચીન મનુષ્યને માલૂમ પડયું કે, મનુષ્યના મૃત્યુ પછી પણ તેનું પ્રેત અમર રહે છે ત્યારે તેના મનમાં બીજા અનેક વિચારો ઉત્પન્ન થવા લાગ્યા, અને તે વિચારોથી તેને પ્રેતપૂજા કરવાની ઇચ્છા થવા લાગી. આ વિચારોમાં ભયનો વિચાર મુખ્ય હતો. પ્રેતથી સઘળા મનુષ્યો ડરતા હતા. આ ડરને લીધે, તેમને ખુશી કરવાને તેઓ મથતા હતા. તેઓ તેને બળિદાન આપતા અને તેની પૂજા કરતા. પ્રેતમાં સારૂં અથવા ખોટું કરવાની શક્તિ છે એમ તે માનતા. હિંદુઓની માન્યતા પ્રમાણે મનુષ્ય મરણ પછીની પ્રેત અવસ્થા ભોગવે છે અને તેથી તેઓ તેને તેની સંસાર વાસનામાંથી મુક્ત કરવાને કેટલીક ધાર્મિક ક્રિયા કરે છે અને તેવી ધાર્મિક ક્રિયાઓ કરી મૃત મનુષ્યને તેની પ્રેતદશામાંથી મોક્ષ અપાવાતો નથી તો તે 'ભૂત' થાય છે અને પાછળ રહેલાં સગાં વહાલાંને કનડગત કર્યાં કરે છે. હિંદુસ્તાનના લોકો અમેરિકાના ઇન્ડિયનો અને યુરોપવાસીઓ હજી પણ અમુક ઘર, ગામમાં ભૂતનો વાસ છે એમ કરીને તેને ત્યજે છે. ગાએનાના વતનીઓ ભૂત પોતાને ઇજા કરે નહિ તે માટે તેને પૂજે છે. પ્રાચીન પ્રુશિયાવાસીઓમાં મીજબાની વખતે ભૂતને બોલાવવાનો રિવાજ હતો. અને મીજબાની પુરી થાય એટલે એક પાદરી

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

ઉભો થઇને કહેતો "પ્રિય જીવો, તમે ખાધું છે ને પીધું છે. હવે જાવ, હવે જાવ!" હિંદુઓમાં તથા પારસીઓમાં પણ શ્રાદ્ધાદિ પ્રસંગે પ્રેતાવાહન કરવામાં આવે છે. આ પ્રમાણે હિંદુઓમાં ધર્મની રૂએ તથા ઇતર કેટલીક પ્રજાઓમાં ભયને લીધે પ્રેતની પૂજા કરવામાં આવતી હતી અને આવે છે. કોઈપણ જાતિનો કે કુટુંબનો પાલક મરી જતો ત્યારે તેના પ્રેતને ઘણી જ પ્રીતિથી પૂજવામાં આવતું. આ પ્રમાણે પ્રીતિથી પણ પ્રેતપૂજા થતી હતી. આ પ્રેતભાવનામાંથી બે પ્રકારની ભાવનાઓ ઉત્પન્ન થએલી છે. જે પ્રેતોનું પૂજન ભયથી કરવામાં આવતું હતું તે સમય જતાં રાક્ષસો તરીકે ગણાવા લાગ્યાં, અને જેમનું પૂજન પ્રીતિથી કરવામાં આવતું હતું તે થોડોક કાળ વીત્યા બાદ દેવો તરીકે ગણાવા લાગ્યાં. હિંદુસ્તાનમાં પિતૃઓને પિતૃદેવ તરીકે ગણવાનો રિવાજ છે, તે આવી જ ભાવનામાંથી નીકળી આવ્યો હશે કે કેમ તે વિચારણીય છે. મનુષ્યોના પરસ્પર સંબંધ અને ધર્મો વિષે ભાવનાઓ જેમ જેમ વૃદ્ધિને પામતી ગઈ તેમ તેમ મૃત પુરૂષો તરફ પ્રીતિ અને પૂજ્યભાવ વધતો ગયો મનુષ્યો એમ માનવા લાગ્યા કે, મૃત્યુથી મનુષ્યોનો પરસ્પર સંબંધ નષ્ટ થતો નથી. પિતૃઓ અને પાલકો પોતાના મૃત્યુ પછી પણ પોતાનાં બાળકો તરફ તેની તે જ પ્રીતિ દર્શાવી શકે છે મૃત પુરૂષો પોતાના જીવતા સગાઓની સાથે પોતાનો સંબંધ જારી જ રાખી શકે છે. આ ભાવનામાંથી પિતૃપૂજા ઉત્પન્ન થએલી છે પિતૃપૂજા જીવત મનુષ્યોનો મૃત પુરૂષો તરફ પૂજ્ય ભાવ દર્શાવે છે. આવી પિતૃપૂજા ઑસ્ટ્રેલિયા, બોલિવિયા અને ચીન, જાપાન વગેરે દેશોમાં હજી પણ જોવામાં આવે છે.

---

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

# પ્રકરણ પાંચમું.

## આત્મા અને પુનર્જન્મ.

પ્રાચીન મનુષ્યોમાં ચાલતી પશુપૂજાએ આપણને દર્શાવ્યું છે કે, પ્રાચીન સમયમાં મનુષ્યો પોતાનામાં તેમ જ પશુ વગેરેમાં એક ચેતન શક્તિ વ્યાપી રહેલી છે એવું માનતા હતા; અને હિંદુઆર્યોએ તો હજુ સુધી એ ભાવનાનું પાલન કરી રાખેલું છે. આ માન્યતા તત્ત્વજ્ઞાનનો એક અમૂલ્ય સિદ્ધાંત દર્શાવે છે, અને તે આપણને સૂચવે છે કે, પ્રાચીન સમયમાં અણસુધરેલા મનુષ્યોમાં પણ આત્માનો કંઇક ખ્યાલ હતો. જે ચેતન શકિતથી મનુષ્યશરીર હાલે છે, ચાલે છે તે, નિદ્રા અને મૃત્યુના સમયમાં શરીરને ત્યજે છે. નિદ્રા પૂરી થાય છે ત્યારે તે શરીરમાં પાછી પ્રવેશ કરતી હોય તેમ લાગે છે. મૃત્યુ થાય છે ત્યારે તો તે શરીરનો સદાને માટે ત્યાગ કરે છે. વળી નિદ્રામાં તે શરીરને છોડીને અનેક સ્થળે જાય છે, અને સૃષ્ટિઓ રચે છે, અને અનેક કાર્યોમાં ભાગ લે છે. આ ઉપરથી મનુષ્યને એમ લાગે છે કે, તેનો પોતાનો અમુક ભાગ તેને છોડીને જાય છે, અને તે સઘળી ક્રિયાઓ કરે છે. પ્રાચીન મનુષ્યોમાં આ માન્યતા પ્રચલિત હતી અને તેણે તેમને આત્માનું અસ્તિત્વ સૂચવેલું છે.

સઘળી પ્રજાઓમાં પ્રાચીન સમયથી તે અત્યારસુધી ચાલતી આવતી મરણ ક્રિયાઓ, મનુષ્યના મૃત્યુ પછી તેના શબ સાથે

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

મુકાતી કે પાછળથી દાનમાં અપાતી તેની સઘળી વસ્તુઓ, મૃત શરીરને જીવતું કરવાને પ્રાચીન સમયમાં થઈ રહેલા અનેક પ્રયાસો –આ સઘળું સાબીત કરી આપે છે કે, પોતાનામાં કોઇ અનંત વસ્તુ રહેલી છે એવું ભાન પ્રાચીન પુરૂષને હતું જ. વળી સ્વપ્નાવસ્થામાં થએલા અનુભવોનું વર્ણન કરવા બેસીએ તો તેનો પણ પાર આવે તેમ નથી. પ્રાચીન મનુષ્યોનાં મુખમાંથી, " નિદ્રાવસ્થામાં મન શરીરને છોડીને જાય છે એવું સર્વત્ર નીકળી રહ્યું હતું. " અને પ્રાણ, આત્મા, આ શબ્દો એક જ અર્થમાં તેઓ વાપરી રહ્યા હતા.

પણ આત્માનું યથાર્થ સ્વરૂપ હજી તેમના સમજવામાં આવ્યું ન હતું. ગ્રીનલૅંડના વતનીઓ તેનો શરીર જેવો આકાર માનતા. મનુષ્યને ચાર આત્માઓ છે એવી પણ માન્યતા કેટલાકમાં ચાલી રહેલી હતી. ફીજી ટાપુના રહેવાશીઓ એમ માને છે કે, દેવતાઓ આત્માનો નાશ કરી શકે છે. અમેરિકાના રકતવર્ણના ઇંડિયનો તેને પ્રેત ગણીને મારવાને અને હાંકી મુકવાને તૈયાર થાય છે. પણ એટલું તો ખરૂં જ છે કે, લગભગ સઘળી પ્રજાઓ એમ માને છે કે, **આત્મા અમર છે.** સઘળાં મનુષ્યની એવી દૃઢ માન્યતા થઇ રહેલી છે કે, મૃત્યુ પછી મનુષ્યનો કોઇ અદૃશ્ય ભાગ તેનામાંથી નીકળી જાય છે અને તે અમર છે. પ્રથમ એમ ધારવામાં આવતું હતું કે, મૃત મનુષ્યનો આત્મા તેની કબર કે ઘર આગળ ભમ્યાં જ કરે છે. અદ્યાપિ પર્યંત પણ ઘણી જાતિઓનો ભાવી જન્મ વિષેનો ખ્યાલ આ ધારણામાં જ આવી રહેલો છે. બીજા કેટલાક એમ માને છે કે, મૃત્યુ પછી આત્મા સ્વર્ગ જેવા કોઈ સ્થાનમાં જઈને રહે છે.

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

સૅંડવિચ, માદાગાસ્કર અને **અમેરિકાની** કેટલીક જાતિઓ મૃત મનુષ્યોની જુદી દુનિયા હોવાનું માને છે. સુધરેલી અને અણસુધરેલી જાતિઓમાં આવી અનેક ભાવનાઓ પ્રવર્તી રહેલી છે. સુધરેલી પ્રજાઓ પણ શરીરથી અન્ય, આત્મા જેવી કોઈ વસ્તુ હોવાનું સ્વીકારે છે. આ સઘળું બતાવી આપે છે કે, જુદી જુદી માનસિક અવસ્થામાં રહેલાં મનુષ્યો સામાન્ય રીતે પુનર્જન્મનું અસ્તિત્વ સ્વીકારે છે.

પુનર્જન્મ એટલે શું ? આ જન્મમાં અધૂરૂં રહેલું જીવન અન્ય જન્મમાં પૂરૂં કરવું તે. આથી કરીને આ જન્મની ઉચ્ચ નીચ અવસ્થાઓ પુનર્જન્મમાં પણ તેની તે જ કાયમ રહેવાની, અને આ જન્મના ધનવાન્ અન્ય જન્મમાં ધનવાન્ જ થવાના, અને ગરીબ ગરીબ જ અવતરવાના એવી સર્વની ભાવના થઈ રહી. **અમેરિકાની** કેટલીક જાતિઓની માન્યતા આવી જ હતી. આગળ જતાં આ માન્યતામાં ફેરફાર થયો અને સર્વ મનુષ્યોને પોતપોતાના કર્માનુસાર સારૂં ખોટું ફળ મળે છે એવી ભાવનામાં તે પરિણમી. પણ પુનર્જન્મમાં મનુષ્ય મનુષ્ય તરીકે અવતાર લે છે કે, પશુ થઈને અવતરે છે એ વાતનો તેમના મનમાં નિશ્ચય ન હતો. ઘણાઓ તો એમ જ માનતા કે, અન્ય જન્મમાં મનુષ્ય પશુ તરીકે જ અવતરે છે.

હિંદુઓ અને બુદ્ધ ધર્માનુયાયીઓની પુનર્જન્મ વિષેની ભાવનાઓ સૌથી શ્રેષ્ઠ છે. તેઓ માને છે કે, આ જન્મમાં કરેલાં કર્મો પ્રમાણે જ મનુષ્ય અન્ય જન્મમાં મનુષ્ય કે, પશુ યોનિમાં જન્મ ધારણ કરે છે. શુભ કૃત્યો કરનાર મનુષ્ય અન્ય જન્મમાં

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

સુખને પ્રાપ્ત કરી રહે છે અને તેનો જન્મ મનુષ્યકોટિમાં કોઇ ઉંચા કુટુંબમાં થાય છે. કુકર્મ કરનાર મનુષ્ય અન્ય જન્મમાં નીચ યોનિને પ્રાપ્ત કરે છે અથવા તો તે પશુયોનિમાં જાય છે અને ત્યાં પોતાના ખોટાં કૃત્યોનું ખોટું ફળ ભોગવે છે. પવિત્ર, શુભાચરણવાળાં મનુષ્યો સ્વર્ગમાં આનંદ કરે છે, અને પાપીઓ નર્કમાં અનેક દુઃખ વેઠે છે. હિંદુઓની પુનર્જન્મ વિષેની ભાવનાઓ ઉંચા નીતિનિયમો ઉપર રચાએલી છે. મનુષ્યસ્વભાવનું ઉંડું જ્ઞાન તે દર્શાવે છે. કર્મની ગહનગતિનો ખ્યાલ તે આપણને આપે છે. મનુષ્યને શુભ કાર્યોમાં તે પ્રેરે છે; કારણ કે અમુક કાર્યનું અમુક ફળ છે તે સ્પષ્ટપણે તે બતાવે છે. આટલા બધા વિકાસને પામેલી પુનર્જન્મની ભાવના કોઇ પણ અન્ય પ્રજામાં જોવામાં આવતી નથી.

---

# પ્રકરણ છઠું.

## બાબીલનનો ધર્મ.

પ્રથમનાં પ્રકરણોમાં દર્શાવેલા અણસુધરેલી પ્રજાઓના ધાર્મિક વિચારો સાથે બાબીલનનો ધર્મ કેટલેક અંશે સંબંધ ધરાવે છે. કેટલાક દેવોવિષેની ભાવનાઓ પશુપૂજામાંથી ઉતરી આવેલી છે. કેટલીક પ્રકૃતિપૂજાના પરિણામરૂપે જ અસ્તિત્વ ધરાવી રહેલી છે. આ પ્રાચીન ધર્મનો ઘણોખરો ભાગ હજી પણ પ્રેતપૂજાને મળતો

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

આવે છે, કારણ કે, તેમાં સંખ્યાબંધ પ્રેતોની પૂજા કરવામાં આવે છે. તેમાં પૂજાતા દેવોની સંખ્યા પણ અગણિત છે **અશુર–બનીપાલ**-ના પુસ્તકાલયમાં એક શિલાલેખ સંગ્રહી રાખવામાં આવ્યો છે. તે શિલાલેખમાં છ વિભાગ પાડવામાં આવેલા છે. દરેક વિભાગમાં એકસોને પચીશ લીટીઓ છે. દરેક લીટીમાં જુદા જુદા દેવતાનું નામ આપેલું છે. આ ઉપરથી સમજાશે કે, **બાબીલનના ધર્મમાં** દેવોની સંખ્યા ઘણી છે. આમાંના કેટલાક દેવો સ્થાનિક જ છે, કેટલાક સર્વમાન્ય છે. સઘળા દેવોને ચઢતા ઉતરતા દરજ્જા પ્રમાણે ગોઠવવામાં આવ્યા છે. કેટલાક દેવો સર્વોપરિ ગણાય છે. આ સર્વોપરિ દેવોમાં છ દેવો મુખ્ય છે. આ છ દેવો **બાબીલન** ધર્મની બે ત્રિમૂર્તિઓ છે.

**ક્રાઇસ્ટ** પહેલાં પચીશસેં વર્ષ ઉપર **સુમેરૂ** નામના લોકો **બાબીલનમાં** વસતા હતા. ત્યાર બાદ **સેમેટિક** લોકો **બાબીલનમાં** રહેવા આવ્યા અને દેશને પોતાને કબજે કરી લીધો. **સેમિટિક** કુળના **બાબીલન**વાસીઓ **સુમેરૂ** કુળના લોકો ભેગા ભળી ગયા અને તેમની વચ્ચે કેટલાક વિચારોની આપ લે થઇ રહી. આથી કરીને **બાબીલોનિયનો**ના ધર્મ ઉપર ભારે અસર થઈ રહી. **સુમેરિયનો**એ તેમને શીખવ્યું કે, દરેક વસ્તુમાં તેનો અભિમાની દેવતા રહેલો છે; અને આ ભાવના પાછળથી પ્રેતપૂજામાં પરિણમી. આ પ્રેતોને પ્રથમ જાદુના મંત્રથી વશમાં રાખવામાં આવતાં હતાં. પ્રેતભાવનાની સાથે સાથે પ્રાકૃતિક પદાર્થોને ઉત્પન્ન કરનારા અને પ્રકૃતિને નિયમમાં રાખનારા દેવોનું પણ અસ્તિત્વ માનવામાં આવતું હતું. જાદુના

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

મંત્રથી પ્રેતોને વશમાં રાખવામાં આવતાં હતાં અને સ્તુતિઓવડે આ દેવોને આરાધવામાં આવતા હતા. આ દેવપૂજાની સાથે યજ્ઞો પણ ધીમે ધીમે અસ્તિત્વમાં આવવા લાગ્યા. **સુમેરિયન** દેવો **બાબીલોનિયન** દેવતાઓનું હવે સ્થાન લેવા લાગ્યા. તે દેવો પ્રકૃતિની શક્તિઓ અને તેના જુદા જુદા ભાગો સૂર્ય, ચંદ્ર, પૃથ્વી, જલ, વાયુ અને અગ્નિ—જ હતા. આ દરેક દેવને પોતાના પ્રતિબિમ્બ રૂપે એકેક સ્ત્રી છે એમ માનવામાં આવતું હતું. પ્રથમ આ સર્વ દેવોને ઉચ્ચ નીચ દરજ્જા પ્રમાણે ગોઠવવામાં આવ્યા ન હતા. દરેક નગર કે પરગણાના જુદા જુદા દેવો હતા. તેમાં એક દેવને મુખ્ય માનવામાં આવતો હતો. પણ અહીંઆં એટલું યાદ રાખવા જેવું છે કે, આ સઘળા પ્રાકૃતિક દેવોને એક જ સ્થળમાં સ્થાપિત કરી દેવામાં આવ્યા ન હતા. એક નગરમાં સૂર્ય, બીજામાં ચંદ્ર, ત્રીજામાં પૃથ્વી, એમ દરેક સ્થળમાં એકેક દેવની પૂજા કરવામાં આવતી હતી. જ્યારે સઘળાં નગરો અને પરગણાંઓને એક રાજ્યમાં બરાબર ગોઠવવામાં આવ્યાં ત્યારે આ દેવોના પણ દરજ્જા ઠરાવવામાં આવ્યા, અને આ પ્રમાણે અખિલ વિશ્વના જુદા જુદા ભાગો ઉપર સત્તા ચલાવનાર જુદા જુદા દેવોની સ્થાપના કરવામાં આવી. સ્વર્ગનો દેવ, પૃથ્વીનો દેવ, દેવોનો દેવ એમ જુદા જુદા દેવો માનવામાં આવ્યા અને તેઓના અધિકારમાં ન્યૂનાધિકતા રાખવામાં આવી. સૂર્યને સ્વર્ગ અને પૃથ્વીનો ન્યાયાધિશ માનવામાં આવ્યો, અને જ્યારે જ્યારે પૃથ્વી ઉપર અન્યાય થતો જોવામાં આવે ત્યારે ત્યારે એને અરજ કરવામાં આવતી હતી. વીજળી, વાયુ, દરિયાઇ તોફાન વગેરેના પણ દેવો માનવામાં આવ્યા હતા.

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

દેવો અને તેમના ભકતો વચ્ચે ઘણો જ ગાઢ સંબંધ માનવામાં આવતો હતો. પાપથી પશ્ચાત્તાપ કરતો કે શાપિત થએલો મનુષ્ય નમ્રપણે દેવોને અરજ કરતો. પુરોહિતો તેને દેવની સંનિધિમાં લઈ જતા અને ત્યાં યજ્ઞ કરતા. પેલો મનુષ્ય બહુ જ નમીને દેવને કાલાવાલા કરતો અને તેની કૃપા પામતો. આ વખતે થતી પ્રાર્થનાઓ કરૂણારસથી ભરપૂર છે અને શુદ્ધ ભક્તિથી નીકળતા શબ્દો તે દર્શાવે છે. સાથે સાથે યજ્ઞની ક્રિયા ચાલ્યાં જ કરતી હતી. આથી કરીને પ્રાયશ્ચિત્ત કરવામાં યજ્ઞ કેટલો બધો આવશ્યક થઇ રહયો હતો તે આપણુને સહુજ સમજાશે. બળિદાન આપતી વખતે પુરોહિત આ પ્રમાણે બોલતો:-"હું મારા હાથ ઉંચા કરૂં તે વખતે એ દેવ, તું અમારી પ્રાર્થના સાંભળજે; તેણે આપેલું બળિદાન સ્વીકારજે; તેની ભુજાઓમાં બળ આપજે; તારી કૃપાવડે તેનું દુઃખ નષ્ટ થઇ જાવ. તેનું પાપ ધોવાઇ જાવ!" કેટલીક વખત યજ્ઞ કર્યા છતાં પણ દુઃખનો નાશ થતો નહિ. આથી કરીને સૌ એમ માનતા કે, તેમની અરજ સાંભળવામાં આવી હશે નહિ. પછીથી બીજા અધિક સત્તાવાળા દેવની કૃપા મેળવવાને ફરીથી તેની તે જ ક્રિયા કરવામાં આવતી હતી. દરેક કુટુંબનો એકેક અધિષ્ઠાતા દેવ હતો. બાળક જન્મે તે વખતે તેના રક્ષક તરીકે અમુક અમુક દેવોને સ્વીકારવામાં આવતા, અને તે દેવો તેની જીંદગી પર્યંત તેના રક્ષક થઇ રહેતા. જ્યાં સુધી મનુષ્ય પોતાના રક્ષક દેવ તરફ ભક્તિભાવ રાખશે ત્યાં સુધી તે દેવ તેને વિવિધ પ્રકારનું સુખ આપશે, આવી માન્યતા બાબીલોનિયનોમાં ચાલી રહી હતી. દેવ પ્રત્યે અશ્રદ્ધાની લાગણી શિક્ષાને પાત્ર ગણાતી. જ્યારે પાછો મનુષ્ય ખરા અંતઃકરણથી પશ્ચાત્તાપ કરતો અને દેવને ભજતો ત્યારે તે શિક્ષામાંથી બચી જતો.

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

કોઇપણ ધાર્મિક ક્રિયા પુરોહિતની મદદ વગર કરવામાં આવતી નહિ! બાબીલોનિયામાં પુરોહિતો એક વ્યવસ્થિત મંડળ બની રહ્યા હતા. તેમના અધિકાર પ્રમાણે તેમને દરજ્જો આપવામાં આવ્યો હતો. આ સર્વ પુરોહિતોનો ઉપરી રાજા ગણાતો. દરેક મંદિરમાં એક પુરોહિત રાખવામાં આવતો, અને તે દેવને બળિદાન અર્પણ કરતો. મંદિરમાં બીજા મનુષ્યોની પણ નિમણુક કરવામાં આવતી, અને તેમને જુદાં જુદાં કાર્યો સોંપવામાં આવતાં. હિંદુસ્તાનમાં વૈષ્ણવ મંદિરોમાં જે વ્યવસ્થા જોવામાં આવે છે લગભગ તેવી જ વ્યવસ્થા આ મંદિરોમાં પણ ચાલી રહેલી હતી. મંદિરની ઉપજ ઘણે ભાગે રાજાએ બાંધી આપેલી નાણાંની રકમમાંથી આવતી. રાજાઓ જ ઘણાં મંદિરો બંધાવતા, અને તેમને દ્રવ્ય, આભૂષણ વગેરેની મદદ કરતા.

બાબીલનમાં પુરોહિતસત્તા ઘણી જામી ગઈ હતી. આનું કારણ લોકોના ધાર્મિક વિચાર ન હતા. બાબીલોનિયનો પ્રેતમાં માનતા અને તેમને પૂજતા, અને આ કાર્યમાં પુરોહિતનો તેમને ઘણો ખપ પડતો. તે લોકોની ધારણા એવી હતી કે, તેમની આસપાસ સર્વત્ર અહિતકર પ્રેતો વસી રહેલાં છે, અને તેઓ અનિષ્ટ કાર્ય કરનારને એકદમ શિક્ષા કરે છે. હિંદુઓમાં જેમ દેવો અને દાનવોની માન્યતા ચાલી રહેલી હતી તેવી જ રીતે બાબીલોનિયનો પણ આ પ્રેતો-દાનવો-ના અસ્તિત્વમાં માનતા અને તેમનાથી જુદા, તેમની સાથે વારંવાર યુદ્ધ કરનારા દેવોનું અસ્તિત્વ પણ સ્વીકારતા. આ દેવોને માથે બે મોટા દેવો-સ્વર્ગ અને પૃથ્વીના અધિષ્ઠાતા દેવતાઓ-હતા. દેવો હિતકર મનાતા અને દાનવો

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

અહિતકર લેખાતા. જ્યારે કોઇ દાનવ કોઇનું કંઇ અહિત કરે ત્યારે તેની વિરૂદ્ધ દેવોને ફરિયાદ-પ્રાર્થના-કરવામાં આવતી, અથવા મંત્ર જંત્રનો ઉપયોગ કરવામાં આવતો. ઘણી ધાર્મિક સ્તુતિઓ આવા મંત્રોથી જ ભરપૂર છે. બીજી ઉચ્ચ પ્રકારની ધાર્મિક સ્તુતિઓમાં પણ જંત્રનો ઉમેરો કરવામાં આવેલો છે અને તેથી કરીને તેઓનો પણ મંત્રજંત્રની અધમ ક્રિયાઓમાં જ ઉપયોગ થાય છે. પુનર્જન્મ અને વિશ્વની રચનાના સંબંધમાં બાબીલોનિયનોના વિચારો આ પ્રમાણે હતા:- 'પૃથ્વી એક ઘણો જાડો અને પોલો ગોળાર્ધ છે; તે એક ઘણા ઉંડા અને મોટા મહાસાગરના પાણી ઉપર તરી રહેલો છે; તેની આસપાસ અને નીચે મહાસાગરનું જળ વહી રહેલું છે; આકાશ એક બીજો ગોળાર્ધ છે; તે પૃથ્વી ઉપર કેટલેક અંતરે તેની આસપાસ આવી રહેલો છે અને તે પણ પેલા ઉંડા મહાસાગરને આધારે ટકી રહેલો છે. આ ગોળાર્ધની અંદરની બાજુએ સૂર્ય, ચંદ્ર અને તારાઓ પૂર્વથી તે પશ્ચિમ સુધી મુસાફરી કરી રહેલા છે. આકાશની ઉપર એક બીજો મહાસાગર આવેલો છે અને તેનાથી ઉપર ઘણે દૂર દેવોનું નિવાસસ્થાન-સ્વર્ગ-આવી રહેલું છે. પૃથ્વીના ગોળાર્ધની અંદર એક સ્થળે મૃત પુરૂષોના પ્રેતોનું સ્થાન આવેલું છે. મૃત્યુ પછી સઘળાં મનુષ્યોનાં પ્રેતો તે સ્થાનમાં જઇને વાસ કરે છે. આ સ્થાનનો એક અધિષ્ઠાતા દેવ માનવામાં આવેલો છે. જે જે મનુષ્યોએ પોતાની જીંદગીમાં ધર્મનું બરાબર પાલન કર્યું ન હોય તેમનાં પ્રેતોને અહીંઆં સખત શિક્ષા કરવામાં આવે છે, પણ એકંદરે સર્વેને માટે અહીંઆંનું જીવન દુ:ખદાયક અને આનંદહીન જ હોય છે.' મુઆ પછી તો નર્કમાં જવાનું જ છે

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

અને ત્યાં દુઃખ ભોગવવાનું જ છે એવા વિચારથી સઘળા બાબીલોનિયનો જીંદગીમાં જેટલો મોજશોખ મારી લેવાય તેટલો મારી લે છે. પુનર્જન્મની આવી ભાવના સર્વેને પસંદ પડી નહિ, તેમની બુદ્ધિ પણ આવી ભાવનાની સામે થવા લાગી. તેઓ હવે માનવા લાગ્યા કે, મહાસાગરથી થોડે દૂર એક બેટ આવેલો છે અને જે આ જગત્‌માં પરાક્રમ કરી રહેલા છે તે મૃત્યુ પછી ત્યાં જશે. તે બેટને તેઓ વીર પુરુષોના સ્વર્ગ તરીકે માનવા લાગ્યા; અથવા તો વીર પુરૂષો દેવોના સ્વર્ગમાં જાય છે એવી દૃઢ ભાવના તેમના મનમાં વ્યાપી રહી. મૃત મનુષ્યના શબની સાથે અનેક પ્રકારની વસ્તુઓ પણ દાટવામાં આવતી-અને તે તેને નર્કમાં કે સ્વર્ગમાં જતાં કામ લાગશે એમ મનાતું. મરણ વખતે અનેક ધાર્મિક ક્રિયાઓ કરવામાં આવતી અને તે મૃત મનુષ્ય તથા તેની પાછળનાં તેનાં સગાંઓને માટે કલ્યાણકારક છે એવી માન્યતા બાબીલોનિયનોમાં ચાલી રહી હતી. ધાર્મિક ક્રિયા થયા સિવાયનું પ્રેત પાછું આવે છે અને કુટુંબનાં માણસોને હેરાન કરે છે એમ પણ તેઓ માનતા હતા.

ધાર્મિક નિયમોનું ઉલ્લંઘન કર્યાથી મનુષ્યોને દેવોએ ઘણી શિક્ષા કરેલી છે એવું બાબીલનના ધર્મમાં વારંવાર જોવામાં આવે છે. નૈતિક વર્તનને માટે પણ તેમાં બોધ કરવામાં આવેલો જણાય છે. અનીતિવાન્ મનુષ્યને શિક્ષા થએલી નજરે આવે છે. કેટલાંક પાપકૃત્યો વિષે ભાર દઇને કહેવામાં આવેલું છે અને તે બાબીલોનિયનોની અગાધ નૈતિક દૃષ્ટિ બતાવી આપે છે. ચોરી, અપ્રમાણિકતા, ખૂન, વ્યભિચાર, અસત્ય, જુલમ, અન્યાય, મનુષ્યહરણ,

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

લોભ, અસ્વચ્છતા, વગેરેનો ઘોર પાપમાં સમાવેશ કરવામાં આવેલો છે. આમાંનું કોઇ પણ પાપ કરવાથી દેવો કોપાયમાન થાય છે અને મનુષ્યને માથે અનેક વિપત્તિઓ આવી પડે છે એવું આ ધર્મમાં દર્શાવવામાં આવેલું છે.

પૂર્વના ધર્મોની માફક બાબીલનના ધર્મમાં કોઈ પણ જાતનાં ગુહ્ય કે યોગવિષયક તત્ત્વો રહેલાં હોય એમ જોવામાં આવતું નથી. તેના સિદ્ધાંતો ઘણા વ્યવહારિક છે. દરેક દેવનો પ્રદેશ અને સત્તા મુકરર કરી રાખેલાં છે. તે ધર્મમાં મનુષ્ય કોઈ દિવસ દેવ બની શકતો નથી. દેવની આજ્ઞા પાળવાથી તેની કૃપા મેળવાય છે. તે ધર્મમાં મંત્ર–જંત્ર-વિદ્યાનો પ્રવેશ થએલો લાગે છે; તોપણ દેવો વિષેની ભાવના અને વ્યવહારિક નૈતિક નિયમો હજી પણ તેનાં તે જ કાયમ રહેલાં છે. કોઈ પણ જાતની ગુપ્ત વિદ્યામાં તે ધર્મ આશ્રય લેતો હોય એમ હજી પણ જણાતું નથી.

---

# પ્રકરણ સાતમું.

## મિસર દેશનો ધર્મ.

વારંવાર એમ કહેવામાં આવે છે કે, મિસર દેશના ધર્મમાં અસંબદ્ધતા અને અસમંજસપણું વધારે જોવામાં આવે છે; પણ એ વાત તો સ્વાભાવિક જ છે કે, જે ધર્મ આધુનિક સમય સુધી

૩

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

પણ પોતાનું મૂળ સ્વરૂપ સાચવી રહેલો છે અને જેમાં નવી નવી ભાવનાઓનો ઉમેરો થતો ગએલો છે તેમાં આવો વિરોધ જણાય એ કાંઇ નવાઈ જેવું નથી. જેમ જેમ આપણે તે ધર્મનું વધારે ને વધારે જ્ઞાન મેળવતા જઈશું તેમ તેમ આપણને સમજાશે કે, તે ધર્મના સિદ્ધાંતોમાં એકવાક્યતા રહેલી છે. ઘણા પ્રાચીન સમયમાં જે પવિત્ર ગણાતું હતું તે હજી પણ મિસર દેશમાં પવિત્ર જ ગણાય છે. આથી કરીને ત્યાંના લોકો જૂના વિચારના કહેવાય છે અને તેમનો ધર્મ પણ ઘણો જૂનો મનાય છે. ઘણા પ્રાચીન સમયમાં હેરોડોટસે મિસર દેશમાં ઘણા ઉચ્ચ ધાર્મિક વિચારોની સાથે કેટલેક સ્થળે પશુપૂજા પણ થતી જોઇ હતી અને તેથી કરીને તેણે એવો અભિપ્રાય બાંધ્યો હતો કે, પુરોહિતો અને અન્ય સુશિક્ષિત જનોમાં ઉચ્ચ ધાર્મિકતાએ વાસ કરેલો છે અને અણસુધરેલા વર્ગોમાં પશુપૂજા પ્રવર્તી રહેલી છે. મિસર દેશના ધર્મમાં પશુપૂજા ઘણો અગત્યનો ભાગ ધરાવે છે અને તે ઘણા જૂના સમયથી ચાલતી આવેલી છે. પણ તેની સાથે, જીવાત્માનું અમરત્વ, ઇશ્વરાવતારો, એકેશ્વરવાદ વગેરેની ભાવનાઓ પણ તે ધર્મમાં પ્રચલિત થઇ રહેલી આપણી નજરે આવે છે.

મિસર દેશના લોકો પ્રથમ ઘણા દેવોને પૂજતા. તે દેશ અનેક ભાગોમાં વેંહેંચાઇ ગયો હતો અને તે દરેક ભાગનો જુદો દેવ ગણાતો. દરેક ભાગમાં ધાર્મિક ભાવનાઓ સ્વતંત્રપણે વિકાસને પામતી હતી. કેટલાક દેવો મુખ્ય અને સર્વ સામાન્ય લેખાતા. સર્વ સ્થળે જેમ જોવામાં આવે છે તેમ આ દેવભાવના

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

પશુપૂજા અને પ્રકૃતિપૂજામાંથી જ ઉત્પન્ન થએલી છે એમ માનવાને આપણને અનેક કારણો મળી આવે છે.

મિસર દેશના સઘળા દેવોનું વર્ણન આપવું અશકય છે, તેથી કરીને ત્યાંના કેટલાક મુખ્ય દેવોનું વર્ણન અહીં આપવામાં આવે છે. **સેબ અને નટ**–પૃથ્વી અને સ્વર્ગના દેવો–સર્વ સામાન્ય માતાપિતા તરીકે લેખાય છે. **રા** (સં૦'र')–સૂર્યદેવ-જીવનનો પોષક દેવ ગણાય છે. તેના વિષે અનેક દંતકથાઓ ચાલી રહેલી છે. તે સ્વર્ગમાં ફરે છે અને દરરોજ અંધકારરૂપી રાક્ષસ ઉપર જય મેળવે છે. આથી કરીને સૂર્યપૂજા મિસર દેશમાં સર્વ સામાન્ય થઇ રહી હતી અને તે પૂર્વકાળથી ચાલી આવી હતી. કોઇ દેવ વિશ્વનો સ્રષ્ટા અને સર્વે દેવોનો પિતા મનાતો. કાળનો અધિષ્ઠાતા દેવ **ચંદ્ર** ગણાતો. લોકોમાં માનસિક વિકાસને ઉત્પન્ન કરનાર, ધાર્મિક પુસ્તકોને લખનાર અને મૃત મનુષ્યોને વાચા અર્પણ કરનાર આ ચંદ્રમા છે એમ સર્વની માન્યતા થઇ રહી હતી. આ સિવાય રાજાઓને યુદ્ધમાં ફતેહ આપનાર યુદ્ધનો અધિષ્ઠાતા દેવ, ધાન્યાદિને ઉત્પન્ન કરનાર પ્રાકૃતિક શક્તિઓનો અધિષ્ઠાતા દેવ, વગેરે અન્ય દેવોનું પણ અસ્તિત્વ સ્વીકારવામાં આવતું અને તેમની પૂજા કરવામાં આવતી. વળી કેટલીક દેવીઓની પણ પૂજા **મિસર દેશના** લોકોમાં થતી હતી; પણ સર્વ દેવોમાં એક દેવ–**એમન**–મુખ્ય ગણાતો. ગ્રીક લોકોએ તેને ઝ્યુસની બરાબર ગણ્યો હતો. **એમન** સર્વ દૃશ્ય પદાર્થોમાં સત્તારૂપે રહેલો છે, અને સૂર્ય તેનું દૃશ્યમાન શરીર છે, એમ **મિસર દેશના** લોકોની માન્યતા થઇ રહી હતી. આ ભાવનામાંથી **મિસર દેશમાં પ્રભુની** સર્વ

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

વ્યાપકતાનો ભવ્ય વિચાર ઉત્પન્ન થયો હતો. તે દેશમાં હજીપણ ગવાતાં સુંદર ભજનો આપણને **એમનનું** સર્વોપરિપણું અને સત્તાનો સારો ખ્યાલ આપે છે અને તે હજીપણ ત્યાં પૂજાય છે તે વિષે સાબીતી આપે છે.

પણ **ઓસીરીસ** નામનો દેવ મિસર દેશના લોકોમાં વધારે પૂજ્ય થઇ રહેલો છે. તેના વિષે દંતકથા ત્યાં કહેવામાં આવે છે. વિદ્યા અને સંસ્કૃતિનો દાતા તે ગણાય છે. તેનું જીવન આદર્શજીવન લેખાય છે. તેનું મૃત્યુ, માનવ જીવન નાશવંત છે એમ સર્વને શીખવે છે. મૃત્યુ પછી તે સજીવન થયો હતો અને તેથી કરીને તેનું જીવન સૌને અમરત્વની આશા આપે છે. પિતૃઓનો પણ તે દેવ ગણાય છે, અને સ્વર્ગનો તે રાજા છે; અને આથી કરીને સર્વે તેને ભજે છે.

વૈદિક સમયમાં જેમ હિંદુઓ માનતા હતા તેમ મિસરદેશમાં દરેક દેવ મુખ્ય ગણાતો હતો. દરેક સૃષ્ટિનો કર્તા લેખાતો હતો. આગળ જતાં આવી ભાવના એકેશ્વરવાદમાં પરિણમી હતી. જુદા જુદા દેવો એક જ દેવનાં સ્વરૂપ છે એવી માન્યતા થઈ રહી હતી. આથી કરીને બે ત્રણ દેવોનાં સંયુક્ત નામો, અથવા એક દેવનાં રૂપગુણ અન્ય દેવનાં વર્ણન તરીકે વપરાએલાં તે ધર્મમાં વારંવાર જોવામાં આવે છે. આખરે દરેક દેવ સૂર્યમાં મળી જતો હોય એમ તે ધર્મમાં નજરે પડે છે. આવી રીતે એક જ મુખ્ય દેવમાં સર્વ દેવોનો સમાવેશ કરી દેવાની રીત લગભગ સઘળા ધર્મોમાં જોવામાં આવે છે. પણ મિસર દેશના ધર્મમાં તે રીત ખાસ કરીને આપણું ધ્યાન ખેંચે છે. ત્યાંના પુરોહિતો અને તત્ત્વવેત્તાઓ-

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

એ સર્વવ્યાપક પરમેશ્વરની ભાવના એમાંથી ઉપજાવી કાઢેલી છે એમ સૌને માલૂમ પડી આવે છે.

વળી ત્યાં ત્રણ ત્રણ દેવોની ત્રિમૂર્તિ બનેલી છે એમ માનવામાં આવે છે. આ ત્રિમૂર્તિમાં એક દેવ, એક દેવી અને તેમનો પુત્ર એટલાંનો સમાવેશ કરવામાં આવે છે. દેવ મૃત્યુ પામે છે, અને તેનો પુત્ર તેનું સ્થાન લે છે; આથી કરીને પિતા અને પુત્રમાં એક સરખાં જ રૂપગુણ રહેલા છે એવી માન્યતા ત્યાં ચાલી રહેલી છે. વળી દરેક દેવ સ્વયંભૂ ગણાય છે, કારણ કે તે પુત્રમાં પોતાની જ પ્રતિમાને ઉત્પન્ન કરે છે. આ પ્રમાણે દેવો નાશવત લેખાય છે અને વળી તે અમર પણ ગણાય છે; કારણ કે પોતાના પુત્રમાં તેઓ હયાત જ છે. પુત્રની માતા–દેવી–એની એ જ કાયમ રહે છે અને પિતાના મૃત્યુ પછી તે પુત્રની પત્ની થઇ રહે છે. આવી વિચિત્ર કથાથી તે ધર્મમાં માત્ર દેવોના અમરત્વનો ખ્યાલ આપવાનો પ્રયાસ કરવામાં આવેલો છે એમ જણાઈ આવે છે. જેમ હિંદુ ધર્મમાં અનેક દંતકથાઓ પ્રચલિત થઇ રહેલી છે તેમ આ ધર્મમાં પણ અનેક કથાઓ દૃષ્ટિએ આવે છે; પણ તે સર્વેનો આશય માત્ર અમુક અમુક સિદ્ધાંતો પ્રતિપાદન કરવાનો જ છે.

મિસર દેશમાં પુરોહિતોનું એક વ્યવસ્થિત મંડળ બનાવવામાં આવ્યું હતું. જુદા જુદા પુરોહિતોને જુદી જુદી જગ્યાઓ સોંપવામાં આવી હતી. પુરોહિતો યજ્ઞની દેખરેખ રાખતા, પવિત્ર પુસ્તકોનો અભ્યાસ કરતા અને ધાર્મિક સિદ્ધાંતો સર્વને સમજાવતા. રાજ્યમાં જે મોટા અધિકારીઓ થવાના હોય તેમની કેળવણી તેમના હાથમાં સોંપવામાં આવતી હતી. તેઓ હંમેશાં મુકરર

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

કરેલી ધાર્મિક ક્રિયાઓ કરતા, વખતો વખત યજ્ઞ કરતા, અને અનેક ધાર્મિક મહોત્સવો પણ તેમને હાથે જ થતા. લગભગ સઘળી પ્રાચીન પ્રજાઓમાં મિસર દેશના વતનીઓ ધાર્મિક મહોત્સવોને માટે સૌથી વધારે શોખ ધરાવતા, અને તેમના મહોત્સવો ઘણા જ મોટા પાયા ઉપર ઉજવવામાં આવતા. આ મહોત્સવોની વિગતવાર હકીકત **હેરોડોટસે** આપણને પૂરી પાડેલી છે, અને તેમનાં ભવ્ય ચિત્રો મિસર દેશના અનેક મિનારાઓ ઉપર જોવામાં આવે છે.

મિસર દેશના લોકો સ્વર્ગ અને નર્કને માનતા હતા. સ્વર્ગને તે બાર ભાગ પાડતા, અને દરેક ભાગમાં દેવો, દાનવો અને મૃત મનુષ્યોના આત્માઓ રહેલા છે એમ તે માનતા. સૂર્ય સ્વર્ગમાં થઇને પસાર થતો અને મૃત મનુષ્યોના આત્માઓને ઉંચકી લેતો. તેમાંના કેટલાકને તે સ્વર્ગના પહેલા ભાગમાં મુકતો અને કેટલાકને બીજા ભાગમાં મુકતો અને કેટલાકને પોતાની સાથે જ લઇ જતો. સ્વર્ગમાં અમુક સ્થળ પ્રાપ્ત કરવું કે સૂર્યની સાથે રહેવાનો અધિકાર મેળવવો એ મનુષ્યના મંત્ર, જંત્રના જ્ઞાન ઉપર આધાર રાખતું હતું. જાદુના મંત્રોથી સ્વર્ગનાં દ્વાર ખુલ્લાં થઇ જાય છે એમ મિસર દેશના લોકો માનતા હતા. આ મંત્રોનું જેને જ્ઞાન ના હોય તે નર્કના અધિકારી ગણાતા હતા. મૃત્યુ પછી સઘળાં મનુષ્યોના આત્માઓ સ્વર્ગના રાજા **ઓસીરીસ** પાસે જાય છે, ત્યાં તેમનાં સારાં ખોટાં કૃત્યોનો વિચાર કરવામાં આવે છે, અને ત્યાં સર્વેને પોતાનાં કર્માનુસાર શુભ કે અશુભ ફળ ભોગવવું પડે છે, એવી પણ માન્યતા એક વખત મિસર દેશના લોકોમાં પ્રચલિત થઇ રહી હતી એમ તે દેશનો ઇતિહાસ આપણને જણાવે છે. દુષ્ટોને

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

શિક્ષા કરવામાં આવે છે, અને સદ્‌ગુણીને તેના સદ્‌ગુણના પ્રમાણમાં યોગ્ય સ્થાન આપવામાં આવે છે. આ સિદ્ધાંતને ત્યાંના ધર્મશાસ્ત્રમાં સંપૂર્ણ રીતે સમજાવવામાં આવેલો છે, અને તે મિસર દેશના મનુષ્યોની નૈતિક ભાવનાઓનો આપણને પૂરેપૂરો ખ્યાલ આપે છે.

મિસર દેશના ધર્મમાં જાદુની ઘણી ખરી ક્રિયાઓ પેસી ગએલી જોવામાં આવે છે. ત્યાંના કેટલાક ધાર્મિક સિદ્ધાંતો પણ આ વાતને સિદ્ધ કરે છે. વળી ત્યાં એમ પણ માનવામાં આવે છે કે, જાદુના મંત્રો અને જંત્રો વડે સ્વર્ગ ઉપર પણ સત્તા ચલાવી શકાય છે, મૃત મનુષ્યના શબ સાથે દાટેલાં પુતળાં પુનર્જન્મમાં તેનાં નોકરો બની રહે છે, અને જે જે સામાન તેની સાથે મુકવામાં આવે છે તે તે તેને ભાવી જીંદગીમાં પ્રાપ્ત થાય છે. કોઇ પણ દેવના નામવાળું તાવીજ અનેક ભયનો નાશ કરે છે; શરીરમાં ભૂતનો પ્રવેશ થયાથી જ રોગ ઉત્પન્ન થાય છે; અને મનુષ્યના શરીરમાં પેઠેલું ભૂત કાઢવાથી જ રોગ મટે છે. વર્ષનો દરેક દિવસ કોઇ પણ ધાર્મિક બનાવને લીધે શુભ કે અશુભ ગણાતો, અને અમુક દિવસે કામ કરવું અને અમુક દિવસે કરવું નહિ એવી માન્યતા લોકોમાં ચાલી રહી હતી. આવા વિચારો એક વખત જગત્‌માં સર્વત્ર પ્રસરી રહેલા હતા અને હજી પણ તેમાંનાં કેટલાક અહીં તહીં જોવામાં આવે છે; પણ મિસર દેશમાં તેમની સત્તા ઘણી જ જામી ગએલી જણાતી હતી અને તેમની અસર પ્રાચીન તથા અર્વાચીન યુરોપ ઉપર પણ થઇ રહેલી જણાય છે.

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

# પ્રકરણ આઠમું.

## ચીનનો ધર્મ.

**ચીન**માં ખાસકરીને ત્રણ ધર્મો પ્રવર્તી રહેલા જોવામાં આવે છે:—(૧) **કોન્ફ્યુશીઅસે** સ્થાપેલો ધર્મ, (૨) **લેઓટ્સ્ઝેએ** પ્રવર્તાવેલો ધર્મ અને (૩) **બુદ્ધધર્મ**. આ ત્રણ ધર્મોએ ચીનમાં પ્રવેશ કર્યો ત્યાર પહેલાં ત્યાંના લોકો નદી, પર્વત, વગેરેના અભિમાની દેવતાઓ છે એમ માનતા અને તેમની પૂજા કરતા. આવા અનેક દેવતાઓનો એક ઉપરિ દેવ ગણાતો. તેનું નામ **શેંગટાઇ** હતું. આ દેવ સર્વોપરિ, સર્વવ્યાપક, નીતિમાન્, અને અમર ગણાતો, અને તે સૃષ્ટિનો નિયામક છે એમ મનાતું. તેની પૂજા ઘરમાં તેમ જ જાહેર રીતે પણ ઘણા ઠાઠથી કરવામાં આવતી. કેટલાક સમય પછી આ ધાર્મિક ભાવનાઓને વ્યવસ્થિત સ્વરૂપ આપવામાં આવ્યું અને તે આજે કોન્ફ્યુશીઅસના ધર્મને નામે ચીનમાં પ્રવર્તી રહેલી જોવામાં આવે છે.

**કોન્ફ્યુશીઅસ**નો જન્મ એક ઉમરાવ કુટુંબમાં થયો હતો. જે વખતે ચીનમાં રાજકીય, સામાજિક, અને ધાર્મિક અવ્યવસ્થા થઈ રહી હતી તે વખતે આ મહાપુરૂષનો ત્યાં અવતાર થયો. **ચીન**માં આજે તેના નામ તરફ દરેક વર્ગ જે પૂજ્યભાવ દર્શાવી રહેલો છે તે ઉપરથી આપણને સમજાશે કે, **કોન્ફ્યુશીઅસે** કરેલા

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

કાર્યની ત્યાં કેટલી બધી જરૂર હતી. **ચીન**માં પ્રવર્તી રહેલી જૂની ભાવનાઓના પાયા ઉપર તેણે એક ધાર્મિક ઇમારત રચી. જૂની ભાવનાઓનો ત્યાગ કર્યા વગર તેમને વ્યવસ્થિત સ્વરૂપમાં આણી મુકી. પણ ધાર્મિક સુધારા કરતાં નૈતિક સુધારા તરફ તેનું લક્ષ વધારે હતું. તેણે જાહેર કર્યું કે, અખિલ વિશ્વમાં એક અમુક નિયમ વ્યાપી રહેલો છે અને મનુષ્યે તે નિયમનું બરાબર પાલન કરવું જ જોઇએ; દરેક મનુષ્યનું જીવન **શેંગટાઇ**ની સત્તાને અધીન જ છે; અને રાજાએ પોતાની પ્રજાને માટે આ સર્વોપરિ દેવનું પૂજન કરવું જોઇએ. પ્રભુના ગુણો, પારલૌકિક સૃષ્ટિ, પુનર્જન્મ વગેરે વિષેના સવાલો તે હાથ ધરતો જ નહતો. દેવભકિત, પિતૃભકિત, અને રાજ્યભકિત, આ ત્રણમાંજ તેનો ધર્મ સમાઇ રહેલો હતો. આથી કરીને **ચીન**ના લોકોમાં પિતૃપૂજા મુખ્યત્વે કરીને પ્રવર્તી રહી. પિતૃપૂજા નીતિની પ્રેરક બની રહી. પ્રમાણિક વર્તન ઉપર ખાસ કરીને ભાર મુકવામાં આવ્યો હતો. **કોન્ફ્યુશીઅસે** સર્વના મનમાં ઠસાવ્યું કે, મનુષ્યના સ્વભાવમાં નૈતિક સુજનતા રહેલી છે, અને જો મનુષ્ય પોતાનું અંતઃકરણ કહે તે પ્રમાણે જ વર્તે અને પરોપકાર, પ્રમાણિકપણું, સભ્યતા, જ્ઞાન, વફાદરી વગેરે સદ્ગુણોનું પાલન કરે તો જીવનમાં સંપૂર્ણ સુખનો ભોકતા તે બની રહે. અન્યોન્યાશ્રયમાં સર્વનીતિનો સમાવેશ થઈ જાય છે એમ તેણે સર્વને શીખવ્યું હતું. જે તમારી જાતને દુઃખકારક હોય તે બીજાને કરશો નહિ એ વાત તેણે સૌના મનમાં ઉતારી હતી.

કેટલાંક પ્રાચીન ધાર્મિક પુસ્તકો જે આજે ત્યાં પવિત્ર પુસ્તકો તરીકે ગણાય છે તેમને તેણે પ્રસિદ્ધિમાં આણ્યાં. આ પુસ્તકોમાં

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

સમાઈ રહેલાં ઇતિહાસ, કવિતા, નીતિ, જીવનચરિત્ર, ક્રિયા, જ્યોતિષ વગેરેથી **ચીના** લોકોનું જીવન ઘડાઈ રહેલું આજે જોવામાં આવે છે.

**કોન્ફ્યુશીઅસના** વખતમાં જ **લેઓટ્સ્ઝે** થયો. તે એક યોગી અને તત્ત્વચિંતક હતો. અધ્યાત્મિકતામાં તે પોતાનાથી અધિક છે એમ **કોન્ફ્યુશીઅસ** પણ કબૂલ કરતો. **લેઓટ્સ્ઝે** પોતાના પુસ્તકમાં જણાવે છે કે, અખિલ વિશ્વ, રે, મુખ્ય દેવ **શેંગટાઈ**થી પણ પર **તાઓ** નામનું એક પરમતત્ત્વ રહેલું છે અને તે સઘળા પદાર્થોનું આદિ કારણ છે. **કોન્ફ્યુશીઅસથી** તેનો મત જુદો પડે છે અને તે કહે છે કે, નિત્ય સુખ પ્રાપ્ત કરવાને મનુષ્યે એકલા નૈતિક નિયમોનું પાલન કરવું એટલુંજ નહિ, પણ તેણે અંતર્મુખ બની શાંતપણે **તાઓ**નું ધ્યાન ધરવું જોઇએ, તેનું મનન કરવું જોઈએ, અને અત્યંત પવિત્ર બની આત્માની અધ્યાત્મદૃષ્ટિનો વિકાસ કરવો જોઇએ. **લેઓટ્સ્ઝે**નું વારંવાર એ જ કેહેવું છે કે, કર્મરહિત થવું એ જ અદ્‌ભુત શક્તિ પ્રાપ્ત કરવાનું શ્રેષ્ઠ સાધન છે. અન્યોન્યાશ્રયના સિદ્ધાંતથી આગળ વધીને તે કહે છે કે, અશુભના બદલામાં શુભ કરવું. તેના સિદ્ધાંતોમાં યોગીઓનું શાંત તત્ત્વચિંતન વધારે જોવામાં આવે છે. ચીન દેશમાં તેના સિદ્ધા ઘણાને આકર્ષીને રહેલા છે, તો પણ એટલું તો કહેવું જરૂરનું છે, કે તેણે દર્શાવેલા નિત્ય સુખની પ્રાપ્તિ માટે કયાં કયાં સાધનો યોજવાં તે વિષે સઘળા અસંમત થઈ રહેલા છે. ચીનમાં પ્રવર્તી રહેલો **તાઓ**-ધર્મ **લેઓટ્સ્ઝે**ના મતનું અધમ સ્વરૂપ છે.

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

ચીનમાં કોન્ફ્યુશીઅસનો ધર્મ રાજ્યધર્મ તરીકે ગણાય છે. તે ધર્મમાં પિતૃપૂજા, એકેશ્વરવાદ અને બીજા અનેક દેવોની ભાવનાઓનો સમાવેશ કરવામાં આવેલો છે. તે ધર્મમાં એક ઇશ્વર તરીકે શેંગટાઈનું પૂજન કરવામાં આવે છે. પણ લોકો તેની પૂજા કોઇ કોઇ વખત જ કરે છે. ઘણું ખરૂં તો રાજા પોતે જ જાહેર રીતે તેનું પૂજન કરે છે. આ જાહેર પૂજન વખતે મોટા મોટા યજ્ઞો અને ઉત્સવો કરવામાં આવે છે, અને જાહેર પ્રાર્થનાઓ પણ થાય છે. બાદશાહ જાતે જ હોતા કે પુરોહિત બને છે, અને પૃથ્વી, સૂર્ય, ચંદ્ર, પર્વત, નદી અને સમુદ્રના અભિમાની દેવતાઓનું પૂજન પણ કરે છે. વખતે તે આ પૂજન પુરોહિત મારફતે પણ કરાવે છે. આ પ્રમાણે મુખ્ય દેવની પૂજા બાદશાહ કરે છે અને અન્ય નાના દેવો અને પિતૃઓની પૂજા લોકો કરે છે. દરેક ઘરમાં પિતૃઓને માટે એક સ્થાન નક્કી કરવામાં આવેલું હોય છે, ત્યાં આગળ હંમેશાં પ્રાર્થના કરવામાં આવે છે અને પિતૃસ્થાનની સમક્ષ મનુષ્યો પોતાના વર્તનને તપાસી જુએ છે. પિતૃઓ તેમનું પાલન કરે છે, તેમનાં ઘરને પવિત્ર બનાવે છે અને તેમનાં સુખદુ:ખમાં ભાગ લે છે, એવી માન્યતા લોકોમાં ચાલી રહેલી છે. ચીનાઓ પિતૃઓની સલાહ પૂછે છે, તેમની સાથે માનસિક સંબંધથી જોડાએલા રહે છે અને તેમની આજ્ઞાઓનું પાલન કરે છે. આથી કરીને કોન્ફ્યુશીઅસે સ્થાપેલા ધર્મમાં ઘણું કરીને પિતૃઓ અને રાજ્યે જેમને મહાપુરૂષો તરીકે માનેલા હોય તેમની જ પૂજા કરવાની હોય છે. **કોન્ફ્યુશીઅસ** જાતે પણ આજે ચીનમાં એક દેવ તરીકે પૂજાય છે. દરેક નગરમાં તેના નામનું એક દેવળ બંધાવવામાં આવેલું છે અને તેમાં વર્ષમાં બે વાર યજ્ઞ કરવામાં આવે છે.

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

રાજ્ય તેમ જ બુદ્ધિશાળી વર્ગો કોન્ફ્યુશીઅસના ધર્મને સૌથી શ્રેષ્ઠ માને છે. તેમાં મૂર્તિપૂજાનો નિષેધ કરેલો છે. ઉચ્ચમાં ઉચ્ચ નીતિ તે પ્રતિપાદન કરે છે. વળી જનસમૂહની ઈચ્છાઓ પૂરી પાડવાને **તાઓ-ધર્મ** તથા **બુદ્ધધર્મ**નો પણ કેટલેક અંશે રાજ્યે સ્વીકાર કરેલો છે. ત્રણે ધર્મો એક બીજાની ન્યૂનતા પૂરી કરે છે. **કોન્ફ્યુશીઅસ**નો ધર્મ દેશમાં નૈતિક તત્ત્વ પૂરૂં પાડે છે, **તાઓ-ધર્મ** ભૌતિક અને **બુદ્ધધર્મ** આધ્યાત્મિક તત્ત્વો તેમાં ઉમેરે છે. પણ આજ કાલ **તાઓ-ધર્મ** અને **બુદ્ધધર્મ** અધમ દશાને પ્રાપ્ત કરી રહેલા છે. તેમને માનનારાઓ માત્ર વહેમોને જ સેવે છે. **તાઓ-ધર્મ**ના અનુયાયીઓ પોતાના વડા ધર્મગુરૂને પ્રભુના પ્રતિનિધિ તરીકે માને છે. બુદ્ધધર્મમાં જેમ ત્રિમૂર્તિની માન્યતા છે તેમ આ ધર્મમાં પણ ત્રિમૂર્તિમાં માનવામાં આવે છે અને તેની પ્રતિમાઓ તે ધર્મનાં દેવળોમાં સ્થાપિત કરેલી જોવામાં આવે છે. આ મૂર્તિઓમાં **લેઓટ્સ્ઝે**ની પણ મૂર્તિ જોવામાં આવે છે. વળી સ્વર્ગ, પૃથ્વી, સૂર્ય, સમુદ્ર, નદી વગેરેના અભિમાની દેવતાઓ માનવામાં આવે છે અને અખિલ વિશ્વના જુદા જુદા ભાગો ઉપર જુદા જુદા પ્રાકૃતિક દેવો સત્તા ચલાવી રહેલા છે એવી માન્યતા **તાઓ-ધર્મ**ના અનુયાયીઓમાં ચાલી રહેલી છે. આ સઘળા દેવો મનુષ્યોનાં કૃત્યોને જોયાં કરે છે અને દરેક મનુષ્યના વર્તનની હકીકત સર્વોપરિ પ્રભુ તરફ મોકલે છે. વળી સુખ, દુઃખ, રોગ, અધિકાર, દ્રવ્ય વગેરેના અધિષ્ઠાતા દેવો છે એમ માનવામાં આવે છે. આ દેવોમાંના કેટલાક દેવોની પૂજા રાજ્ય તરફથી પણ કરવામાં આવે છે. જુદાં જુદાં પરગણાઓમાં યુદ્ધ અને વિદ્યાના અધિષ્ઠાતા દેવોની પૂજા સરકારી અધિકારીઓ કરે છે.

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

તાઓ ધર્મની ક્રિયાઓનો ઘણો ખરો ભાગ બુદ્ધધર્મમાંથી લેવામાં આવેલો છે. બુદ્ધધર્મમાં જેમ ચઢતા ઉતરતા દરજ્જા-વાળાં સ્વર્ગો માનવામાં આવે છે તેમ આ ધર્મમાં પણ મનાય છે, અને સ્વર્ગ પ્રમાણે તેમાં વસનારા દેવોને પણ નાના મોટા ગણવામાં આવે છે. તે દેવોની પ્રતિમાઓને દેવળોમાં સ્થાપિત કરવામાં આવેલી છે અને તે દેવળો સ્વર્ગના અમુક અમુક ભાગનો ખ્યાલ આપે છે. જનસમૂહ ધાર્મિક ક્રિયાઓમાં જાદુની ક્રિયાઓને ભેગી દે છે અને અનેક વહેમોમાં માને છે. માંદો થએલો માણસ આરોગ્યના અધિષ્ટાતા દેવના દેવળમાં જાય છે અને તેનો રોગ મટાડવાને પ્રાર્થના કરે છે. તે દેવનો પૂજારી અનેક ક્રિયાઓ કરે છે અને દેવની આજ્ઞા મેળવે છે. પછી તે અમુક દવા કરવાનું કહે છે. માંદો માણસ સંપૂર્ણ શ્રદ્ધાથી, જાણે પરમેશ્વર જ બોલ્યા હોય તેમ તેના કહ્યા પ્રમાણે વર્તે છે. વખતે જો તેને તે દવાથી ફાયદો થાય છે તો તે એમજ માને છે કે પ્રભુએ જ તે મટાડ્યું, અને તે દેવના દેવળમાં કોઈ પણ જાતની ભેટો મોકલાવે છે. આ ધર્મમાં જાદુની ક્રિયાઓ પ્રધાનપદ ભોગવતી વારંવાર જોવામાં આવે છે. મોક્ષ પણ જાદુની ક્રિયાથી પ્રાપ્ત કરી શકાય છે એમ મનાય છે અથવા અમુક ઔષધિના સેવનથી અક્ષય સુખની પ્રાપ્તિ થાય છે એવું ધારવામાં આવે છે. કોન્ફ્યુશીઅસના ધર્મમાં પણ જાદુની ક્રિયાઓનો આશ્રય લે-વામાં આવે છે, પણ તે ધર્મમાં તે અમુક હદમાં જ રહેલી છે. પરંતુ તાઓ ધર્મના અનુયાયીઓમાં તો તે ક્રિયાઓને ઘણું જ મહત્ત્વ આપવામાં આવેલું છે. આનું કારણ ઘણેભાગે એ જ છે કે, તાઓ ધર્મને માનનારાઓ ઘણાખરા સામાન્ય વર્ગના જ મનુષ્યો છે. લેઓટ્સ્ઝેએ પોતાના સિદ્ધાંતોમાં દર્શાવ્યું છે કે, કર્મ રહિત

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

બનીને જે મનુષ્ય **તાઓ** નો સાક્ષાત્કાર કરે છે તે સર્પ, વ્યાઘ્રાદિના પણ ભયથી મુક્ત થાય છે. **લેઓત્સ્ઝેના** આ વચનને જાદુની ક્રિયાઓના ફલ તરીકે સ્વીકારવામાં આવેલું છે. આ પ્રમાણે યોગ અધમ સ્વરૂપને પ્રાપ્ત કરી જાદુની ક્રિયાઓમાં આવી રહેલો છે.

**કોન્ફ્યુશીઅસનો ધર્મ** ઉત્કટ નીતિનો બોધ કરે છે. કેળવણી હૃદય અને બુદ્ધિનો વિકાસ છે એમ તે પ્રતિપાદન કરે છે. દરેક નિશાળમાં પવિત્ર પુસ્તકોનો અભ્યાસ કરાવવાનું તે સૂચવે છે, પણ તેનો મુખ્ય આશય વ્યવહારિક નીતિ સમજાવવાનો જ હોવાથી તેની નીતિમાં અધ્યાત્મિક બળનો ખરેખરો જુસ્સો જણાઇ આવતો નથી. **તાઓ-ધર્મ** માત્ર ઐહિક કર્મો અને તેમનાં શુભાશુભ ફળોનો જ વિચાર કરે છે. મનુષ્યને દ્રવ્ય, આરોગ્ય, દીર્ઘાયુષ્ય વગેરે પ્રાપ્ત કરવાની લાલચ આપીને જ તેને સદ્‌ગુણી થવાનું તે બોધે છે. સત્ય સત્યને માટે જ છે, નીતિ નીતિના માટે જ પાળવાની છે, એવો બોધ **કોન્ફ્યુશીઅસના** ધર્મમાં મળી આવે છે. આથી કરીને **તાઓ-ધર્મના** નૈતિક સિદ્ધાંતો ઉપર **કોન્ફ્યુશીઅસના** નૈતિક સિદ્ધાંતોની ભારે અસર થઇ રહેલી જોવામાં આવે છે.

**ચીનમાં** જુદા જુદા ધર્મોને લીધે પુનર્જન્મ વિષેની ભાવનાઓ પણ જુદી જુદી જ જોવામાં આવે છે. આત્મા અમૂર્ત છે, મૃત્યુ પછી પણ તે અમર જ રહે છે; આત્મા વરાળના જેવો છે, શરીરના નાશ પછી તે પ્રેત થઇને સૂક્ષ્મ શરીર ધારણ કરી રહે છે; આવી આવી માન્યતાઓ **ચીનાઓમાં** ચાલી રહેલી છે. **કોન્ફ્યુશીઅસે**

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

આત્માના સ્વરૂપ વિષે બીલકૂલ વિચાર કર્યો નથી, તેથી એમ જણાય છે કે, પુનર્જન્મમાં તે માનતો જ ન હતો. તેના ધર્મમાં જો કોઇ પુનર્જન્મ વિષેની ભાવના હોય તો તે **બુદ્ધધર્મ** કે **તાઓ-ધર્મ**માંથી આવેલી હશે એમ જણાય છે. ચીનમાં બુદ્ધધર્મના અનુયાયીઓની માન્યતા એવી છે કે, પોતાના શુભાશુભ કર્માનુસાર મનુષ્ય સ્વર્ગ કે નરકને પ્રાપ્ત કરે છે અને પછી ત્યાંથી મૃત્યુલોકમાં અવતરે છે. આવી રીતે અનેક જન્મો તે ધારણ કરે છે, પણ આખરે તેને નિર્વાણ પ્રાપ્ત કરવાનો છે. **તાઓ-ધર્મ**માં સદ્‌ગુણીને માટે સ્વર્ગની પ્રાપ્તિ અને દુષ્ટોને માટે નરકની પ્રાપ્તિ કહેલી છે.

આ પ્રમાણે જોતાં એમ સ્પષ્ટ જણાઇ આવે છે કે, **ચીનનો** ધર્મ તેની અધ્યાત્મિકતામાં મૂળ ભાવનાઓથી આગળ વધેલો છે. **કોન્ફ્યુશીઅસે** લોકોની **ઇશ્વર** ઉપરની શ્રદ્ધા લગભગ નષ્ટ કરી નાખેલી છે. **તાઓ-ધર્મ** આ ઇશ્વરશ્રદ્ધાને કેટલેક અંશે પૂરી પાડે છે, પણ તેમાં દેવોનું સ્થાન પ્રાકૃતિક દેવતાઓએ જ લીધેલું છે. બંનેએ અમરત્વની ભાવના બુદ્ધધર્મમાંથી લીધેલી છે. ત્રણે ધર્મો એક બીજાની ન્યૂનતા પૂરી પાડે છે. કોન્ફ્યુ-**શીઅસ**ના સિદ્ધાંતો ઉચ્ચ નીતિનું શિક્ષણ આપે છે. **બુદ્ધધર્મ** અધ્યાત્મિક સિદ્ધાંતો અને પુનર્જન્મનું પ્રતિપાદન કરે છે, અને પોતાની ભવ્ય ધાર્મિક ક્રિયાઓથી જનસમૂહને આકર્ષે છે. **તાઓ-ધર્મ** સામાન્ય વર્ગોના વહેમોને અનુસરીને તેમને જાદુની ક્રિયાઓ શીખવે છે અને જીવનની જુદી જુદી અવસ્થાઓને માટે જુદા જુદા દેવોને કલ્પે છે.

---

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

# પ્રકરણ નવમું.

## હિંદુધર્મ.

હજારો વરસથી હિંદુધર્મમાં અનેક ફેરફારો થતા આવેલા છે, તોપણ તેનાં મુખ્ય લક્ષણો અદ્યાપિ પર્યંત પણ તેનાં તે જ રહેલાં છે. તેમાં કલ્પનાનું પ્રાબલ્ય, ભવ્ય કર્મકાંડ, જગત્‌ના મિથ્યાપણામાં દૃઢ શ્રદ્ધા અને અનેક ભેદોમાં અભેદનું દર્શન હજુ પણ તેનાં તે જ જોવામાં આવે છે.

અત્યંત પ્રાચીન સમયનું વૈદિક સાહિત્ય આપણને અવિભક્ત આર્યધર્મનો પૂરેપૂરો ચીતાર આપે છે. તેમાં જુદા જુદા સમયના અને વિવિધ પ્રકારના વિચારો પણ આપણી નજરે આવે છે. વળી તેમાં જાદુના મંત્રો અને કંટાળો ઉપજાવે તેવી અનેક ધાર્મિક દંતકથાઓ પણ દૃષ્ટિગોચર થાય છે. પ્રકૃતિપૂજા, એક ઇશ્વરની ભાવના અને ઉચ્ચ નીતિ તેમાં જોવામાં આવે છે. સઘળા જમાનાઓમાં વૈદિક સાહિત્ય માનને પાત્ર થઈ રહેલું છે, અને હજી પણ તે એક ઈશ્વર-પ્રેરિત સંપૂર્ણ સાહિત્ય તરીકે પોતાની માનનીય પદવી જાળવી રહેલું છે. તેણે એક ભવ્ય અને મહાન્ ધાર્મિક સાહિત્યને જન્મ આપ્યો છે.

વૈદિક ધર્મનાં ખાસ લક્ષણો નીચે પ્રમાણે છે:—પ્રકૃતિપૂજા અને તેના ઉપરથી બંધાએલી અનેક દેવોની ભાવના તેમાં જોવામાં આવે છે. પાછળથી આ અનેક દેવોની ભાવના એકેશ્વરવાદમાં

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

પરિણમી હતી. યજ્ઞને ઘણું મહત્ત્વ આપવામાં આવેલું જણાય છે. યજ્ઞનો પ્રભાવ વિશેષ માનવામાં આવેલો છે. પ્રકૃતિના જુદા જુદા દેખાવોના અધિષ્ઠાતા દેવો તેમાં કલ્પેલા છે. ઋગ્વેદના મંત્રોમાં પ્રકૃતિનાં વિવિધ અંગો અને તેના અધિષ્ઠાતા દેવોનું તાદાત્મ્ય એવી અજબ રીતે સાધેલું જોવામાં આવે છે કે, અમુક મંત્ર પ્રકૃતિનું વર્ણન છે કે તેના અધિષ્ઠાતા દેવની સ્તુતિ છે એ શોધી કાઢવું ઘણું જ મુશ્કેલ થઇ પડે છે. અનેક દેવોની કલ્પના તેમાં જોવામાં આવે છે. ક્વચિત્ તેમની સત્તામાં ન્યૂનાધિક્ય જણાય છે; ક્વચિત્ તેમને સમાનસત્તાવાળા દર્શાવેલા જોવામાં આવે છે. તેમના વિષે અનેક દંતકથાઓ કહેવામાં આવેલી છે. તેઓ દિવ્ય જ્યોતિની અમૂર્ત મૂર્તિઓ છે; માનવજાતિની નીતિના તે રક્ષક છે; અશુભ કર્મ કરનારાઓને તે શિક્ષા કરે છે. સઘળા વૈદિક દેવોનું વર્ણન આપવું અશક્ય છે, અને તેથી કરીને તેમાંના કેટલાક મુખ્ય દેવો વરૂણ, ઇંદ્ર, અગ્નિ, સોમ, ઉષસ્, અને અદિતિ–નું વર્ણન અહીં આપવામાં આવશે.

વરૂણદેવ અખિલ વિશ્વનો નિયામક ગણાય છે. પ્રકૃતિની સઘળી વ્યવસ્થા તેને જ્ઞાત છે એટલું જ નહિ, પણ મનુષ્યોના વિચારોને પણ તે જાણે છે. આથી કરીને વરૂણ વૈદિક દેવોમાં મુખ્ય સ્થાન લે છે, અને પાપની ક્ષમા તે એકલો જ આપી શકે છે.

વરૂણથી બીજે પદે ઇંદ્ર વિરાજે છે. કોઇ કોઇ વખત વરૂણના જેટલી જ તેની સત્તા દર્શાવવામાં આવેલી છે. તે વૃષ્ટિ

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

અને વિદ્યુત્નો અધિષ્ઠાતા દેવ છે. જનસમૂહનાં પોષક પ્રકાશ અને વૃષ્ટિને અટકાવનાર દાનવોનો તે જેતા છે. તેજ અને અંધકારના અધિષ્ઠાતા દેવતાઓ વચ્ચે ચાલેલા યુદ્ધનું કંઇક કંઈક સૂચન વૈદિક મંત્રો ઉપરથી થઇ શકે છે. તે યુદ્ધ વિષેની દંતકથાઓ ઉપરથી ઇંદ્રમાં તેનાં લક્ષણોનું આરોપણ કરવામાં આવ્યું હશે એમ જણાય છે. ઇંદ્રને સોમરસનું પાન કરનારો કહેલો છે, અને બીજાં કેટલાંક અશુભ લક્ષણો તેનામાં કલ્પવામાં આવેલાં છે. વૈદિક મંત્રોમાં પ્રાકૃતિક બનાવોનું વર્ણન રૂપકમાં આપવામાં આવેલું છે. આથી કરીને એમ જણાય છે કે, ઈંદ્રાદિ દેવોનાં કલ્પેલાં સ્વરૂપો પ્રાકૃતિક બનાવોનાં વર્ણન જ છે. ધાર્મિક અને નૈતિક દૃષ્ટિએ જોતાં ઈંદ્ર સર્વે દેવોમાં શ્રેષ્ઠ ગણાય છે; તે સર્વે દેવોનો રાજા છે; ભૂતમાત્ર તેનાથી સંતોષ પામે છે; પાપીઓનો તે જેતા છે; અંત્યંત નીતિવાન્ વરૂણ જેવો જ તે ગણાય છે.

અગ્નિનું ગુહ્ય સ્વરૂપ, તેનું એકાએક પ્રાગટ્ય અને તેનો વિનાશ, તેનું પ્રત્યક્ષ અસ્તિત્વ, વગેરેથી તે પૂજાને પાત્ર છે એમ અનેક મનુષ્યજાતિઓએ માનેલું છે. હિંદુઓમાં તે અત્યંત પવિત્ર અને વધારે પૂજનીય ગણાય છે, અને તેથી કરીને વેદોમાં અગ્નિની સ્તુતિ વારંવાર કરવામાં આવેલી જણાય છે. તે એક મુખ્ય દેવ ગણાય છે. કવચિત્ માત્ર એક જ્વાલા તરીકે જ, અને કવચિત્ એક સત્તાવાન દેવ, કે વિશ્વના નિયામક અને માનવજાતિના મિત્ર તરીકે તેની સ્તુતિ કરવામાં આવે છે. કોઇ વખત તેને સર્વ દેવોનો સૃષ્ટા માનવામાં આવે છે. આકાશમાં તે સૂર્યરૂપે ભાસે છે; વાયુમાં તે વિદ્યુત્રૂપે પ્રકાશે છે; પૃથ્વી ઉપર તે યજ્ઞના અગ્નિ તરીકે વિરાજે

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

છે. યજ્ઞમાં હોમાએલા બલિનું અગ્નિ ભક્ષણ કરે છે. દેવોનું તે મુખ મનાય છે. આથી કરીને અગ્નિ દરેક દેવતાને તેનો ભાગ પહોંચાડે છે એમ કહેવાય છે. યજ્ઞના ભાગવડે દેવોનું પોષણ થાય છે, અને તેથી અગ્નિ તેમનો સ્રષ્ટા મનાય છે.

વેદમાં ઉષાના વર્ણન જેવું મનોહર વર્ણન બીજું ભાગ્યે જ મળી આવે છે ઉષઃકાળથી પ્રાચીન ઋષિઓનાં મન કંઇક અજબ રીતે જ ઉશ્કેરાતાં હતાં ઉષઃકાળ તેમના મનમાંથી અનેક પ્રેરણાઓ ઉદ્‌ભવી રહેતી હતી, અને તે પ્રેરણાઓથી તેમનું મધુર, ઉચ્ચ પ્રતિભાવાળું કવિત્વ જાગૃત થઇ રહેતું હતું. ઉષાનું સ્વરૂપ એક સુંદર કન્યાના જેવું કલ્પેલું છે. તે વૃદ્ધ છે, પણ હંમેશ, પુનઃ પુનઃ નવીન સૌંદર્ય સાથે તે જન્મ ધારણ કરે છે. સર્વ પ્રાણીઓમાં તે ચેતનની સ્ફુરણા કરે છે. રાત્રિની તે ભગિની છે; અને વળી સૂર્યની તે માતા, દુહિતા અને ભગિની પણ છે.

અદિતિ દિવ્ય દેવો આદિત્યોની માતા છે. મૅક્સ મુલર તેને સર્વે દેવોની જનેતા, મૂર્તિમંત આદ્ય અનંત શક્તિ ગણે છે. અદિતિની સાથે અનેક ઉચ્ચ અધ્યાત્મિક વિચારો સંબંધ ધરાવી રહેલા છે. વૈદિક દેવો વિષેના અભ્યાસમાંથી એટલું તો માલૂમ પડી આવે છે જ કે, તેઓ પ્રાકૃતિક બનાવો, સૂર્ય, આકાશ, વિદ્યુત્, ઉષઃકાળ, વગેરેનાં દિવ્ય મૂર્તિમંત સ્વરૂપો છે, અને તેમનાથી પર કોઇ અનંત નિયામક શક્તિ–વિશ્વવ્યાપી નિયમ–સમસ્ત જગતમાં પ્રસરી રહેલ છે એવું સ્વાભાવિક રીતે જ પ્રાચીન ઋષિઓના મનમાં વસી રહેલું જ હતું.

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

જ્યારે જુદા જુદા મનુષ્યો આ જુદા જુદા વૈદિક દેવોની સ્તુતિ કરતા ત્યારે તેમનો ઇષ્ટ દેવ જ તેમને મન સર્વોપરિ ગણાતો. તે દેવની સરખામણીમાં અન્ય દેવો ઉતરતા મનાતા. તે દેવ જ સર્વ-શક્તિમાન્ અને સંપૂર્ણ સત્તાધીશ ગણાતો. તેની પ્રાર્થના કરતી વખતે પ્રાચીન ઋષિના મનમાંથી અન્ય દેવોનો વિચાર જતો જ રહેતો, અને તેમનો પ્રાર્થ્ય દેવ જ તેમની માનસિક દૃષ્ટિ આગળ ખડો થઈ રહેતો. પોતાના ઇષ્ટ દેવની સર્વોપરિતાની આવી ભાવના વેદ સિવાય અન્ય પુસ્તકોમાં ભાગ્યે જ મળી આવશે. આ ભાવનાનું પરિણામ એ આવ્યું કે, પ્રાચીન ઋષિઓ અનેક દેવોની માન્યતામાંથી જલદીથી **એકેશ્વરવાદ** તરફ આવવા લાગ્યા. તેમનાં મન હવે **વિશ્વવ્યાપી** એક **પરમાત્માને** શોધી કાઢવાને તત્પર થઈ રહ્યાં. એકેશ્વરવાદ હવે વૈદિક ધર્મનું ખાસ લક્ષણ થઈ રહ્યો. વેદના અંતમાં **વિશ્વકર્મા**, **પ્રજાપતિ** વગેરે વિશેષણો દેવોને લગાડેલાં જોવામાં આવે છે, અને એ ઉપરથી એમ જ સિદ્ધ થાય છે કે, તે સમયે વૈદિક ધર્મમાં એકેશ્વરવાદ જ પ્રધાન પદ ભોગવી રહ્યો હતો.

વૈદિક સમયના અંતમાં બ્રાહ્મણકાળની શરૂઆત થઈ. બ્રાહ્મણ-કાળમાં યજ્ઞાદિ ધાર્મિક ક્રિયાઓ સર્વોપરિતાને ભોગવી રહી. આ ક્રિયાઓ વિસ્તૃત, મિશ્રિત અને સૂક્ષ્મ થવા લાગી. તેમાં નાની નાની અનેક બાબતો ઉપર પણ ખાસ લક્ષ્ય અપાવા લાગ્યું. યજ્ઞાદિ ક્રિયાઓનું ગૌરવ વધવા લાગ્યું. આ ક્રિયાઓને અનુસરીને કેટલીક અધ્યાત્મિક ભાવનાઓ પણ પ્રાચીન ઋષિઓનાં મનમાં રમી રહી હતી. હવે તેમને કંઈક ખ્યાલ આવવા લાગ્યો કે, દેવતાઓનું

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

અસ્તિત્વ માત્ર શબ્દોમાં જ છે, યજ્ઞો માત્ર બાહ્ય ચિહ્નો જ છે, અને મનુષ્યોએ એક પરમ તત્ત્વ-આત્મા-બ્રહ્મ-ને શોધવાને પ્રયાસ કરવો જોઇએ. હવે તેઓ માનવા લાગ્યા કે, આ સઘળું જીવન માયા છે, અને આત્માના જ્ઞાન અને ધ્યાનવડે કરીને જીવાત્મા મુક્ત થઇ શકે છે. બ્રાહ્મણકાળના અંત્ય ભાગમાં ઉપનિષદો અસ્તિત્વમાં આવ્યાં, અને તેમાં આત્માનું સ્વરૂપ અને તેને પ્રાપ્ત કરવાનાં સાધનો દર્શાવવામાં આવ્યાં. પાછળથી આ તત્ત્વજ્ઞાનની અનેક શાખાઓ પ્રવર્તી રહી. બુદ્ધધર્મ પણ તેમાંથી જ અસ્તિત્વમાં આવ્યો, પણ બ્રાહ્મણધર્મે જ પાછો તેનો થોડા સમયમાં અંત આણ્યો. વાનપ્રસ્થાશ્રમની ભાવના આ બ્રાહ્મણકાળમાં ઉત્પન્ન થઇ રહી. અને પ્રાચીન ઋષિઓ એમ માનવા લાગ્યા કે, શુદ્ધ બ્રાહ્મણ હોય તેણે અરણ્યમાં જઇને વાસ કરવો અને પોતાનો સમય એકાન્તમાં આત્મચિંતનમાં વ્યતીત કરવો. બુદ્ધધર્મનો અંત આવ્યા પછી હિંદુધર્મ તેના આધુનિક સ્વરૂપમાં સર્વત્ર પ્રસરવા લાગ્યો. અદ્યાપિ પર્યંત પણ બ્રાહ્મણધર્મની ક્રિયાઓ અને તત્ત્વજ્ઞાન તેના તેજ સ્વરૂપમાં અસ્તિત્વ ધરાવી રહેલાં માલૂમ પડી આવે છે; પણ હિંદુઓનો ઘણો મોટો ભાગ વિષ્ણુ અને શિવને ભજે છે. વેદમાં વિષ્ણુને એક દેવ તરીકે ગણવામાં આવેલો છે, અને મહાભારત અને રામાયણના વીર પુરૂષો-કૃષ્ણ અને રામ-તેના અવતાર જ છે. આજે વૈષ્ણવધર્મ ઘણો લોકપ્રિય થઇ રહેલો છે, અને તેના અનેક અનુયાયીઓ જોવામાં આવે છે.

વેદમાં શિવને રૂદ્ર તરીકે સંબોધવામાં આવેલો છે. તેનું સ્વરૂપ ઉગ્ર છે. શિવ સંહારક દેવ ગણાય છે; પણ તેનું અન્ય

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

જ્યારે જુદાં જુદા મનુષ્યો આ જુદા જુદા વૈદિક દેવોની સ્તુતિ કરતા ત્યારે તેમનો ઇષ્ટ દેવ જ તેમને મન સર્વોપરિ ગણાતો. તે દેવની સરખામણીમાં અન્ય દેવો ઉતરતા મનાતા. તે દેવ જ સર્વશક્તિમાન્ અને સંપૂર્ણ સત્તાધીશ ગણાતો. તેની પ્રાર્થના કરતી વખતે પ્રાચીન ઋષિના મનમાંથી અન્ય દેવોનો વિચાર જતો જ રહેતો, અને તેમનો પ્રાર્થ્ય દેવ જ તેમની માનસિક દૃષ્ટિ આગળ ખડો થઈ રહેતો. પોતાના ઇષ્ટ દેવની સર્વોપરિતાની આવી ભાવના વેદ સિવાય અન્ય પુસ્તકોમાં ભાગ્યે જ મળી આવશે. આ ભાવનાનું પરિણામ એ આવ્યું કે, પ્રાચીન ઋષિઓ અનેક દેવોની માન્યતામાંથી જલદીથી **એકેશ્વરવાદ** તરફ આવવા લાગ્યા. તેમનાં મન હવે **વિશ્વવ્યાપી** એક **પરમાત્માને** શોધી કાઢવાને તત્પર થઈ રહ્યાં. એકેશ્વરવાદ હવે વૈદિક ધર્મનું ખાસ લક્ષણ થઈ રહ્યો. વેદના અંતમાં **વિશ્વકર્મા, પ્રજાપતિ** વગેરે વિશેષણો દેવોને લગાડેલાં જોવામાં આવે છે, અને એ ઉપરથી એમ જ સિદ્ધ થાય છે કે, તે સમયે વૈદિક ધર્મમાં એકેશ્વરવાદ જ પ્રધાન પદ ભોગવી રહ્યો હતો.

વૈદિક સમયના અંતમાં બ્રાહ્મણકાળની શરૂઆત થઈ. બ્રાહ્મણકાળમાં યજ્ઞાદિ ધાર્મિક ક્રિયાઓ સર્વોપરિતાને ભોગવી રહી. આ ક્રિયાઓ વિસ્તૃત, મિશ્રિત અને સૂક્ષ્મ થવા લાગી. તેમાં નાની નાની અનેક બાબતો ઉપર પણ ખાસ લક્ષ્ય અપાવા લાગ્યું. યજ્ઞાદિ ક્રિયાઓનું ગૌરવ વધવા લાગ્યું. આ ક્રિયાઓને અનુસરીને કેટલીક અધ્યાત્મિક ભાવનાઓ પણ પ્રાચીન ઋષિઓનાં મનમાં રમી રહી હતી. હવે તેમને કંઈક ખ્યાલ આવવા લાગ્યો કે, દેવતાઓનું

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

અસ્તિત્વ માત્ર શબ્દોમાં જ છે, યજ્ઞો માત્ર બાહ્ય ચિહ્નો જ છે, અને મનુષ્યોએ એક **પરમ તત્ત્વ—આત્મા—બ્રહ્મ—**ને શોધવાને પ્રયાસ કરવો જોઇએ. હવે તેઓ માનવા લાગ્યા કે, આ સઘળું જીવન માયા છે, અને **આત્માના** જ્ઞાન અને ધ્યાનવડે કરીને જીવાત્મા મુક્ત થઇ શકે છે. બ્રાહ્મણકાળના અંત્ય ભાગમાં ઉપનિષદો અસ્તિત્વમાં આવ્યાં, અને તેમાં **આત્માનું** સ્વરૂપ અને તેને પ્રાપ્ત કરવાનાં સાધનો દર્શાવવામાં આવ્યાં. પાછળથી આ તત્ત્વજ્ઞાનની અનેક શાખાઓ પ્રવર્તી રહી. બુદ્ધધર્મ પણ તેમાંથી જ અસ્તિત્વમાં આવ્યો, પણ બ્રાહ્મણધર્મે જ પાછો તેનો થોડા સમયમાં અંત આણ્યો. વાનપ્રસ્થાશ્રમની ભાવના આ બ્રાહ્મણકાળમાં ઉત્પન્ન થઇ રહી. અને પ્રાચીન ઋષિઓ એમ માનવા લાગ્યા કે, શુદ્ધ બ્રાહ્મણ હોય તેણે અરણ્યમાં જઇને વાસ કરવો અને પોતાનો સમય એકાન્તમાં આત્મચિંતનમાં વ્યતીત કરવો. બુદ્ધધર્મનો અંત આવ્યા પછી હિંદુધર્મ તેના આધુનિક સ્વરૂપમાં સર્વત્ર પ્રસરવા લાગ્યો. અદ્યાપિ પર્યંત પણ બ્રાહ્મણધર્મની ક્રિયાઓ અને તત્ત્વજ્ઞાન તેના તે જ સ્વરૂપમાં અસ્તિત્વ ધરાવી રહેલાં માલૂમ પડી આવે છે; પણ હિંદુઓનો ઘણો મોટો ભાગ વિષ્ણુ અને શિવને ભજે છે. વેદમાં વિષ્ણુને એક દેવ તરીકે ગણવામાં આવેલો છે, અને મહાભારત અને રામાયણના વીર પુરૂષો—કૃષ્ણ અને **રામ**—તેના અવતાર જ છે. આજે વૈષ્ણવધર્મ ઘણો લોકપ્રિય થઇ રહેલો છે, અને તેના અનેક અનુયાયીઓ જોવામાં આવે છે.

વેદમાં શિવને રૂદ્ર તરીકે સંબોધવામાં આવેલો છે. તેનું સ્વરૂપ ઉગ્ર છે. શિવ સંહારક દેવ ગણાય છે; પણ તેનું અન્ય

P. P. Ac. Gunratnasuri M.S.                                   Jin Gun Aaradhak Trust

સ્વરૂપ કલ્યાણમય કલ્પવામાં આવેલું છે અને તે કલ્યાણદાતા ગણાય છે. શૈવધર્મના અનુયાયીઓ પણ અસંખ્ય છે. હિંદુઓ તેને અનેક સ્વરૂપમાં ભજે છે. અધમમાં અધમ મનુષ્યો તેમ જ યોગીઓનો તે ઉપાસ્ય દેવ છે. શૈવધર્મની એક શાખા શક્તિપૂજા છે. દેવી પણ તેનાં વિવિધ સ્વરૂપમાં પૂજાય છે. આથી કરીને દેવીપૂજામાં પણ ઉત્તમ અને અધમ ક્રિયાઓ જોવામાં આવે છે.

વળી નીચલા વર્ગોમાં આ બે મોટા દેવો સિવાય અન્ય નાના નાના દેવતાઓનું પણ પૂજન થતું જોવામાં આવે છે. પણ નાના દેવતાઓની ઉપાસના મોટા દેવોની વિરૂદ્ધ નથી. હિંદુધર્મમાં એ સર્વેની પૂજાનો સમાવેશ કરવામાં આવેલો છે, અને જુદા જુદા પંથોને તેનાં અંગો જ ગણવામાં આવે છે. દરેક નાનો દેવતા, સંત કે મહાપુરૂષ વિષ્ણુનો અવતાર છે એ બોધ તેમાં કરવામાં આવેલો છે. આ પ્રમાણે હોવાથી, હિંદુધર્મની ઉપર ઉપરથી તપાસ કરનારને એમ જ લાગે છે કે, તે અનેક પરસ્પર વિરોધી તત્ત્વોનો બનેલો છે; પણ તેનો ઉંડો અભ્યાસ કરનારની ખાત્રી થાય છે કે, તેમાં દશ્યમાન થતી અનેકતામાં એકતા રહેલી છે. હિંદુધર્મ એક જ છે, પણ જુદી જુદી મતિને અનુકૂળ થવાને તેનાં જુદાં જુદાં સ્વરૂપ કલ્પાએલાં છે. વહેમ અને અજ્ઞાનને લીધે કેટલેક સ્થળે ધર્મને નામે અધમ પૂજા થતી જોવામાં આવે છે; પણ તે હિંદુધર્મનું ખરૂં સ્વરૂપ નથી. કેટલીક નદીઓ, પર્વતો અને પૃથ્વીને હિંદુઓ પવિત્ર ગણે છે તેનું કારણ એટલું જ છે કે, તે નદીઓ અને પર્વતો ઉપર દેવતાઓ, ઋષિઓ કે સાધુ પુરૂષોનો વાસ હતો અને તેમના પવિત્ર સ્પર્શથી તે સ્થાનો પવિત્ર બની રહેલાં છે, અને પૃથ્વી અન્નની દાતા ગણાય

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

છે. હિંદુજાતિના કેટલાક વર્ગોમાં નાગપૂજા, સીતલાપૂજા વગેરે જોવામાં આવે છે. કેટલાક વર્ગોમાં એવી માન્યતા ચાલી રહેલી છે કે, મનુષ્યના શરીરમાં પ્રેત પ્રવેશ કરે છે અને વ્યાધિને ઉત્પન્ન કરે છે. આ પ્રેતને કાઢવાને તેઓ અધમ દેવોનો આશ્રય લે છે.

દરેક હિંદુ પોતાના પિતૃઓને પૂજે છે. આ પ્રચારને લીધે દરેક સંતપુરૂષ કે વીરપુરૂષ હિંદુઓમાં માનનું પાત્ર બની રહેલો છે. સંતની સમાધિનું સ્થાન પવિત્ર ગણાય છે. ત્યાં અનેક લોકો દર્શનને માટે જાય છે. આવી સંતપૂજા હિંદુસ્તાનમાં ઘણે સ્થળે જોવામાં આવે છે, અને અનેક સાધુઓની યાદગીરી જાળવી રાખવાને હિંદુઓ મંદિર, દેવાલય, વગેરે બંધાવે છે. નીચલા વર્ગોમાં પાષાણ કે પશુની પૂજામાં જ સઘળી ધર્મભાવના સમાઇ રહેલી જોવામાં આવે છે. શિક્ષિત વર્ગોમાં એ પૂજાને ગૌણ સ્થાન આપવામાં આવેલું છે. ઉચ્ચ વર્ગના હિંદુઓની માન્યતા એવી છે કે, અખિલ વિશ્વમાં સત્તારૂપે એક **પરમાત્મા** વ્યાપી રહેલો છે; જગત્‌માં તે સાક્ષીરૂપે રહેલો છે. જગત્ મિથ્યા છે અને બ્રહ્મ સત્ય છે; અવિદ્યારૂપ માયાથી મોહિત થએલો જીવાત્મા જગત્‌ને સત્ય સમજે છે અને પરમાત્માને ઓળખી શકતો નથી; જ્યારે જીવાત્મા ખરા જ્ઞાનનો ભોગી થાય છે ત્યારે તેની અવિદ્યાનો નાશ થાય છે, અને મુક્ત બની નિત્ય નિરતિશય આનંદનો ભોક્તા બની રહે છે—તે મોક્ષને પ્રાપ્ત કરે છે. આ તત્ત્વજ્ઞાન સઘળા જ્ઞાનની અવધિ છે. તેનો પાર પામવાને પ્રાચીન ઋષિએ એક જે માનસિક પ્રયાસ કરેલો છે તેવો પ્રયાસ અન્ય કોઇ પ્રજાએ કરેલો ભાગ્યે જ જોવામાં આવે છે, અને તે હિંદુઓની અગાધ બુદ્ધિનો પ્રત્યક્ષ પુરાવો આપે છે.

---

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

# પ્રકરણ દશમું.

## ગ્રીસનો ધર્મ.

ગ્રીસમાં હોમર નામનો એક મોટો કવિ થઇ ગયો. તેની કવિતાઓમાંથી ગ્રીકપ્રજાના ધાર્મિક જીવનનો કંઇક ચીતાર આપણને મળી આવે છે. દેવો વિષે તે પ્રજાની ભાવનાઓ અને માન્યતાઓ કેવી હતી તેનો ખ્યાલ તે કવિતાઓ આપણને આપે છે. ગ્રીક લોકોએ પોતાના દેવો મુકરર કરી તેમને ચઢતા ઉતરતા દરજ્જા પ્રમાણે ગોઠવી રાખ્યા હતા. સર્વે દેવોનો ઉપરિ ઝ્યુઝ ગણાતો હતો. તેની મરજી એ જ ભૌતિક વિષયમાં કાયદો મનાતો. સર્વે ઓલીમ્પસ નામના પર્વત ઉપર રહેતા હતા. જો કે સર્વે દેવોને ઝ્યુઝને આધીન રહેવું પડતું ન હતું, તો પણ તેમને જુદા જુદા હક્ક આપવામાં આવ્યા હતા અને અમુક અમુક કાર્ય કરવામાં તેઓ સ્વતંત્ર હતા. તેમની સત્તાનો જુદો પ્રદેશ પણ નક્કી કરી આપવામાં આવ્યો હતો. દેવો મનુષ્યોની સાથે સતત સંબંધ રાખતા, તેમને અનેક રીતે મદદ કરતા, અને મનુષ્યરૂપ ધારણ કરીને પૃથ્વી ઉપર આવતા. વળી તેમના પાપકર્મને માટે તેઓ તેમને શિક્ષા પણ કરતા. મનુષ્યોની માફક દેવો પણ કામ, ક્રોધ, ઇર્ષ્યા વગેરેને વશ થતા; પણ તેથી કરીને ગ્રીક લોકોની સાદી અને શુદ્ધ પવિત્રતામાં કોઇ પણ પ્રકારનો બાધ આવતો નહિ.

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

દેવોને અમુક નામ આપવામાં આવ્યાં હતાં. તેમનાં સ્વરૂપ ભવ્ય અને સુંદર કલ્પવામાં આવ્યાં હતાં. ઘણા દેવોનાં સ્વરૂપ અને તેમને લગતી ધાર્મિક ક્રિયાઓ બતાવી આપે છે કે, **ગ્રીસ**માં એકવાર પ્રકૃતિપૂજાનો પણ પ્રચાર હતો. વળી પશુ-પૂજાનાં કંઇક કંઇક ચિહ્નો ગ્રીકધર્મમાં મળી આવે છે. ધાર્મિક ક્રિયાઓ, દંતકથાઓ, અને ચિહ્નો પશુઓનો દેવતાઓની સાથેનો સંબંધ દર્શાવે છે. ઘણી ખરી પ્રજાઓમાં બનેલું છે તેમ, એકવાર **ગ્રીક પ્રજા** પણ અસંસ્કૃત અવસ્થામાં હતી, અને તે વખતની તેની કેટલીક ભાવનાઓ તેની ઉચ્ચ ધાર્મિક અવ-સ્થામાં પણ તેની તે જ કાયમ રહેલી જોવામાં આવે છે. જ્યારે **ગ્રીસ**ના તત્ત્વવેત્તાઓ એક સર્વોપરિ પ્રભુની પૂજાનો બોધ કરતા હતા તે સમયમાં પણ અધમમાં અધમ વહેમો અને નિર્દયતાભરેલી ક્રિયાઓ નાનાં નાનાં ગામોમાં જોવામાં આવતી હતી. આવાં નાનાં ગામોમાંથી અસંસ્કૃતતાનાં બીજ ઝટ લઇને નાશ પામતાં નથી, અને એ અસંસ્કૃતતામાંથી જ ભાવી પ્રજાઓને અસત્ય લાગે એવી અનેક કલ્પિત દંતકથાઓ ઉદ્ભવી રહે છે. પણ આશ્ચર્યની વાત એ કે, આવી અનેક અસંસ્કૃત ભાવનાઓ અને ક્રિયાઓ આસપાસ પ્રવર્તી રહેલી હતી છતાં પણ તેમાંથી ગ્રીક ધર્મે પોતાનો માર્ગ કર્યો હતો, અને એક સમયે તે એક સુંદર અને ભવ્ય સ્વરૂપ ધારણ કરી રહ્યો હતો.

**ઓલીમ્પસવાસી** દેવો ગ્રીકધર્મના મુખ્ય દેવતાઓ છે. તેમની સંખ્યા બાર છે. એ દેવોમાંના ઝ્યુઝ્, **એથેની** અને **એપૉલો** નૈતિક નિયમોના પાલક ગણાય છે. સર્વે દેવોની

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

ઉત્પત્તિ યુરેનસ (વરુણ) અને ગી (પૃથ્વી) થી થએલી માનવામાં આવે છે. બીજા નાના દેવતાઓનું પણ અસ્તિત્વ માનવામાં આવે છે, અને તેઓ મનુષ્યોનાં નાનાં નાનાં કામોના દૃષ્ટા ગણાય છે.

સર્વે દેવોમાં મુખ્ય દેવ ઝ્યુઝ છે. તે સ્વર્ગમાં રહે છે અને વાયુ, વૃષ્ટિ અને વિદ્યુત્ તેને આધીન છે. તેને **પોસીડન** અને **હેડ્ઝ** નામના બે ભાઇ છે. **પોસીડન** મહાસાગરનો ઉપરી છે, અને હેડ્ઝ પાતાળનો રાજા છે. એ બે ભાઇઓની મદદથી ઝ્યુઝ અખિલ વિશ્વ ઉપર રાજ્ય ચલાવી રહેલો છે. કુટુંબ, જાતિ, નગર, સમસ્ત પ્રજા વગેરેનું તે રક્ષણ કરે છે; ગુન્હાની શિક્ષા પણ તે જ આપે છે; અને મનુષ્યોનાં ભાવી પણ તેના હાથમાં જ રહેલાં છે. ગ્રીકધર્મમાં દેવીઓને પણ જુદી સત્તા આપવામાં આવેલી છે. **હીરા** સ્વર્ગની રાણી છે. પોતાના પતિથી પણ સ્વતંત્ર સત્તા તે ભોગવે છે. મનુષ્યોનાં લગ્નની તે પાલક છે, અને બાળકની દાતા પણ તે છે.

**એપૉલો** સૂર્યનું અધ્યાત્મિક સ્વરૂપ છે. તે સૂર્યદેવ તરીકે જ પૂજાય છે. સંગીત, કાવ્યશક્તિ, રોગવિનાશક વિજ્ઞાન, અને દૈવી પ્રેરણાનો પણ તે અધિષ્ઠાતા દેવ ગણાતો હતો. **ડેલ્ફીમાં** તેનું એક દેવાલય બાંધવામાં આવ્યું હતું અને તે આખા **ગ્રીસને** આનંદ અને જ્ઞાનનું મધ્યસ્થાન બની રહ્યું હતું. **એપૉલો** ઘણા દૈવી ગુણોનો ભંડાર ગણાતો, અને તેના પૂજકોએ અત્યંત પવિત્ર રહેવું એવી તેની આજ્ઞા હતી. તેની ભક્તિ ઉચ્ચ આદર્શોને

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

ઉત્પન્ન કરતી, અને પાપીઓને શિક્ષા કરવામાં તે ઘણો તત્પર લેખાતો. તેની પૂજાનાં કેટલાંક અધમ સ્વરૂપ પણ ગ્રીકપ્રજામાં જોવામાં આવતાં હતાં. એપૉલોને નામે પશુઓનો ભોગ અપાતો કેટલેક સ્થળે નજરે આવતો હતો. **એપૉલોને આર્ટેમીસ** નામની એક બહેન હતી. આરણ્યક રમત ગમતની તે અધિષ્ઠાત્રી દેવી ગણાતી હતી. તે શુદ્ધ અને પવિત્ર, અવિવાહિતા કન્યા જ હતી. એક સમયે તે નદી, ઝાડપાન, તથા વરૂ, રીંછ વગેરે જાનવરોની સાથે સંબંધ ધરાવનારી દેવી લેખાતી હતી, અને તેથી કરીને ગ્રીસમાં ઘણાં મનુષ્યો રીંછને મૂર્તિમંત **આર્ટેમીસ** ધારતા અને તેનું પૂજન કરતા.

ગ્રીસમાં એવી દંતકથા ચાલી રહેલી છે કે, વિચાર અને પ્રજ્ઞાની દેવી **એથેની** ઝ્યુઝના મસ્તકમાંથી ઉત્પન્ન થએલી છે. તે જ્ઞાન, જય અને શાંતિની દાતા છે, .રાજ્યની રક્ષક છે, અને ઉદ્યોગ, કળા વગેરેની તે સહાયક છે. તે પણ શુદ્ધ, પવિત્ર, અવિવાહિતા કન્યા જ છે. **એથન્સમાં** કોઇ કોઇ વાર તે પૃથ્વીની અધિષ્ઠાત્રી દેવી તરીકે પૂજાતી હતી; પણ પ્રાચીન સમયમાં તો તે જ્ઞાન અને સંસ્કૃતિનાં મૂળતત્ત્વોનું દાન કરનાર મૂર્તિમંત વિચારશક્તિ જ ગણાતી હતી. ગ્રીકપ્રજાના ચારિત્ર્યમાં સર્વને આશ્ચર્ય પમાડનાર જે જે કાંઈ—સૌંદર્યનું પૂજન, સૂક્ષ્મ વિચાર પ્રતિ પ્રેમ અને આદર્શની ભક્તિ—જોવામાં આવે છે તે તે સર્વના **એથેની** અને **એપૉલો** નમૂનાઓ છે.

સઘળા **ઓલીમ્પસવાસી** દેવોનું વર્ણન આપવું અશક્ય છે. ગ્રીકપ્રજા અનેક દેવોને માને છે. **એફ્રોડાઇટી** નામની દેવી રતિદેવી

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

ગણાય છે. **પોસીડન** મહાસાગરનો અધિપતિ છે. **એરિસ** યુદ્ધનો દેવ છે. એ સિવાય અગ્નિ, ધાતુકામ, ગૃહસ્થાશ્રમ વગેરેના પણ અધિષ્ઠાતા દેવો માનવામાં આવેલા છે. પૃથ્વી અને તેની ફળદ્રુપતા, તથા ઝાડપાન, ભાજીપાલો વગેરેના પોષક દેવોનો પણ ગ્રીકધર્મમાં સ્વીકાર કરવામાં આવેલો છે. **એલ્યુસીઝ**માં એક ગુપ્ત ધાર્મિક ક્રિયા કરવામાં આવતી હતી અને ત્યાં ગુપ્તવિદ્યાનો બોધ અપાતો હતો. એ વિદ્યા **એલ્યુસીઝ**ની ગુપ્તવિદ્યાને નામે પ્રસિધ્ધ છે. એ વિદ્યાથી ગ્રીકધર્મ ઉપર ઘણી ભારે અસર થઈ રહી હતી. એ વિદ્યા અને એને અંગે થતી ધાર્મિક ક્રિયાઓની ઉત્પત્તિ ગ્રામ્યજનોની કેટલીક માન્યતાઓમાંથી થઇ રહી હતી, અને તેમના પાલનથી પૃથ્વી પુષ્કળ અન્નને આપે છે એવી માન્યતા સર્વત્ર ફેલાઇ રહી હતી. ધાર્મિક ક્રિયાઓમાં ઉપવાસ, દેહશુધ્ધિ, નૈવેદ્યનું ભક્ષણ, પવિત્ર પદાર્થોનું ગ્રહણ વગેરે બાબતોનો સમાવેશ કરવામાં આવેલો હતો, અને તે **ગ્રીસમાં** ઘણી જ લોકપ્રિય થઈ રહી હતી. ગ્રીક ધર્મમાં અધ્યાત્મિક તત્ત્વ પૂરૂં પાડવામાં તે ઘણી સાધનભૂત બની હતી.

ગ્રીકધર્મમાં પુરોહિતોનો દરજ્જો મુકરર કરવામાં આવ્યો ન હતો. તેમનો એક અમુક વર્ગ પણ બનાવેલો ન હતો. દરેક પંથ, દરેક દેવાલયના જુદા જુદા પુરોહિતો હતા તેઓ યજ્ઞની દેખરેખ રાખતા, ભવિષ્યવાણીને સમજાવતા અને ગ્રીકધર્મમાં અગત્યનો ભાગ ધરાવનાર ધાર્મિક મહોત્સવોની વ્યવસ્થા કરતા. દરેક બાબતમાં મનુષ્યો દેવતાઓને આધીન છે એવી વાત ગ્રીકધર્મની દરેક ક્રિયામાંથી સમજાઇ આવતી હતી. દરેક ભોજન યજ્ઞની સામગ્રી છે એમ ગ્રીક લોકો માનતા. દરેક ભોજનમાંથી દેવતાઓનો ભાગ

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

જુદો કાઢવામાં આવતો. મનુષ્યયજ્ઞ કોઈ કોઇ વાર કરવામાં આવતો, પણ ઘણે ભાગે એ યજ્ઞ દેવતાઓ તરફ આભારની લાગણી દર્શાવવાને માટે જ કરવામાં આવતો. ધાર્મિક ઉત્સવો ઘણા જ આનંદથી ઉજવવામાં આવતા. તેમાંના કેટલાક ગ્રીક પ્રજાના પ્રજાકીય જીવન અને ધર્મના આવિર્ભાવરૂપ જ હતા. ઘણી રમતો, ગમતો, નૃત્ય અને સંગીત એક સંપૂર્ણ ધાર્મિક જીવનનાં અંગો તરીકે જ ગણવામાં આવતાં. ધાર્મિક મહોત્સવોને અંતે એથેની પ્રસન્ન કરવાને યજ્ઞો કરવામાં આવતા અને સમસ્ત પ્રજાને માટે પ્રાર્થના કરવામાં આવતી.

ગ્રીક પ્રજામાં પુનર્જન્મની ભાવના આ પ્રમાણે હતી. સઘળા મૃત મનુષ્યોના આત્માઓ પાતાળમાં પ્રવેશ કરે છે અને ત્યાં આનંદરહિત જીંદગી ગાળે છે. કેટલાક ખાસ કરીને દેવતાઓને પ્રિય હોય તે તેમની સાથે ઓલીમ્પસ પર્વત ઉપર રહે છે. દુષ્ટો, પાપીઓ અને પ્રભુને નહિ માનનારાઓ ટારટેરસ નામના સ્થળમાં અત્યંત કષ્ટને સહન કરતા પડી રહે છે. વળી ગ્રીકપ્રજાની એવી પણ માન્યતા હતી કે, પાપીઓ આ જન્મમાં જ પોતાનાં કૃત્યોનું ફળ ભોગવે છે. દેવતાઓ તેમને અહીંઆં જ શિક્ષા કરે છે. જ્યારે ગ્રીસમાં તત્ત્વજ્ઞાનનો ઉદય થયો ત્યારે ગ્રીક પ્રજા એકેશ્વરવાદનું ખરૂં સ્વરૂપ સમજવા લાગી, અને તેની સાથે તેની પુનર્જન્મની ભાવના પણ બદલાવા લાગી અને તે ઉચ્ચ સ્વરૂપને ધારણ કરવા પામી.

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

# પ્રકરણ અગીઆરમું.

## રોમનો ધર્મ.

હેગલે એકવાર કહ્યું હતું કે, ગ્રીક દેવતાઓની માફક રૌમના દેવતાઓ માનવ શરીરધારી નથી પણ તેઓ માત્ર ચેતન વગરનાં યંત્રો છે. પ્રાચીન અસંસ્કૃત મનુષ્યો એમ ધારતા હતા કે, સર્વ વસ્તુમાં વિદેહી આત્મા રહેલો છે, અને તેથી કરીને રોમના લોકો પણ વૃક્ષ, પર્વત, નદી, વગેરેમાં અભિમાની દેવો રહેલા છે એમ માનતા હતા. આવી ભાવનામાંથી કેટલીક પ્રાકૃતિક દેવો વિષેની ભાવના અસ્તિત્વમાં આવી હતી. કૃષિકર્મનો પણ અધિષ્ઠાતા દેવ છે એવી માન્યતા સર્વની થઇ રહી હતી. ઘણા સૂક્ષ્મ કર્મકાંડથી દેવની પૂજા કરવામાં આવતી હતી. જ્યાંસુધી યથાવિધિ કર્મ કરવામાં આવતું નહિ અને દેવોનાં અભિધાન તથા પદવી બરાબર જાણવામાં આવતાં નહિ ત્યાં સુધી તે કર્મ યથાર્થ રીતે થયું ગણાતું નહિ. પ્રથમ રોમના લોકો પ્રતિમાને પૂજતા નહિ કે દેવાલયો બંધાવતા નહિ. પણ ગ્રીકધર્મની અસરને લીધે આ સઘળું અસ્તિત્વમાં આવવા લાગ્યું. તે ધર્મની અસર એટલી બધી થઇ કે, આખરે રોમના દેવતાઓને સ્થાને ગ્રીક દેવતાઓ જ સ્થપાવા લાગ્યા અને તેમનાં નામની આસપાસ ભવ્ય દંતકથાઓ પ્રચલિત થઇ રહેવા લાગી.

આ ઉપરથી એટલું સિદ્ધ થાય છે કે, પ્રાચીન રોમના ધર્મમાં અનેક નાના નાના દેવતાઓ અને થોડાક પ્રાકૃતિક દેવોની પૂજા

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

પ્રચલિત હતી. રોમના લોકો પિતૃપૂજા પણ કરતા હતા. કેટલાક ગૃહદેવતાઓની પણ આરાધના કરવામાં આવતી હતી. તેમની પૂજા પવિત્ર અગ્નિ સાથે ઘણો સંબંધ ધરાવતી હતી. એ સંબંધ દર્શાવે છે કે, રોમના લોકોમાં અગ્નિપૂજા પણ એક વાર અસ્તિત્વ ધરાવી રહેલી હતી.

રોમના મૂળ દેવતાઓ કૃષિવિદ્યા, કૃષિકારનું જીવન, પ્રાકૃતિક બનાવો સાથે વધારે સંબંધ ધરાવતા હોય એમ જણાય છે. સૅટર્ન (શનિ) નામનો દેવ વાવેતરનો દેવ ગણાતો હતો; પછીથી તે કૃષિ-વિદ્યા તથા સંસ્કૃતતાનો શિક્ષક તરીકે લેખાવા લાગ્યો. શાંતિપૂર્ણ સુવર્ણમય સમયનો નેતા પણ તે જ હતો. આખરે તે ગ્રીક દેવ ક્રોનૅાસ તરીકે પૂજાતો હતો. સેટર્નેલિયા નામનો મહોત્સવ તેના જ માનમાં કરવામાં આવતો હતો અને તે કાપણી કરવાના સમયે ઉજવવામાં આવતો હતો. ફ્રોનસ ભરવાડોની પૂજ્ય હતી, અને તે તેમનાં પશ્વાદિનું રક્ષણ કરતી હતી. છેવટે તેને પણ ગ્રીક દેવ પૅનમાં ભેળવી દેવામાં આવી હતી. તે પ્રમાણે જ અન્ય દેવતાઓની બાબતમાં પણ થયું હતું. ભિન્ન ભિન્ન બાબતોના ભિન્ન ભિન્ન દેવતાઓ ગણવામાં આવતા હતા. પૃથ્વી, પાકવૃદ્ધિ, પશુવૃદ્ધિ, વૃક્ષાંકુર, ફળ, સમુદ્ર, અગ્નિ વગેરેના અધિષ્ઠાતા દેવોનું અસ્તિત્વ માનવામાં આવતું હતું. ઋતુઓ, અરણ્યો અને કાપણીના સમયના પણ રક્ષક દેવોની હયાતી સ્વીકારવામાં આવતી હતી. પેલીસ પશુઓનો વંઝાદોષ હણવામાં સમર્થ ગણાતો હતો. પુષ્પ, મહોર, વગેરેને માટે ફ્લોરાની ઉપાસના કરવામાં આવતી હતી. ફળાદિને માટે પોમોનાને પ્રાર્થના કરવામાં આવતી હતી.

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

**નેપ્ચ્યુન** સમુદ્રનો દેવ ગણાતો હતો. **વેસ્ટા** અગ્નિદેવ તરીકે પૂજાતી હતી.

**રોમ**માં જેમ જેમ નાગરિક જીવનનો વિકાસ થતો ગયો તેમ તેમ એ દેવોમાંના કેટલાક દેવોનાં કાર્યોમાં પણ ફેરફાર થતો ગયો કેટલાક દેવો પ્રાધાન્ય ભોગવવા લાગ્યા. એ દેવોમાં **જેનસ** નામનો દેવ મુખ્ય હતો. દરેક કાર્યના પ્રારંભમાં એની પૂજા કરવામાં આવતી. વર્ષની શરૂઆતમાં આવતો જાન્યુઆરી માસ **જેનસને** પવિત્ર હતો. સર્વે ક્રિયાઓનો આરંભ કરનાર એ ગણાતો અને તેથી કરીને સર્વે એને દેવાધિદેવ કહેતા. **જેનસ** જેટલી જ મહત્તા ધરાવનારો બીજો દેવ **જ્યુપીટર** હતો. તે આકાશનો દેવ ગણાતો હતો. પ્રકાશ, વૃષ્ટિ, અને વિદ્યુત્‌ને ઉત્પન્ન કરનાર તે હતો. ગ્રીક દેવોમાં જેમ **ઝ્યુઅ** સર્વોપરિ સ્થાન ભોગવતો હતો તેમ રોમના દેવોમાં **જ્યુપીટર** સર્વથી અધિક સત્તાવાળો ગણાતો હતો. તે સઘળા સુખ અને જયનો દાતા, પ્રજાનો પિતા અને અનેક ગુણોનો ભંડાર મનાતો હતો. તેની સત્તા અને ગૌરવ અવર્ણ્ય લેખાતાં. તેની સ્ત્રીનું નામ જ્યુનો હતું. રોમના ધર્મમાં અન્ય દેવદેવીઓ પણ ઉચ્ચ સ્થાન ભોગવી રહ્યાં હતાં, પણ તે સર્વેનું વર્ણન આપવું અશક્ય છે. વિદ્યા, ઉદ્યોગ, સ્ત્રીત્વ વગેરેની અધિષ્ઠાત્રી દેવીઓનું અસ્તિત્વ માનવામાં આવતું અને તેમને પ્રાપ્ત કરવાને તે દેવીઓની ઉપાસના કરવામાં આવતી હતી. રોમના દેવોમાં વિષય લાલસાનો અત્યંત અભાવ જોવામાં આવે છે. આથી કરીને રોમના ધર્મમાં કેટલાક નૈતિક ગુણો જાણે કે મૂર્તિમંત હોય તેમ તેમની પૂજા કરવાનો બોધ કરેલો જોવામાં આવે છે. શ્રદ્ધા, વિનય, આશા,

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

પવિત્રતા, સ્થિરતા, ઉદારતા, સુલેહ, જીત, શ્રદ્ધા, સ્વાતંત્ર્ય, વગેરેનું પૂજન કરવાનું રોમનો ધર્મ સર્વને શીખવે છે. દેવોનાં જુદાં જુદાં કર્તવ્યો અને ગુણો પર જુદા જુદા દેવો જ ગણાતા હતા. જીવનના દરેક કાર્યનો અધિષ્ઠાતા દેવ મુકરર કરવામાં આવતો હતો. સમસ્ત જીવન ધર્મની છાયા નીચે આણી મુકવામાં આવ્યું હતું. આધુનિક સમયના વિચારકોને આ વાત હાસ્યાસ્પદ લાગશે, પણ રોમની પ્રજા સંપૂર્ણ ભાવ અને ગંભીરતાથી તેના ધાર્મિક વિચારોનું પાલન કરી રહી હતી. આ બાબતમાંનું તેનું વર્તન દેવો પ્રતિનો તેનો ઉચ્ચ ભાવ દર્શાવી આપે છે.

ઉપર આપણે જોઇ ગયા છીએ કે ગ્રીક ધર્મની ઘણી ઉંડી અસર રોમનાં પ્રજાની ધાર્મિક લાગણીઓ ઉપર થએલી છે. તે અસર એટલી બધી હતી કે, આખરે રોમના દેવોને સ્થાને ગ્રીક દેવોની સ્થાપના કરવામાં આવી હતી અને તેમના વિષેની દંતકથાઓ, તેમનાં કર્તવ્યો અને ધાર્મિક ક્રિયાઓમાં મોટો ફેરફાર કરવામાં આવ્યો હતો. તે જ પ્રમાણે કેટલાક પૌર્વાત્ય પંથોનો પણ રોમમાં આદરસત્કાર કરવામાં આવ્યો હતો. પણ જ્યાં સુધી રોમના રાજ્યનો વિસ્તાર ઘણો વધ્યો ન હતો ત્યાં સુધી જ ત્યાંના વતનીઓ સાદાઇ અને ઉચ્ચ ધાર્મિક વૃત્તિઓને ધારણ કરી રહ્યા હતા. જેમ જેમ રાજ્યનો ફેલાવો થતો ગયો અને રોમના લોકો અધિક સત્તાને પ્રાપ્ત કરતા ગયા તેમ તેમ તેમની ધાર્મિક લાગણીઓ બદલાતી ગઈ. તેમનો જૂનો ધર્મ તેમને નિરુત્સાહી અને પ્રવૃત્તિરહિત બનાવનારો જણાવા લાગ્યો. રોમનો ધર્મ નિવૃત્તિમાર્ગને દર્શાવનારા સ્ટોઇક તત્ત્વજ્ઞાનનો બોધ



P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

કરી રહ્યો હતો. રોમન પ્રજાને તે તત્ત્વજ્ઞાનનાં સૂક્ષ્મ પ્રશ્નોથી સંતોષ વળ્યો નહિ. તેનું પ્રવૃત્તિમય હૃદય નવી વાસનાઓ અને લાગણીઓને સંતોષવાને તત્પર બની રહ્યું હતું. હિંદુસ્તાનમાં જેમ જોવામાં આવે છે, તેમ એ નવી ભાવનાઓ અને વિચારને લીધે રોમન લોકોનું વર્તન નિરંકુશ અને યથેચ્છ બની રહ્યું. કમનસીબે રોમના ધર્મનું અંતિમ લક્ષ્ય રોમની પ્રજાના હૃદયમાંથી ધીમે ધીમે ભુસાઇ જવા લાગ્યું. પરિણામ એ આવ્યું કે, સીઝર જેવા મનુષ્યો ધર્મના પ્રતિનિધિ તરીકે ગણાવા લાગ્યા, અને પૂજા રાજ્યનું ગૌરવ વધારવામાં એક પ્રકારની આવશ્યક વસ્તુ ગણાવા લાગી. સ્તુતિને પાત્ર નહિ તેવા રાજાઓની પણ સ્તુતિ થવા લાગી. તેમનાં સ્ત્રી, પુત્રાદિની પણ પ્રશંસા કરવામાં આવી. તેમના મનમાં ધાર્મિક રમતો ગમતો થતી. છેવટે રાજા જ્યુપીટરનો અવતાર છે એવી માન્યતાએ રોમની પ્રજાના હૃદયમાં વાસ કરવા માંડયો.

રોમમાં પુરોહિતો એક અગત્યનુ મંડળ બની રહ્યા હતા. રાજ્યના ધર્માધિકારીઓ જુદી જુદી સત્તા ભોગવી રહેલા હોય છે તેમ તેઓ પણ ભોગવતા હતા. ધર્મચુસ્તપણું અને રાજ્યભક્તિ માત્ર માનસિક હતાં. માન્યતાથી જ દર્શાવવામાં આવતાં ન હતાં પણ તેમને માટે ધાર્મિક પૂજા મોટા પાયા ઉપર કરવામાં આવતી હતી અને તે પૂજા પુરોહિતોની દેખરેખ નીચે જ કરવામાં આવતી હતી પુરોહિતોના બે વર્ગ પાડવામાં આવ્યા હતા. એક વર્ગ મુખ્ય મુખ્ય દેવોની જ પુજા કરાવતો અને બીજો વર્ગ સામાન્ય રીતે સર્વ દેવોની પૂજા કરાવતો. જ્યુપીટરની પૂજા કરાવનારો એક ખાસ પુરોહિત હતો અને તેને કેટલાક વધારે હકકો આપવામાં

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

આવેલા હતા. વળી, જુદા જુદા દેવોને માટે જુદા જુદા પુરોહિતો નિર્માણ કરવામાં આવ્યા હતા અને તેઓ તે દેવોનાં દેવાલયો, વિભૂતિઓ, વગેરેની સંભાળ લેતા. રાજ્ય તરફથી જે ધાર્મિક ક્રિયાઓ કરવામાં આવતી હતી તેમની વ્યવસ્થા સમસ્ત પુરોહિતમંડળ કરતું હતું. પુરોહિતો શિવાય ભવિષ્યવાદીઓનું એક મંડળ સ્થાપવામાં આવ્યું હતું અને તે આકાશની સ્થિતિ, પક્ષીઓની ગતિ, અને બીજા તેવા બનાવો અને દેખાવો ઉપરથી પ્રભુની ઇચ્છાનું સર્વને ભાન કરાવતું હતું. કોઇ પણ કાર્યનો પ્રારંભ તેમને પૂછયા વગર થતો ન હતો.

રોમના લોકો અત્યંત ભાવથી દેવોની પૂજા કરતા હતા. દરેક પૂજા વખતે સ્તુતિ કરવામાં આવતી હતી. સ્તુતિ રોમની પૂજાનું એક ખાસ લક્ષ બની રહ્યું હતું. સ્તુતિનો શબ્દેશબ્દ અર્થથી ભરેલો મનાતો અને તેથી કરીને તેમાં કોઇ પણ પ્રકારનો ફેરફાર કરવામાં આવતો નહિ. યજ્ઞકાર્યમાં પણ તેવી જ રીત જોવામાં આવતી હતી. પવિત્ર પુસ્તકોમાં લખેલી ક્રિયાઓનું અક્ષરશઃ પાલન કરવામાં આવતું અને જો કે તે ઘણી મિશ્રિત હતી તો પણ તેનો કોઇ પણ ભાગ છોડી દેવામાં આવતો નહિ. યથાવિધિ સંપૂર્ણ રીતે કરેલી ક્રિયા જ ફલદાયક ગણાતી અને તેમાં અત્યંત પવિત્રતાનું પાલન આવશ્યક મનાતું. ટુંકામાં કહીએ તો રોમની પ્રજા નૈતિક પવિત્રતા; દેવભકિત નિયમને વશ વર્તવું, આજ્ઞાનું પાલન કરવું, વગેરે ઉચ્ચ ગુણોથી અલંકૃત થઈ રહેલી હતી, અને એ ગુણો તેને તેનો ધર્મ જ શીખવી રહ્યો હતો.

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

# પ્રકરણ બારમું.

## સ્કૅન્ડીનેવીઆનો ધર્મ.

આર્યજાતિની ટ્યુટૉનિક શાખામાંથી જે પ્રજાઓ નીકળી આવેલી છે તેમનો ધર્મ એક જ પ્રકારનો જોવામાં આવે છે. તે સર્વદા પિતૃપૂજા અને પ્રકૃતિપૂજા કરતી જોવામાં આવે છે. **સ્કૅન્ડીનેવીઆ**ની પ્રજા તેમાંની એક છે અને તેની ધર્મભાવનાઓ પણ તેવા જ પ્રકારની માલૂમ પડી આવે છે. એ ભાવનાઓ **પારસીધર્મ**ને કંઈક મળતી આવે છે, કારણ કે બંનેમાં દેવ અને દાનવો વચ્ચેના યુદ્ધપ્રસંગોને ઘણું જ મહત્ત્વ આપવામાં આવેલું જોવામાં આવે છે.

**સ્કૅન્ડીનેવીઆ**ના ધર્મ અને તેની દંતકથાઓ વિષેનો ખ્યાલ આપણને **એડાસ**માંથી મળી આવે છે. એ **એડાસ આઇસ્લૅન્ડિક** ગદ્ય-પદ્ય-સંગ્રહ છે. અગીઆરમા અને બારમા સૈકાથી તે સંગ્રહ કરવામાં આવેલો છે. તેમાં બાર દેવો, દેવીઓ, દૈત્યો અને પરીઓ વિષે ઉલ્લેખ કરવામાં આવેલો છે. એ દેવોમાં **ઑડીન** મુખ્ય છે. વાયુનો તે અવતાર છે. આખરે તેને અખિલ વિશ્વનો સૃષ્ટા, પિતા, અને ઈશિતા ગણવામાં આવેલો છે. યુદ્ધનો પણ દેવ તે જ છે. પોતાના મહેલમાં બેઠાં બેઠાં તે મનુષ્યો ઉપર રાજ્ય ચલાવે છે. વીર પુરૂષોને તે અત્યંત ચહાય છે, અને યુદ્ધમાં તેમનું મૃત્યુ થયા પછી તેમને ઘણા માનથી પોતાની પાસે બોલાવે છે.

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

અન્ય દેવ થોર છે. શારીરિક શક્તિનું તે સ્થૂલ સ્વરૂપ છે. વિદ્યુત્‌નો તે અધિષ્ઠાતા દેવ છે. પોતાની મોટી ગદા વડે તે સર્વદા દૈત્યો સામે યુદ્ધ કરે છે. આગળ જતાં તે દેવ પ્રજાનો રક્ષક અને સંસ્કૃતિનો દાતા બની રહ્યો હોય એમ જોવામાં આવે છે. થોર, ઓડીન અને લોક ત્રણે મળીને ત્રિમૂર્તિ બનાવે છે, અને તેઓ સર્વદા દૈત્યોની સામે યુદ્ધ કરતા જણાય છે. સ્કૅન્ડીનેવીઆના ધર્મમાં પ્રકૃતિની આસુરી શક્તિઓને જ દૈત્યોની સંજ્ઞા આપવામાં આવેલી છે, એટલે દૈવી અને આસુરી ભાવનાઓ વચ્ચે મનુષ્ય-હૃદયમાં જે યુદ્ધ ચાલી રહેલું છે તેનો જ ચિતાર એ ધર્મ આપણને આપે છે.

બાલ્ડર નામનો દેવ પ્રકાશનો દાતા છે. મૃદુતા, પવિત્રતા અને સજ્જનતાની તે જીવંત મૂર્તિ છે. મનુષ્યો અને દેવો સર્વદા તેની સ્તુતિ કરે છે. તેના સ્વર્ગીય મહેલમાં કોઈ પણ જાતની અપવિત્રતા પ્રવેશ કરી શકતી નથી. ટાયર નામનો દેવ અન્ય ધર્મોના ઝ્યુઝ અને જ્યુપીટર જેવો છે. તે પણ યુદ્ધનો દેવ છે અને મનુષ્યોને શુરાતનનો દાતા છે.

સ્કૅન્ડીનેવીઆના ધર્મમાં બીજા ઘણા દેવોનું વર્ણન આવે છે. પ્રકાશ, વૃષ્ટિ, અન્ન, દ્રવ્ય અને શાંતિને આપનારા જુદા જુદા દેવોની માન્યતા તેમાં જોવામાં આવે છે. સમુદ્રદેવ, વાયુદેવ વગેરે ભાવનાઓ અહીં તહીં નજરે આવે છે. વાક્ચાતુર્ય, ન્યાય, અને કાવ્યશક્તિના અધિષ્ઠાતા દેવોનું પણ અસ્તિત્વ માનવામાં આવે છે. એ દેવો વિષેની ભાવનાઓ સ્કૅન્ડીનેવીઆની પ્રજાનું

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

શૌર્ય, પ્રમાણિકતા અને પરાક્રમશાલી ગુણોનાં પ્રતિબિમ્બો જ છે. દેવો યુદ્ધમાં અને મદ્યપાનમાં ઘણો રસ લેતા નજરે આવે છે, તો પણ તેઓ નીતિવાન્, બળવાન્, ન્યાયી, હિંમતવાન્, સત્યશીલ અને પ્રમાણિક છે, સ્કૅન્ડીનેવીઆના લોકો પ્રારબ્ધવાદી છે. દેવો પણ પ્રારબ્ધને આધીન છે એવું તેમનું માનવું છે. દેવો અને દાનવોની વચ્ચે થએલા યુદ્ધ વિષેની અનેક ધાર્મિક દંતકથાઓ સ્કૅન્ડીનેવીઆમાં પ્રચલિત છે. તેઓ નીતિબોધથી ભરપૂર છે. ઘણા મનુષ્યો તેમને આધારે પોતાનું જીવન ઘડે છે. ભૌતિક દૃષ્ટિએ જોતાં તેઓ માત્ર દેવો અને દાનવોનું યુદ્ધ જ વર્ણવતી હોય એમ માલૂમ પડે છે, પણ સૂક્ષ્મ દૃષ્ટિએ વિચાર કરતાં તેમાં અધ્યાત્મિક અને અનાત્મિક વાસનાઓનો પરસ્પર વિરોધ આપણી નજરે આવે છે. એ કથાઓમાંથી ફલિત થતા નૈતિક જ્ઞાન વડે કરીને સ્કૅન્ડીનેવીઆના લોકોનું જીવન ઘડાઇ રહેલું છે અને તેઓ તેથી બળવાન્, નિશ્ચયી, અને હિંમતવાન્ થએલા છે.

સ્કૅન્ડીનેવીઆના લોકો એમ માને છે કે, યુદ્ધમાં મરનાર મનુષ્યો સ્વર્ગને પ્રાપ્ત કરે છે. ધૃતિ, બળ, અને યુદ્ધમાં મૃત્યુ—એ ત્રણ તેમનામાં સ્વર્ગપ્રાપ્તિનાં સાધન ગણાય છે. કાયરતા અને શય્યામાં થએલું મૃત્યુ—એ બે નર્કે લઈ જનારાં મનાય છે. નૈતિક નિયમો પ્રમાણે શુભાશુભ કર્મોનું ફળ મળ્યા વગર રહેતું નથી અને મનુષ્યને ભાવી સમયમાં એક વાર પોતાનાં કર્મોનો જવાબ દેવો પડે છે એવી ભાવના સ્કૅન્ડીનેવીઆના લોકોમાં ઘણા લાંબા સમય પછી ઉદય પામી હતી.

સ્કૅન્ડીનેવીઆના લોકોમાં મંત્ર, જંત્ર, તંત્ર, વગેરેનો ઉપયોગ થતો જોવામાં આવે છે. એ લોકોની માન્યતા એવી છે કે, અમુક

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

મંત્રોના ઉચ્ચારણથી મૃત મનુષ્યના પ્રેતને બોલતું કરી શકાય છે, દરીઆનું તોફાન શાંત કરાય છે, મનુષ્ય અદૃશ્ય થઇ શકે છે અને તે પોતાનામાં અસાધારણ બળ આણી શકે છે. સ્કૅન્ડીનેવીઆના લોકોની ધાર્મિક ક્રિયાઓ જોતાં અસંસ્કૃતતાએ વાસ કરેલો છે. ટુંકામ. એમનો ધર્મ પ્રાર્થના અને યજ્ઞથી દેવોની આરાધના કરવામાં, કોઇ પણ પ્રકારનું અશુભ કે અન્યાય ભરેલું કર્મ નહિ કરવામાં અને યુદ્ધમાં નિર્ભય થવામાં જ સમાઇ રહેલો જોવામાં આવે છે. સ્કૅન્ડીનેવીઆમાં એકવાર પશુયજ્ઞ, મનુષ્યયજ્ઞ અને એવી બીજી ઘાતકી ક્રિયાઓ પણ નજરે આવતી હતી. પણ દેવો વિષેની તેમની ભાવનાઓમાં તેમ જ દેવોના ચારિત્ર્યમાં કોઇ પણ પ્રકારની નિર્દયતા જોવામાં આવતી નથી; તેથી કરીને એમ સિદ્ધ થાય છે કે, એ ઘાતકી ક્રિયાઓ સર્વને સંમત નહિ હોય. વળી, સ્કૅન્ડીનેવીઆના લોકો જુદી જુદી ઋતુઓમાં જુદા જુદા દેવોના માનમાં મહોત્સવો કરતા હતા. જો કે, હાલમાં સ્કેન્ડીનેવીંઆ માં કેટલેક અંશે ખ્રિસ્તી ધર્મનો પ્રચાર થઇ રહેલો છે, તો પણ ત્યાંના ખેડુતવર્ગમાં પ્રાચીન સમયની ધાર્મિક ક્રિયાઓ અને રિવાજો હજી પણ તેવા ને તેવા જ રૂપમાં જોવામાં આવે છે.

---

# પ્રકરણ તેરમું.

## ઇરાનનો પારસી ધર્મ.

હિંદુઓ અને ઈરાનીઓ આર્યજાતિની એક જ શાખામાંથી નીકળી આવેલા છે. બીજી આર્યજાતિઓ છૂટી પડી ગઈ,

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

પણ તેઓ બંનેના પિતૃઓ થોડાક સમય સુધી ભેગા જ રહેતા હતા. આખરે તેઓ પણ જુદા થયા અને તેમની એક શાખા **હિંદુસ્તાન** તરફ વળી અને બીજી શાખા **ઇરાનમાં** જઇને રહી. આ ઉપરથી એમ લાગે છે કે તે સમયે **હિંદુઓ** અને **ઈરાની-ઓના** પિતૃઓની ધર્મભાવનાઓ લગભગ એક સરખી જ હશે. પાછળથી જુદાં જુદાં નિવાસસ્થાન અને પરિસ્થિતિને લીધે તે ભાવનાઓમાં ફેરફાર થએલો જણાય છે. છેવટે તે ભાવનાઓ ભિન્ન ભિન્ન સ્વરૂપને ધારણ કરી બે જુદા જુદા ધર્મમાં પરિણમી રહેલી છે. ભારતવર્ષના ભવ્ય સૃષ્ટિસૌંદર્ય વડે કરીને હિંદુઓનાં હૃદયમાં પ્રકૃતિ તરફ માન અને પૂજ્ય ભાવ ઉત્પન્ન થઇ રહ્યાં, તેથી કરીને વેદમાં વર્ણવેલી પ્રકૃતિપૂજા અસ્તિત્વમાં આવી અને આર્ય તત્વજ્ઞાનનું સૂચન થયું. **ઇરાનમાં** જીવનકલહ ભારે થઇ રહ્યો હતો અને **ઈરાની** પ્રજાને એક બળવાન પ્રજા થઇ રહેવાની જરૂર પડી હતી. એ જરૂરીઆતોની અસર તેમની ધર્મભાવનાઓ ઉપર થઇ રહી અને દેવ-દાનવોના યુદ્ધથી બોધિત થતા નૈતિક વિચારો તેમના ધર્મમાં મધ્યસ્થાન લઈ રહ્યા. **ઈરાનના** ધર્મો-પદેશક **ઝોરોસ્થરે** તે વિચારોને સ્થૂલ સ્વરૂપ આપી તેમને વ્યવસ્થિત કર્યા. પણ આ સ્થળે એટલું કહેવું આવશ્યક છે કે, જો કે ઇરાની ધર્મમાં વૈદિક વિચારોથી ભિન્ન વિચારોનો સમાવેશ થએલો જોવામાં આવે છે તો પણ બંને ધર્મોમાં ઘણા વિચારોની સામ્યતા રહેલી છે.

**ઈરાનીધર્મ-પારસીધર્મ**-નું વાસ્તવિક જ્ઞાન આપણને **ઝેન્દ-અવસ્તામાંથી** મળી આવે છે. **ઝેન્દ-અવસ્તા** ઇરાની-

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

ઓનું પવિત્ર પુસ્તક છે. તેમાં જુદા જુદા સમયના લેખો મળી આવે છે. તેનો પહેલો ભાગ જે ગાથાને નામે ઓળખાય છે તે ઝોરોસ્થરને હાથે લખાએલો છે. ગાથા ઉત્તમ ગીતોથી ભરપૂર છે અને તે વેદનાં સ્તુતિરૂપ ગીતોને મળતાં આવે છે. અહુર-મઝદ્ પાસેથી પ્રથમ ઇશ્વરી કાયદાઓનું જ્ઞાન મેળવનાર ઝોરોસ્થર છે એવું કથન ઝેન્દ્-અવસ્તામાંથી મળી આવે છે. ઇરાનીધર્મનો વિકાસ કરનાર પણ ઝોરોસ્થર જ છે. ઝોરોસ્થરને ઇશ્વરની આજ્ઞા થાય છે અને તે બોધ કરવાને નીકળી પડે છે. તેણે ઇરાનીઓના ધાર્મિક વિચારોને વ્યવસ્થિત સ્વરૂપ આપ્યું છે અને પોતાના જાતિભાઇઓને નીતિનો બોધ આપીને તેમની સુધારણા કરેલી છે. જગત્‌ના દરેક ધર્મમાં ઉચ્ચ નીતિનો બોધ કરનાર અને તેનો મજબૂત પાયો નાંખનાર કોઇ મહાપુરૂષ થએલો છે. બુદ્ધ, કોન્ફ્યુશીઅસ, મહંમદ વગેરે એવા જ મહાપુરૂષો હતા. ઝોરોસ્થર પણ તેમાંનો એક હતો. ઇરાનના ધાર્મિક વિચારોમાં અનેક દેવોની ભાવના અને પ્રકૃતિપૂજા અગ્રસ્થાન ધરાવી રહેલાં હતાં. ઝોરોસ્થરે તે વિચારોને એક પ્રકારનું નૈતિક અને અધ્યાત્મિક સ્વરૂપ આપ્યું અને તેનો પાયો એવો તો મજબૂત નાંખ્યો કે, મનુષ્યના સ્વાભાવિક આસુરી ગુણો તેની સત્તા આગળ નષ્ટપ્રાય થઇ જવા લાગ્યા. તેના બોધથી સર્વે મનુષ્યો અધ્યાત્મિક દૃષ્ટિ વડે સાત્વિકતા, જ્ઞાન અને વ્યવસ્થા સંપાદન કરવા લાગ્યા.

જગત્‌ના સઘળા ધર્મો દ્વૈતવાદને જ અનુસરનારા નજરે આવે છે. એકલો હિંદુધર્મ જ અદ્વૈતવાદને શિખરે પહોંચેલો છે. ઇરાની ધર્મ પણ દ્વૈતવાદનો જ આશ્રય લે છે. અહુર-મઝ્દ

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

તેનો મુખ્ય દેવ છે. તે જગત્નો સૃષ્ટા અને મનુષ્યોનો રક્ષક ગણાય છે. તેનામાં અત્યંત પવિત્રતા અને અધ્યાત્મિકતાએ વાસ કરેલો છે. નિર્મળ અંતઃકરણ, નિયમ અને ક્રમ, સંપૂર્ણ પવિત્રતા, સામ્રાજ્ય, અમરત્વ, અને કલ્યાણમયતા એનાં સ્વાભાવિક લક્ષણો છે. દેવો અને દાનવો, સત્ અને અસત્, જ્ઞાન અને અજ્ઞાન, વ્યવસ્થા અને અવ્યવસ્થા વચ્ચે ચાલી રહેલું સતત યુદ્ધ ઈરાની-ધર્મમાં વારંવાર જોવામાં આવે છે.

ઇરાનીઓના ઘણાખરા દેવો વૈદિક દેવોને મળતા જ છે. માત્ર તેમનાં નામોમાં જ ફેર છે. વળી તેમના ધર્મમાં શ્રદ્ધા, ભક્તિ, શ્રવણ, અને ન્યાયને જુદા દેવો તરીકે ગણવામાં આવેલાં છે. હિંદુઓની માફક ઇરાનીઓ-પારસીઓ પણ પિતૃઓને માને છે. પિતૃઓ રક્ષક દૂતો ગણાય છે. અહુરાદિ દેવો સૌ સૌના અધિકાર પ્રમાણે ક્રમમાં ગોઠવાઇ રહેલા છે અને તેઓ સત્ય અને જ્ઞાનને માટે અજ્ઞાનથી ભરેલા દાનવો સામે યુદ્ધ ચલાવી રહેલા છે.

એ દાનવોમાં મુખ્ય અહ્રીમાન છે. અસત્કાર્ય કરવાની સત્તા તેનામાં રહેલી છે. પોતાના રાજ્યમાં તે મલીન વાસનાવાળા દૈત્યોને ઉત્પન્ન કરે છે અને તેઓ અહુરના પવિત્ર દૂતોની સામે થાય છે. આખરે દૈત્યોનો પરાજય થાય છે. સઘળાં ઝેરી જનાવરો અને રોપાઓ તથા મલિન વાસનાઓ અને પાપબુદ્ધિનો ઉત્પન્ન-કર્ત્તા અહ્રીમાન છે. મનુષ્યે અહુરની સદ્વાસનાઓ અને અહ્રીમાનની મલિન વાસનાઓમાંથી એકને

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

પસંદ કરવાની છે. મલિન વાસનાએને પસંદ કરનાર નર્કમાં ભયંકર શિક્ષાને ભોગવી રહે છે. અહુર અને અહ્રીમાન વચ્ચે સર્વદા યુદ્ધ ચાલી રહેલું છે. એક સદ્વાસનાઓને ઉત્પન્ન કરે છે, અને બીજો મનુષ્યને આડે માર્ગે દોરે છે. પણ આખરે અહુરને જ જય થાય છે. સદ્વાસનાઓ મલીન વાસનાઓ ઉપર જય મેળવે છે. યથાર્થ જ્ઞાન મિથ્યા જ્ઞાનને હણે છે. એ ધાર્મિક સત્યોને અનેક દંતકથાઓદ્વારા સમજાવવામાં આવેલાં છે. માનવ જીવન શુભાશુભ વાસનાઓનું યુદ્ધ જ છે. એ યુદ્ધને ઇરાનીધર્મ ધાર્મિક અને નૈતિક દૃષ્ટિથી યથાર્થ રીતે વર્ણવે છે અને તેમાંથી અનેક નીતિ-નિયમો અને અધ્યાત્મિક સત્યો ઉપજાવે છે. મનુષ્ય-જીવનના અતિ સામાન્ય પ્રસંગો લઇને તેનું ઘણું સુંદર કથન ઝેન્દ-અવસ્તામાં કરવામાં આવેલું છે. તે વાંચતાં આપણને માલૂમ પડે છે કે, ઘણી ઉચ્ચ કોટિના મનુષ્યોએ જગતમાંથી મલિન વાસનાઓનો ક્ષય કરવાને માટે જ તે વર્ણન ઘડી કાઢેલું છે. તેમાં સમાએલા નૈતિક અને અધ્યાત્મિક નિયમોનું ક્ષણે ક્ષણે પાલન કરવાનો બોધ તે મહાપુરૂષોએ આપેલો છે. દંત-કથાઓમાં દેવો દૈત્યો, રાક્ષસો અને પ્રાકૃતિક બનાવો સામે યુદ્ધ કરતા જણાય છે. શારીરિક બળનો પ્રજ્ઞા અને ચાતુર્યથી પરાજય થતો આપણી નજરે આવે છે. એ કથાને શ્રદ્ધાથી વાંચ-નાર મનુષ્યો ઐહિક પદાર્થો કરતાં અધ્યાત્મિક સત્યોને વધારે અગત્યનાં અને અધિક સુખદાયી ગણતાં શીખે છે. કોઈ કોઇ વખત એ કથાઓમાં અસમજપણું જોવામાં આવે છે, અને જો કે તે જીવનના મહાપ્રશ્નોનો સંપૂર્ણ રીતે યથાર્થ ઉત્તર

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

આપી શકતી નથી, તો પણ આત્માની ઉચ્ચ વૃત્તિઓને જાગૃત કરવાને તે અતિ સમર્થ થઇ રહેલી છે.

જેમ દરેક ધર્મમાં બને છે તેમ, ઇરાની ધર્મનાં સત્યોનું પાલન આજકાલ માત્ર કેટલીક નજીવી ધાર્મિક ક્રિયાઓમાં જ આવી રહેલું જણાય છે. અગ્નિ અહુરનું પવિત્ર ચિહ્‌ન છે અને તેથી કરીને તેની પૂજા ઇરાની ધર્મમાં એક અગત્યનો ભાગ લે છે. તે ધર્મમાં યજ્ઞ એક પવિત્ર કાર્ય લેખાતું હતું. દેવની સ્તુતિ અને પવિત્ર ગાથાઓનું ઉચ્ચારણ દેવોની પ્રસન્નતા પ્રાપ્ત કરવામાં અને અનેક કાર્યો સાધવામાં અતિ મહત્ત્વનાં સાધનો ગણાતાં હતાં. આધુનિક સમયમાં ઇરાનીઓ–પારસીઓ–અગ્નિને પવિત્ર માને છે અને તેની પૂજાર્થે તેમાં ચંદનાદિ સુવાસિત વસ્તુઓ નાખે છે. પ્રાચીન સમયમાં જે સ્તુતિઓ કરવામાં આવતી હતી તેની તે જ અત્યારે પણ થતી જોવામાં આવે છે. પારસીઓ અગ્નિને એટલો બધો પવિત્ર ગણે છે કે, તેનાથી અપવિત્ર શબને બાળવું તેઓ અનુચિત ધારે છે; મૃત શરીરોને એક કૂવા જેવા સ્થાનમાં તેઓ મુકે છે. ત્યાં ગીધ જેવાં પક્ષીઓ તેમનું ભક્ષણ કરે છે. દરેક પાપકૃત્યને માટે પ્રાયશ્ચિત્તકર્મ કરવાનું ઇરાનનાં ધાર્મિક પુસ્તકોમાં કહેલું છે, અને તે કર્મોની યથાર્થ વિધિ પણ તેમાં આપેલી છે. પણ વાસ્તવિક રીતે જોવા જઇએ તો આપણને માલૂમ પડે છે કે **ઝોરોસ્થરનો** ધર્મ માત્ર બાહ્ય ક્રિયાઓમાં જ સમાઈ રહેલો નથી. તે મહોપદેશકે અત્યંત પવિત્ર અને ભાવિક થવાનો અને જીવનને પ્રભુમય બનાવવાનો બોધ આપેલો છે. પાછળથી તેમાં કેટલીક નજીવી ક્રિયાઓનો ઉમેરો થએલો જોવામાં આવે

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

છે, અને તેને લીધે તે ધર્મ ઇસ્લામ ધર્મની આગળ પોતાનો ટકાવ નહિ કરી શકયો હોય એવું જણાય છે. આથી કરીને તે ધર્મને માનનારાઓની સંખ્યા ઘણી થોડી જ જોવામાં આવે છે. માત્ર ઇરાનના કેટલાક વતનીઓ અને હિંદના પારસીઓમાં જ તે ધર્મનું અસ્તિત્વ જોવામાં આવે છે.

---

## પ્રકરણ ચૌદમું.

### બુદ્ધધર્મ.

જીવાત્મા સંસારનાં અનેક બંધનોમાં બંધાએલો છે, અને જ્યારે તેને યથાર્થ જ્ઞાન થાય છે ત્યારે તે મુક્તદશાને પ્રાપ્ત કરી રહે છે, એવો બોધ બ્રાહ્મણધર્મ આપણને આપે છે. એ બોધથી પ્રેરાઇને ભગવાન્ બુદ્ધે જગત્‌ની અનિત્યતા, ઐહિક પદાર્થોનું મિથ્યાત્વ અને નિર્વાણની પ્રાપ્તિનો ઉપદેશ માનવ જાતિને કર્યો. વૈદિક સમયથી પુનર્જન્મ વિષેની ભાવના વિકાસને પામતી ચાલી આવતી હતી તેમાં બુદ્ધે કેટલોક ફેરફાર કર્યો, અને તે ભાવના તેનો મુખ્ય સિદ્ધાંત બની રહી. હિંદુશાસ્ત્રોના આરણ્યક ભાગમાં એમ કહેલું છે કે, બ્રાહ્મણે અમુક વર્ષની વયે ગૃહનો ત્યાગ કરી વાનપ્રસ્થાશ્રમનો અંગીકાર કરવો. બુદ્ધનો ગૃહત્યાગ અને સંન્યાસ એ કથન ઉપરથી જ થએલો જોવામાં આવે

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

છે. બુદ્ધના સંઘોની કલ્પના પણ ઉપનિષદોમાં મળી આવતી સત્યશોધક ઋષિમંડળીઓ ઉપરથી જ ઉદ્દ્ભવેલી જણાય છે. પ્રાચીન ઋષિઓએ અનેક સત્યોનું શોધન કર્યું હતું પણ તેનો ઉપદેશ કરવાને તેઓ જગત્‌માં વિચર્યા ન હતા. માત્ર કેટલાક અધિકારી મનુષ્યો જ તેમનો લાભ લઇ શકતા હતા. સમસ્ત જગત્‌ને તે મહાન્ સત્યોનો બોધ કરે એવા એક વિશાળ હૃદયના મહાપુરૂષની હિંદને ખોટ હતી. તે ખોટ ભગવાન્ બુદ્ધે પૂરી પાડેલી છે, અને તેમણે પોતાનું કર્તવ્ય અનુપમ જયથી બજાવ્યું છે. બુદ્ધે જે સિદ્ધાંતોનું પ્રતિપાદન કરેલું છે તે સઘળા હિંદુધર્મના જ સિદ્ધાંતો છે. બુદ્ધે તેમાં કેટલોક ફેરફાર કરેલો છે અને ન્યાતજાતના ભેદ વગર સૌને તે સમજાવ્યા છે. તેમણે હિંદુધર્મનું શિક્ષણ બ્રાહ્મણો પાસેથી લીધું હતું અને તે બ્રાહ્મણધર્મમાં જ ઉછર્યા હતા. તેમનું ચારિત્ર્ય બ્રાહ્મધર્મથી જ ઘડાએલું હતું. આ સઘળી બાબતોથી એમ સિદ્ધ થાય છે કે, બુદ્ધધર્મ હિંદુધર્મથી અલગ નથી, તે તેની એક શાખા છે, તેનું અંગ છે, તેનો સંપ્રદાય જ છે. જેવી રીતે ખ્રિસ્તીધર્મમાં રોમન કૅથોલિક, પ્રૉટેસ્ટંટ, વગેરે અને હિંદુધર્મમાં શૈવ, વૈષ્ણવ, વગેરે સપ્રદાયો છે, તેવી જ રીતે બુદ્ધધર્મ પણ હિંદુધર્મનો એક સંપ્રદાય છે. પ્રાચીન સમયનાં સંસ્કૃત નાટકો વાંચતાં આપણને માલૂમ પડી આવે છે કે, એક જ કુટુમ્બમાં એક મનુષ્ય વૈષ્ણવ સંપ્રદાયનો અને બીજો બુદ્ધ સંપ્રદાયનો રહી શકતો હતો.

ભગવાન બુદ્ધનું જીવન અમાનુષી બનાવોથી ભરપૂર છે. ગૌતમ બુદ્ધ પૂર્વાશ્રમમાં એક રાજકુંવર હતા. જગત્‌ના ઐહિક

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

પદાર્થોથી તેમનો સંસ્કારી આત્મા તૃપ્ત થયો નહિ અને તેથી કરીને તેમણે સંસારનો ત્યાગ કર્યો અને સ્વતંત્ર સાધુજીવન સ્વીકાર્યું. તેમણે ઉત્કટ વૈરાગ્ય ધારણ કર્યો અને સંયમથી શરીર તથા મનને કસવા માંડયું. આ વખતે તેમના કેટલાક મિત્રો પણ તેમની સાથે હતા. પરિવ્રાજક સાધુ તરીકે તે અહીં તહીં વિચરતા હતા, પણ તેથી પણ તેમને સંતોષ વળ્યો નહિ. આખરે તેમણે એકાંતવાસમાં રહીને સત્યનું શોધન કરવાનો નિશ્ચય કર્યો. તેમના મિત્રો તેમને છોડીને ચાલ્યા ગયા. ભગવાન્ બુદ્ધ પ્રસિદ્ધ બોધિ-વૃક્ષની નીચે એક શિલા ઉપર જઇને બેઠા. તેમનો નિશ્ચય અડગ હતો. તે મુખેથી બોલ્યા 'इहासने शुष्यतु मे शरीरं.' સત્યનું શોધન કર્યા વગર ત્યાંથી ખસવું નહિ, ભલે શરીર સૂકાઇ જાય, એવો દૃઢ આગ્રહ ધારણ કરીને તે ત્યાંને ત્યાં જ બેસી રહ્યા. આખરે તે શાંતિ અને મુક્તિને પ્રાપ્ત કરી રહ્યા. તેમના મનમાં હવે પ્રશ્ન ઉભો થયો:- આ સત્યનો બોધ જગતને કરવો કે નહિ ? અનેક આફતો તેમના માર્ગમાં નજરે પડવા લાગી. પણ પોતાના માનસિક ભય ઉપર જય મેળવ્યો અને સમસ્ત જગતનું કલ્યાણ કરવાને તે બહાર નીકળી પડયા. તેમને છોડીને ગએલા તેમના મિત્રો જ પ્રથમ તેમના અનુયાયી બની રહ્યા. બુદ્ધે ઘણાં વર્ષ સુધી ઉપદેશ કર્યો, બુદ્ધ-ધર્મનો પાયો મજબુત રીતે નાખ્યો અને સાધુજીવનને અનેક નિયમોથી વ્યવસ્થિત કરી મુકયું. તેમનો જન્મ ક્રાઇસ્ટ પૂર્વે છઠ્ઠા સૈકામાં થયો હતો અને લગભગ પાંચમા સૈકાના અંતમાં તે નિર્વાણને પ્રાપ્ત કરી રહ્યા હતા.

ભગવાન્ બુદ્ધ કયા કયા સિદ્ધાંતોનું પ્રતિપાદન કરી રહ્યા? સાંસારિક જીવન દુઃખ, શોકાદિથી યુક્ત છે, કયાં કાર્યોથી દુઃખાદિ

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

ઉત્પન્ન થાય છે, તેમનાથી મુક્ત થવાનો માર્ગ કયો છે વગેરે બાબતોનું ભાન તે જંગત્‌ને કરાવી રહ્યા હતા. પ્રાપ્તવ્ય વસ્તુ નિર્વાણ છે એમ તે સર્વને કહી રહ્યા હતા. બુદ્ધનો સઘળો ઉપદેશ એક જ શબ્દ–મુક્તિ–માં આવી રહેલો છે. વાસના અને અજ્ઞાનથી શોકાદિ ઉત્પન્ન થાય છે અને મનુષ્યને અનેક વાર જન્મ લેવો પડે છે. તેમના બોધમાં આ સિદ્ધાંતનું પ્રતિપાદન ચાર પવિત્ર સત્યોથી કરવામાં આવેલું છેઃ–( ૧ ) જન્મ, જરા, વ્યાધિ, મૃત્યુ, પ્રિયજનનો વિયોગ મહાદુઃખો છે; ( ૨ ) સંસારની વાસના પુનર્જન્મને પ્રાપ્ત કરાવે છે અને અનેક પ્રકારની તૃષ્ણા અશાંતિનું મૂળ છે; ( ૩ ) સઘળી વાસનાઓનો ક્ષય કરવાથી સર્વ દુઃખોનો નાશ થાય છે; ( ૪ ) સત્‌શ્રદ્ધા, સન્નિશ્ચય, સત્યવચન, સત્કૃત્ય, પ્રમાણિક જીવન, સત્પ્રવૃત્તિ સદ્‌વિચાર અને સત્યનો નિગ્રહ વડે કરીને દુઃખના આત્યંતિક નાશને માર્ગે ચઢાયછે.

બુદ્ધધર્મ પુનર્જન્મમાં માને છે, પણ તે આત્માના અસ્તિત્વમાં માનતો નથી. અમુકહેતુઓનો સંઘ પુનર્જન્મને ઉત્પન્ન કરે છે એમ તે દર્શાવે છે. ઉપર દર્શાવેલાં ચાર સત્યોના અજ્ઞાનને લીધે સંસારની વાસના કાયમ રહે છે. અને મનુષ્યોને વારંવાર જન્મ લેવો પડે છે. અજ્ઞાનને લીધે મૃત મનુષ્યમાં એક પ્રકારનો જીવભાવ–ચેતન–ઉત્પન્ન થાય છે અને તે પુનર્જન્મનો હેતુ થઇ રહે છે. એ ચેતન નામ, રૂપને ધારણ કરે છે, ઇંદ્રિયજન્ય જ્ઞાન, વાસના, વગેરે તેમાંથી ઉત્પન્ન થાય છે. પુનર્જન્મને ઉત્પન્ન કરનારી કારણપરંપરા એક પ્રકારના વર્તુળ જેવી છે, અને તે મનુષ્યને એક જન્મથી બીજા જન્મમાં લઇ જાય છે. જ્યારે યથાર્થ જ્ઞાન ઉત્પન્ન થાય છે અને

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

સંસારવાસનાનો ક્ષય થઇ રહે છે ત્યારે પુનર્જન્મને ઉત્પન્ન કરનારી કારણપરંપરાનો નાશ થાય છે અને મનુષ્ય નિર્વાણને પ્રાપ્ત કરી રહે છે. સ્વાભાવિક રીતે એક પ્રશ્ન અહીંઆં ઉત્પન્ન થાય છે; શું વ્યક્તિત્વનો ધ્વંસ એજ નિર્વાણ? બુદ્ધના શિષ્યોએ પણ સવાલ તેને પૂછયો હતો. શું નિર્વાણને પ્રાપ્ત કરીને બુદ્ધ પરમાનંદને ભોગવી રહેશે કે તેનો આત્યંતિક નાશ જ થઇ રહેશે? બુદ્ધે એ પ્રશ્નનો ઉત્તર આપ્યો ન હતો. ખરી વાત તો એ છે કે, નિર્વાણની દશા મનુષ્યનાં મન, બુદ્ધિ, વાણીથી પર છે. તેમનાથી તે વર્ણવી શકાય તેમ છે જ નહિ. તે અનુભવગમ્ય છે. તે સામાન્ય અસ્તિત્વ નથી, તેમ જ તે તેનો અભાવ પણ નથી. બંનેથી તે પર છે. તે એક પ્રકારની ઉચ્ચાવસ્થા છે. તે બુદ્ધિ અને વાણીથી પર છે. यतो वाचो निवर्तते अप्राप्य मनसा सह. (ઉપનિષદ્).

બુદ્ધધર્મ અનિશ્વરવાદી છે, કારણ કે જો કે અમુક દેવોમાં તે માને છે પણ તે દેવો પણ પુનર્જન્મને આધીન છે એમ તે ગણે છે. મનુષ્યો સંસારની વાસનાઓમાંથી મુક્ત થઇને પોતે જ દેવો બની રહે છે એવી તેની માન્યતા છે. વાસ્તવિક રીતે જોતાં એમ માલૂમ પડે છે કે, એ ધર્મમાં બુદ્ધને જ ઈશ્વર તરીકે માનવાનો યત્ન કરવામાં આવેલો છે. બુદ્ધધર્મે પહેલેથી જ વૈદિક યજ્ઞો તરફ તિરસ્કારની લાગણી દર્શાવેલી છે અને તેમ કરવાથી તે વૈદિક ધર્મનો પ્રતિસ્પર્ધી ગણાયો છે. બ્રાહ્મણ ધર્મમાં કહેલા આત્મદમનનો પણ તે વિરોધી છે. સંસાર અનેક દુઃખોથી ભરપૂર છે તો પછી વળી આત્માને દમીને દુઃખનો વધારો શા માટે કરવો જોઇએ એવો મત બુદ્ધે દર્શાવેલો છે. સંસારને દુઃખરૂપ જ ગણનાર બુદ્ધે નિરાશાવાદનું જ સર્વદા પ્રતિપાદન કરેલું છે.



P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

પણ સતશ્રદ્ધા, સન્નિશ્ચય વગેરેને દુઃખવિઘાતક હેતુઓ તરીકે માનનાર બુદ્ધધર્મ ઉંચા પ્રકારની નીતિનો જ બોધ કરે છે. પ્રમાણિક જીવનથી સંસારનાં દુઃખો ઘટે છે અને નિવાર્ણની સમીપમાં વધારે ને વધારે અવાય છે, એમ તે બોધે છે. તે આપણુને શીખવે છે કે, અહિંસા, અસ્તેય, એકપત્નીવૃત્ત, સત્યવચન, મદ્યપાનનિષેધ વગેરે, પ્રમાણિક જીવનનાં અંગો છે; મનુષ્યે સર્વદા આત્મનિયમન, અને સ્વપરીક્ષાને આધીન રહેવાનું છે; ધ્યાનાદિ ક્રિયાઓ, વાસનાક્ષય અને મુમુક્ષુતા નિર્વાણપ્રાપ્તિનાં સર્વોપરી સાધનો છે; અનેક જન્મને અંતે જ વાસનાનો ક્ષય કરી શકાય છે; સર્વનો પુનર્જન્મ થવાનો જ છે; ઉચ્ચ સંસ્કારવાળાં મનુષ્યો દિવ્યલોકમાં જન્મ લે છે કે એકાદ વાર જ મૃત્યુલોકમાં તેઓ અવતરે છે, અથવા તો દેવલોકમાં જઇને વસે છે અને છેવટે નિર્વાણને પ્રાપ્ત કરી રહે છે.

બુદ્ધે જે આશ્રમો સ્થાપ્યા છે તે સઘળા સંન્યાસના સિદ્ધાંત ઉપર રચાએલા છે. તેના નિયમો ઘણા સખત છે. ગૃહસ્થાશ્રમીઓને માટે તેમણે જુદા નિયમો ઘડેલા છે. જે મનુષ્ય નીરોગી હોય અને સંસારનાં સર્વ બંધનોથી મુકત હોય તે બુદ્ધધર્મમાં સંન્યાસની દીક્ષાને માટે અધિકારી છે. તેને પ્રથમ બ્રહ્મચારી તરીકે બે વર્ષ મઠમાં રહેવું પડે છે. ત્યારબાદ તેને દીક્ષા આપવામાં આવે છે, અને તે સાધુ બને છે. તે પીત વસ્ત્ર ધારણ કરે છે અને કેશનું વપન કરાવે છે. અખંડ બ્રહ્મચર્ય, અસ્તેય, અહિંસા અને નિરભિમાનિતાનું પાલન—એ ચાર પ્રતિજ્ઞાઓ તેને લેવી પડે છે. સાધુઓનું જીવન ઘણું જ સાદું હોય છે. સવારમાં વહેલા ઉઠીને

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

તેમને પવિત્ર મંત્રોનું ઉચ્ચારણ કરવું પડે છે, પછી હાથમાં અક્ષયપાત્ર લઇને ભિક્ષા માગવા જવું પડે છે; ત્રીજા પહોરે તેઓ ભિક્ષા લે છે, અને પછી મૌન ધારણ કરીને કે ધાર્મિક વાર્તાલાપમાં તેમને આખો દિવસ નિર્ગમન કરવો પડે છે. બે મહિને એકવાર સર્વે સાધુઓ એકઠા મળે છે અને જાણ્યેઅજાણ્યે થએલા પાપને કબૂલ કરી દે છે. વળી વર્ષના અંતમાં પણ તેમ કરવામાં આવે છે. એ ક્રિયા અને ધ્યાન બુદ્ધધર્મમાં કહેલી પૂજાનાં સૌથી વધારે અગત્યનાં અંગો છે. વળી તે ધર્મમાં બુદ્ધની વિભૂતિઓની પૂજા, યાત્રા અને મહોત્સવો પણ કરવાનું કહેલું છે.

હાલમાં બુદ્ધધર્મ અનેક શાખાઓ અને પંથોમાં વિભક્ત થઇ રહેલો છે. હિંદમાં એકવાર તે ઘણા આશ્રયને મેળવી પ્રસિદ્ધિને પામી રહ્યો હતો. પણ બ્રાહ્મણધર્મનું જોર વધ્યું અને શ્રી શંકરાચાર્ય જેવા અવતારી પુરૂષોના બોધથી તેનો અંત આવવા લાગ્યો. પણ તેટલા ટુંકા સમયમાં તે લંકા સીઆમ અને બ્રહ્મદેશમાં પ્રસરી રહ્યો હતો, અને નેપાળ, જાપાન, ચીન અને ટીબેટના પ્રદેશમાં તેની સત્તા જામવા લાગી હતી. લંકા વગેરે દેશોમાં આજે તે તેના મૂળ સ્વરૂપમાં જોવામાં આવે છે, અને નેપાળ, જાપાન વગેરે દેશોમાં તે નવીન સ્વરૂપને ધારણ કરી રહેલો છે. ટીબેટમાં તેનાં ધાર્મિક પુસ્તકોનો મોટો ભંડાર મળી આવે છે.

**ચીનમાં** બુદ્ધધર્મની શરૂઆત પ્રથમ પહેલા સૈકામાં થઇ. પછીના કેટલાક સૈકામાં **ચીનના** બાદશાહોએ તેને આશ્રય

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

આપ્યો. કેટલાક બાદશાહોએ તેનો નાશ કરવાનો પણ પ્રયત્ન કર્યો હતો; પણ બુદ્ધધર્મે **ચીનમાં** પોતાનો પાયો મજબૂત નાખ્યો એટલું જ નહિ, પણ **ચીનની** પ્રજામાં અત્યંત ફેલાવા લાગ્યો અને કેટલાક સૈકાથી તે **કોન્ફ્યુશીઅસ** અને **લેઓટ્ઝે** એ સ્થાપેલા ધર્મોની સાથે સાથે **ચીનમાં** પોતાનું અસ્તિત્વ ધરાવી રહેલો છે, અને તે બંને ધર્મો ઉપર પોતાની અસર ઉપજાવી રહેલો છે. પણ અહીંઆં બુદ્ધને એક દેવ તરીકે જ માનવામાં આવે છે. તેના અનુયાયીઓ નિર્વાણની પ્રાપ્તિને વધારે મહત્ત્વ આપે છે. બુદ્ધને બદલે બીજા દેવો-**બોધિસત્વો**-ને તેઓ વધારે પૂજે છે. **મીટો** નામના દેવને તેઓ વધારે ભજે છે. આ પ્રમાણે બુદ્ધધર્મનું મૂળ સ્વરૂપ અહીંઆં બદલાઇ ગએલું જોવામાં આવે છે.

**ટીબેટ**માં બુદ્ધધર્મ રાજ્યના ધર્મ તરીકે લેખાય છે. સાતમા સૈકામાં જ્યારે તે પ્રથમ **ટીબેટ**માં દાખલ થયો ત્યારે તે તેના મૂળ સ્વરૂપમાં ન હતો, અને ત્યાર પછી પણ તેમાં અનેક પરિવર્તનો થએલાં જોવામાં આવે છે. અનેક દેવોની પૂજા, ભવ્ય ધાર્મિક ક્રિયાઓ, પ્રતિમાપૂજા વગેરેનો તેમાં ઉમેરો થએલો જોવામાં આવે છે. તેના વડા ઉપદેશક **દલાઇ-લામાને** બુદ્ધનો અવતાર ગણવામાં આવે છે, અને અનેક વહેમોને લીધે લોકો તેને અસાધારણ ભાવથી પૂજે છે. દરેક યુગમાં પાંચ બુદ્ધો અવતાર લે છે. આ યુગમાં ચાર બુદ્ધોનો અવતાર થઇ ગએલો છે અને પાંચમા બુદ્ધનો અવતાર હજી થવાનો છે, એવી માન્યતા **ટીબેટ**ના લોકોમાં ચાલી રહેલી છે.

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

ભગવાન્ બુદ્ધે સ્થાપેલો બુદ્ધધર્મ અતિ ઉચ્ચ નીતિ, આત્મદમન અને પરોપકારનો બોધ આપે છે અને તે આ વિશ્વમાં નહિ મળી આવે એવા પારમાર્થિક આદર્શોને અનુસરવાનું સર્વને સમજાવે છે. ન્યાતજાતનો ભેદ રાખ્યા વગર તેણે મુક્તિનું દ્વાર સર્વને માટે ખુલ્લું મુકેલું છે અને માનવજીવનમાં જણાઇ આવતાં દુઃખ, શોકાદિ વિષેના મહા પ્રશ્ન તરફ તેણે પોતાનું ધ્યાન દોરેલું છે. તેનો દોષ માત્ર એટલો જ છે કે, તે મનુષ્યોને ઈશ્વર કે આત્માના વિષયમાં અજ્ઞાત જ રાખે છે.

---

# પ્રકરણ પંદરમું.

## ઈસ્લામધર્મ.

સેમીટક જાતિના ગુણોને ધારણ કરી રહેલી પ્રજામાં ઈસ્લામધર્મની પ્રથમ ઉત્પત્તિ થએલી જોવામાં આવે છે. તેથી તે ધર્મમાં પણ સેમીટિક જાતિની ધાર્મિક ભાવનાઓ નજરે આવે છે. સેમાઇટ લોકોના દેવો દેખાવમાં ભયંકર લાગતા હતા અને તેમના પૂજકો તેમને જોઈને ધ્રુજતા હતા. એ ભયમાંથી ઇસ્લામધર્મની ઉત્પત્તિ થએલી હોય એમ લાગે છે. તે ધર્મ ઈશ્વર તરફ ભયની દ્રષ્ટિથી જોવરાવે છે. પ્રભુપ્રત્યે પ્રેમની લાગણી તેમાં દશ્યમાન થતી નથી. તે તદ્દન પ્રારબ્ધવાદી છે. માનવબુદ્ધિને તે કોઇ પણ પ્રકારની સ્વતંત્રતા આપતો નથી તે ધર્મનું દરેક ફરમાન બહુ જ

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

ટુંકી અને સ્પષ્ટ ભાષામાં આપેલું છે. તે કારણોને લીધે જ તે ધર્મ પ્રથમ જંગલી જાતિઓ ઉપર ઘણી ઉંડી અસર ઉપજાવી શકયો હતો. કારણ કે ભય, પ્રારબ્ધવાદ અને ફરમાનની સ્પષ્ટતા તેવાં મનુષ્યો ઉપર જલદીથી અસર કરી શકે છે. વળી ઈસ્લામ-ધર્મ હુકમ અને ઝનુનથી પ્રવર્તાવવામાં આવ્યો હતો, તેથી કરીને અશિક્ષિત પ્રજાઓ તેને માનતી થઈ રહી હતી અને ઈસ્લામધર્મ વિશ્વમાન્ય ધર્મોમાંનો એક બની રહ્યો હતો.

અર્બસ્તાનમાં પ્રાચીન સેમીટિક ધર્મ કંઇક ફેરફાર સાથે મૂળ સ્થિતિમાં પ્રચલિત થઈ રહ્યો હતો તેમાં અનેક દેવોની માન્યતા ચાલી રહી હતી, અને તે દેવોમાં અલ્લા મુખ્ય ગણાતો હતો. ત્યાંના લોકોને પ્રાકૃતિક પદાર્થો, પાષાણો અને પ્રતિમાઓની પૂજા પ્રિય હતી. કાબાનું પૂજન ત્યાં કરવામાં આવતું હતું. યાહુદી અને ખ્રિસ્તી ધર્મનાં અધમ સ્વરૂપોનો પ્રચાર પણ કોઇ કોઇ સ્થળે જોવામાં આવતો હતો. હેન્નીફાઈટ નામના ઘણા આરબો ઉપરોક્ત બાબતોનો અનાદર કરવા લાગ્યા અને એક ઈશ્વર અલ્લાને જ તેઓ માનવા લાગ્યા. મહંમદ પેગંબર તેમના સંબંધમાં આવ્યો અને તેણે પોતાનો પંથ તેમના વિચારો-માંથી ઉપજાવી કાઢયો. ઈસ્લામીધર્મ એકેશ્વર-અલ્લા-માં જ માનનારો છે અને તેવા એકેશ્વરવાદને દૃઢ પાયા ઉપર મુકી તેને વ્યવસ્થિત કરવામાં મહંમદે પોતાની બુદ્ધિ અને ચાતુર્ય વાપરેલાં છે, અને ઇસ્લામધર્મને તેણે એક મૂળ ધર્મ તરીકે જ સ્થાપિત કરેલો છે.

મહંમદ સને ૫૭૧ માં જન્મ્યો હતો. તે પોતાની કુમારાવ-સ્થામાં પણ ઘણો જ ગંભીર અને વિચારવંત હતો. અલ્લાનું તે

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

ઘણુંખરૂં ધ્યાન ધરતો; પણ તેની આસપાસની ધાર્મિક સ્થિતિ એવી તો ખરાબ થઈ રહી હતી કે, તેને ધર્મમાં અનેક શંકાઓ લાગી. તે એક વખત શારીરિક અને માનસિક શ્રમ ભોગવી રહ્યો હતો. શરીરમાં એક પ્રકારની વ્યથા પણ તેને થઈ રહી હતી. તેનો આત્મા ભયથી કંપવા લાગ્યો. ધાર્મિક દૃષ્ટિથી તે વિચાર કરી રહ્યો. આખરે તેના મનમાં દૃઢ નિશ્ચય થઇ રહ્યો કે, વિશ્વમાં એક **પરમાત્મા** રહેલો છે અને પોતે તેનો **પેગંબર** થવાને જ અવતરેલો છે. તે ઘણા જ ઝનુનમાં આવી ગયો. જ્યારે **મહમંદે** ઉપદેશક તરીકે પોતાનું કાર્ય શરૂ કર્યું ત્યારે તેના માર્ગમાં અનેક આફતો આવી પડી હતી. તે એક અસાધારણ વ્યક્તિ હતો અને તેનું ઝનુન અપૂર્વ હતું. પણ એટલું કહેવાની જરૂર છે કે, તે ઝનુન આડે માર્ગે દોરાએલું હતું પ્રથમ તો માત્ર તેની પત્ની અને તેનું કુટુંબ જ તેની સાથે સંમત થયાં હતાં; પણ જેમ જેમ વખત જતો ગયો તેમ તેમ તેના શિષ્યોની સંખ્યા વધતી ગઇ. **મક્કાના** જંગલી આરબોએ તેના ઉપર જુલમ ગુજારવા માંડયો. સને ૬૨૨ માં તે **મદીને** નાશી ગયો, અને તે સમયથી **મહમંદ પેગંબર** એક રાજ્યદ્વારી પુરૂષ, ધારાશાસ્ત્રી, યોદ્ધો અને રાજ્ય તરીકે કાર્ય કરવા લાગ્યો અને ઈસ્લામીધર્મ પોતાનું ધર્મયુદ્ધ ચલાવી રહ્યો. મહંમદે **મક્કા** જીતી લીધું અને તેને ઈસ્લામીધર્મનું પવિત્ર મથક બનાવ્યું. હવે તેને મુલક વધારવાની ઈચ્છા થઇ, પણ સને ૬૩૨ માં તેનુ મૃત્યુ થયું અને તેની ધારણા અપૂર્ણ રહી.

ધર્મને અન્ય મનુષ્યોની કતલ કરવાની આજ્ઞા **ઇસ્લામીશાસ્ત્ર** આપે છે એમ **મહંમદે** પ્રતિપાદન કર્યું હતું. આ વિષયમાં તે હિંદુ-

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

સ્તાનના બુદ્ધ અને હિંદના પ્રાચીન બ્રાહ્મણધર્મથી તદ્દન જુદો જ પડે છે. ઇસ્લામીધર્મ ઉપર તેના મનની ભારે અસર થઈ રહી, અને અસહિષ્ણુતા અને કતલ તેનાં મુખ્ય લક્ષણો બની રહ્યાં. આ પ્રમાણે હોવાથી **અર્બસ્તાનની** અહીં તહીં પથરાઇ રહેલી જંગલી જાતિઓએ ઇસ્લામધર્મનો અંગીકાર કરવા માંડયો, અને સર્વેએ એકત્ર થઇને તે ધર્મનો વધારે ફેલાવો કરવાનો પ્રયાસ આદર્યો; કારણ કે એ જંગલી જાતિઓમાં કામ, ક્રોધાદિ મલિન વાસનાઓ પ્રધાનપદ ભોગવી રહી હતી, અને ઇસ્લામી ધર્મે તેમને એક એક પ્રકારનું ઉત્તેજન આપ્યું હતું. એક **અલ્લાની** ભાવના વડેમી આરબોના મનમાં દૃઢપણે ઠસાવવામાં આવી હતી અને તેથી કરીને તેમનાં અંતઃકરણ અત્યંત ઉંચી રહ્યાં હતાં. **આરબોએ** પ્રકૃતિપૂજાનો ત્યાગ કર્યો અને **અલ્લાની** ભાવના તેમના મનમાં વસી રહી. **અલ્લાને** ખરા અંતઃકરણથી ભજવામાં આવે તો ભવિષ્યમાં વધારે મુલક અને વધારે સુખ પ્રાપ્ત થાય એવું ઇસ્લામધર્મ તેમને સમજાવી રહ્યો હતો. ધર્મને નામે કરેલી અરજ કદિ નિષ્ફળ જતી નથી, અને એ અરજને લીધે જ **ઇસ્લામ**ધર્મ પોતાની ફત્તેહ મેળવી રહ્યો હતો.

**મહંમદે** પોતાના જીવનમાં જે ઉપદેશ કર્યો હતો તેનું **કુરાન** બનેલું છે. મુસલમાનને મન **કુરાન** તેનું એક ધાર્મિક પુસ્તક છે એટલું જ નહિ, પણ તેને મન તે કાયદો, યુદ્ધ, સમાજ અને વ્યાપાર વિષે પણ માહિતી આપનારો એક ગ્રંથ છે. **ઓમારે** એક વખત કહ્યું હતું કે, "સઘળાં પુસ્તકાલયોને બાળી નાખો. આ એક જ પુસ્તક (કુરાન) માં તે સર્વનું રહસ્ય સમાએલું છે."

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

મુસલમાનોના વિચારથી તે વાત તદ્દન સત્ય છે; કારણ કે તેઓ માને છે કે, કુરાન અને અલ્લા નિત્ય છે અને તેને પ્રથમ અલ્લાના સિંહાસન પાસે રહેલી એક તખ્તી ઉપર પ્રકાશથી લખવામાં આવ્યું હતું, અને ત્યારબાદ ગેબ્રીઅલે મહંમદને તેનો ઉપદેશ કર્યો હતો. આથી કરીને મુસલમાનો કુરાનને ઘણું જ પવિત્ર માને તેમાં કંઇ નવાઇ જેવું નથી. જીવનની સઘળી અવસ્થાઓ ઉપર અસર ઉપજાવે એવું કુરાન સિવાય બીજું ધાર્મિક પુસ્તક ભાગ્યે જ મળી આવશે. અલ્લાનો સાક્ષાત્કાર કરાવનાર પુસ્તક તરીકે તે અદ્વિતીય છે અને ભવિષ્યમાં ઐંદ્રિક સુખોની આશાઓ આપનારૂં પણ તે એક જ છે.

અલ્લા એક છે અને સર્વોપરી છે, એ ઇસ્લામધર્મનો મુખ્ય સિદ્ધાંત છે. અલ્લાને તે સર્વજ્ઞ, સર્વશકિતમાન્, જગત્નો સૃષ્ટા અને વિશ્વની નીતિનો નિયામક માને છે. તે પ્રેમરહિત છે; તેની મરજી એ જ કાયદો છે; સઘળા મનુષ્યોએ ગુલામોની માફક તેને આધીન રહેવાનું છે; તેનાથી સર્વેએ બ્હીવાનું છે; તે અગમ્ય છે. એમ તે સર્વને શીખવે છે. ભાવિક મુસલમાન વિષયસુખથી ભરેલા સ્વર્ગમાં જવાની આશા રાખે છે. નાસ્તિકને અત્યંત શિક્ષા ભોગવવી પડે છે. એ ધર્મમાં, પાલગ્રેવ કહે છે તેમ, ઇશ્વર "એકને લાલચોળ સાંકળો અને અગ્નિ જેવા ધીકતા લોહરસમાં બાળે છે અને બીજાને ચાળીશ અપ્સરાઓની વચમાં સુખ ભોગવવાને માટે બેસાડે છે."

અલ્લા અને મનુષ્યો વચ્ચે વ્યવહાર ચલાવનાર દૂતો, પેગંબરો અને સાધુઓ છે. દૂતો પાપરહિત છે, અને તેમાંના બે

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

દરેક મનુષ્યની પાછળ ફરે છે અને તેનાં શુભાશુભ કૃત્યોનો હિસાબ રાખે છે. વળી બીજા પ્રકારના પણ મલિન સ્વભાવના પણ દૂતો તે ધર્મમાં માનેલા છે તેમને જીન કહેવામાં આવે છે. તેમાં **સેતાન** મુખ્ય છે. ઇસ્લામીઓ તેમનાથી બહુ ડરે છે, કારણ કે તેઓ માને છે કે, તેઓ મનુષ્યોને સર્વદા પીડે છે. **પેગંબરો**દ્વારા **અલ્લા** પોતાની મરજી જાહેર કરે છે. **મહંમદ** સૌથી છેલ્લો અને સર્વોત્તમ **પેગંબર** છે. ઇસ્લામધર્મના સાધુઓ **અલ્લાની** કૃપા મેળવી રહેલા પુરૂષો છે અને તેઓ નવાઇ જેવા ચમત્કારો બતાવી શકે છે. તેઓ મનુષ્યોને આશીર્વાદ આપે છે અને **અલ્લા** સાથે સંબંધ ધરાવે છે. આથી કરીને મુસલમાનો તેમને પૂજે છે.

ઇસ્લામધર્મમાં પુનર્જન્મની ભાવના વિચિત્ર છે. મૃત્યુ પછી, ન્યાયનો દિવસ આવે ત્યાં સુધી, સઘળા જીવો અમુક અવસ્થાને પ્રાપ્ત કરી રહે છે. જે સ્વર્ગના અધિકારી છે તે સુખમય દશા ભોગવે છે, પણ જે નર્કે જનારા છે તે બંધિવાસ અને દુઃખના ભોકતા થઈ રહે છે. ન્યાયનો દિવસ આવે છે ત્યારે સર્વને છેવટનો ચુકાદો મળી જાય છે. સઘળા પોતપોતાનાં શરીર ધારણ કરે છે અને **સીરત** નામના એક સાંકડા પૂલ ઉપર થઇને જાય છે. પ્રમાણિક જીવો સહેલાઇથી પેલે પાર જાય છે અને સ્વર્ગમાં પ્રવેશ કરે છે. દુષ્ટ અને પાપી મનુષ્યોને તે પૂલ તરવારની ધાર જેવો તીક્ષ્ણ અને અગ્નિ જેવો બળતો લાગે છે, અને તેથી તેઓ નર્કના ખાડામાં પડી જાય છે. સ્વર્ગ અને નર્કની વચ્ચે એક સ્થાન છે, ત્યાં મધ્યમ વર્ગના જીવો જઇને રહે છે. સ્વર્ગ વિષય-સુખોને ભોગવવાની ભૂમિ છે. સ્વર્ગે જનાર જીવ, બાગ અને

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

યુવાવસ્થા પ્રાપ્ત કરે છે અને ત્યાં અવર્ણ્ય સુખ ભોગવતો અનેક અપ્સરાઓની વચમાં પોતાનો કાળ નિર્ગમન કરે છે. પણ અત્યંત પવિત્ર જીંદગી ગાળનાર જીવ અલ્લાના દર્શન રૂપી ફળને નિત્ય ભોગવી રહે છે.

ઇસ્લામધર્મની ઘણી ખરી ભાવનાઓ ઈરાની, યાહુદી કે ખ્રિસ્તીધર્મમાંથી લીધેલી છે તેની અલ્લાની ભાવનાએ ઇસ્લામી-ઓને શિક્ષણમાં કે સંસ્કૃતિમાં આગળ વધવા દીધા નથી. આજે અખિલ વિશ્વ સુધારામાં આગળ વધતું જાય છે. તેવા સમયમાં તેની ભાવનાઓ ઈસ્લામીઓનો ધર્મ અને નીતિ બની રહે એમ બનવું અશક્ય છે. પ્રભુનું પ્રતિપાદન કરવાને બદલે તે ભાવનાઓ તેને અંધકારમાં નાખી દે છે અને મનુષ્યને તે સદ્‌ગુણી થવાનો બોધ કરે છે, પણ તેનો બોધ તેના હૃદયમાં સદ્દગુણને માટે પ્રેમ ઉપજાવી શકતો નથી.

મહંમદના મૃત્યુ પછી તેના ધર્મનો ફેલાવો ઘણો જ જલદીથી કરવામાં આવ્યો હતો. અલ્લાની મરજી છે કે, ઇસ્લામધર્મ અખિલ વિશ્વમાં વ્યાપી રહેવો જોઇએ એવી માન્યતાથી પ્રેરાઇ રહેલા મુસલમાનોએ તે ધર્મનો પ્રચાર પૅલેસ્ટાઇન, સીરીઆ, ઈરાન, મિસરદેશ, ઉત્તર આફ્રિકા અને સ્પેનમાં સો વર્ષમાં કરી મુકયો. કેટલાક સૈકા સુધી યુરોપ તેનાથી ભયભીત થઇ રહ્યું હતું, પણ કૉન્સ્ટેન્ટીનોપલ મુસલમાનોના હાથમાં આવ્યું ત્યારથી યુરોપમાં ઇસ્લામધર્મનો પ્રચાર થતો અટકી ગયો. જે જાતિઓએ તેનો સ્વીકાર કરેલો છે તે સુધારામાં આગળ વધી

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

નથી. આધુનિક સમયમાં તેનાં મુખ્ય મથકો **યુરોપી તુર્કસ્તાન, લઘુ એશીઆ ઉત્તર આફ્રિકા, ઇરાન** અને **મલય એશીઆ** છે, અને **હિંદુસ્તાન** તથા **ચીન**માં તેના ઘણા અનુયાયીઓ છે.

સર્વ ધર્મોમાં ઇસ્લામધર્મ પોતાનો આંતર વિકાસ કરવાને વધારે અસમર્થ જણાય છે. પરિસ્થિતિને અનુકૂળ થઇ શકે તેવો પણ તે નથી. **કુરાન**ને જ તે સર્વોપરી પ્રમાણ માને છે. અને તેથી કરીને, **પાલ્ગ્રેવ** કહે છે તેમ, તે "ચેતન વગરનો છે, અને ચેતન વગરનો હોવાથી તે વિકાસને પામતો નથી, આગળ વધતો નથી, પોતાનામાં કંઇ પરિવર્તન કરી શકતો નથી અને તેમ કરવાનો તેનો પ્રથમથી ઉદ્દેશ પણ ન હતો." જે ફેરફારો થએલા તેમાં જોવામાં આવે છે તે સઘળા બાહ્ય કારણોને લીધે જ છે, અને તેમને લીધે ઇસ્લામધર્મમાં અનેક વિભાગ પડી રહેલા છે.

ઘણા ચુસ્ત મુસલમાનો **સુન્ની**ને નામે ઓળખાય છે, કારણ કે તેઓ **મહંમદ**ના અસલ બોધ–**સુન્ન**–નો સ્વીકાર કરે છે અને તે પ્રમાણે વર્તે છે. પણ **સુન્ની**ઓમાં પણ ચાર ભાગ પડી રહેલા છે અને તે દરેક **કુરાન**નો અર્થ જુદી જુદી રીતે કરે છે. બાકીના ઇસ્લામીઓ **શીહા**ના નામથી ઓળખાય છે. તેઓ **કુરાન**નો અર્થ પોતાને ફાવતો કરે છે અને તેને તે એક દંતકથા તરીકે માને છે. **સુન્ની**ઓ **શીહાઓને** નાસ્તિકો ધારે છે.

ઇસ્લામધર્મમાંથી કેટલાક ઉચ્ચ સિદ્ધાંતો ઉપજાવી કાઢી તેને એક નવીન સંપ્રદાય તરીકે સ્થાપિત કરવાની પ્રવૃત્તિ એક

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

વાર ઇસ્લામીઓમાં ચાલી રહી હતી તે **સુફીધર્મ**ને નામે ઓળખાય છે. મનુષ્ય **અલ્લા** સાથે ગુહ્ય સંબંધથી જોડાઇ શકે છે એમ તે પ્રતિપાદન કરે છે. **ઇસ્લામધર્મ**માં ચોખ્ખું કહ્યું છે કે, **અલ્લા** જગતથી તદ્દન જુદો જ છે અને તેની અને મનુષ્યની વચ્ચે કોઇ પણ જાતનો સંબંધ શકય જ નથી. આથી કરીને **સુફીધર્મ**ની ભાવના કોઇ અન્ય ધર્મમાંથી લીધેલી હોય એમ લાગે છે. ધ્યાન, યોગ, સમાધિ અને અલ્લા પ્રત્યે પ્રેમની લાગણીથી જીવાત્માનો **અલ્લા**માં લય કરી નાખવો એવો બોધ તે સર્વને આપી રહેલો છે. **સુફીધર્મ** ઇસ્લામધર્મમાંથી નીકળી આવ્યો નથી, પણ તે તેમાં એક જાતનો ઉમેરો છે; પણ તેણે તે ધર્મમાં સુંદર અને આનંદમય ધાર્મિક આદર્શો અને ઉત્તમ કાવ્યની ખોટ પૂરી પાડી આપેલી છે.

समाप्त

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

# શ્રી સયાજી સાહિત્યમાળા.

| છપાયલાં પુસ્તકોઃ— | કિંમત. | |
| --- | --- | --- |
| ૧. संस्कृत वाङ्मयाचा इतिहास. | ૨–૮–૦ | ... |
| ૨. ભૂપૃષ્ઠવિચાર ( સચિત્ર ). | ૦-૧૦-૦ | ... |
| ૩. આપણા લઘુબન્ધુ અંગ્રેજ. | ૧–૦–૦ | ... |
| ૪. અલકાનો અદ્ભુત પ્રવાસ ( સચિત્ર ). | ૧–૬–૦ | ... |
| ૫. માબાપને બે બોલ. | ૦–૬–૦ | ૦–૪–૦ |
| ૬. હિન્દુસ્તાનના દેવો ( સચિત્ર ). | ૪–૦–૦ | ... |
| ૭. નીતિશાસ્ત્ર. | ૦-૧૪-૦ | ૦-૧૦-૦ |
| ૮. પ્રેમાનંદ ( સચિત્ર ). | ૧–૦–૦ | ૦-૧૨-૦ |
| ૯. જગતનો વાર્તારૂપ ઇતિહાસ ( ગ્રં. ૧ લો ). | ૩–૮–૦ | ... |
| ૧૦. बालोद्यानपद्धतीचें गृहशिक्षण ( सचित्र ). | ૦-૧૦-૦ | ૦–૯–૦ |
| ૧૧. દેહધર્મવિદ્યાનાં તત્ત્વો. | ૧–૦–૦ | ૦-૧૪-૦ |
| ૧૨. વિજ્ઞાનપ્રવેશિકા. | ૦-૧૧-૦ | ... |
| ૧૩. જીંદગીનો વિમો. | ૦-૧૧-૦ | ... |
| ૧૪. દયારામ. | ૦-૧૧-૦ | ૦-૧૦-૦ |
| ૧૫. सुधारणा व प्रगति. | ૩–૦–૦ | ... |
| ૧૬. વીર પુરુષો. | ૦-૧૨-૦ | ૦-૧૧-૦ |
| ૧૭. ઉદ્ભિજ્જવિદ્યાનું રેખાદર્શન ( સચિત્ર ). | ૧–૦–૦ | ૦-૧૫-૦ |
| ૧૮. કરોળીઆ ( સચિત્ર ). | ૦-૧૪-૦ | ૦-૧૩-૦ |
| ૧૯. બ્રિટિશ રાષ્ટ્રીય સંસ્થાઓ. | ૦-૧૩-૦ | ૦-૧૨-૦ |
| ૨૦. મીરાંબાઇ. | ૦-૧૧-૦ | ૦-૧૦-૦ |
| ૨૧. शिस्त | ૧–૦–૦ | ... |
| ૨૨. પ્રાણીવિદ્યાનું રેખાદર્શન ( સચિત્ર ). | ૧–૦–૦ | ૦-૧૪-૦ |

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

| | | |
|---|---|---|
| २३. दीघनिकाय ( भा. १ ला. ) | १–८–० | ... |
| ૨૪. પૅલેસ્ટાઈનની સંસ્કૃતિ. | ૦–૧૨–૦ | ૦–૧૧–૦ |
| ૨૫. મનુષ્યવિદ્યાનાં તત્ત્વો. | ૧–૦–૦ | ૦–૧૫–૦ |
| ૨૬. જગતનો વાર્તારૂપ ઇતિહાસ (ગ્રં. ૨ જો) | ૩–૦–૦ | ... |
| ૨૭. નીતિવિવેચન. | ૧–૨–૦ | ૧–૦–૦ |
| ૨૮. બાલોદ્યાનપદ્ધતિનું ગૃહશિક્ષણ (સચિત્ર) | ૦–૧૪–૦ | ૦–૧૨–૦ |
| ૨૯. કૉબેટનો ઉપદેશ. | ૦–૧૫–૦ | ૦–૧૪–૦ |
| ૩૦. ગિરધર. | ૦–૧૪–૦ | ૦–૧૩–૦ |
| ૩૧. પાર્લામેન્ટ ( ગૂજરાતી ) | ૧–૪–૦ | ૧–૨–૦ |
| ૩૨. તુલનાત્મક ધર્મવિચાર. | ૦–૧૩–૦ | ૦–૧૨–૦ |
| ૩૩. ભાલણ. | ૧–૦–૦ | ૦–૧૫–૦ |
| ૩૪. ઇતિહાસનું પ્રભાત. | ૧–૪–૦ | ૧–૨–૦ |
| ૩૫. જીવવિદ્યા. | ૧–૮–૦ | ૦–૧૪–૦ |
| ૩૬. ધર્મનાં મૂળતત્ત્વો. | ૦–૧૦–૦ | ૦–૯–૦ |
| ૩૭. નૈતિક જીવન તથા નૈતિક ઉત્કર્ષ. | ૦–૧૫–૦ | ૦–૧૪–૦ |
| ૩૮. તુલનાત્મક ભાષાશાસ્ત્ર | ૧–૪–૦ | ૧–૨–૦ |
| ३९. हिन्दुस्तानाचा लष्करी इतिहास व दोस्तराष्ट्राच्या फौजा | | |
| ४१. शिवाजी ... ... ( सचित्र ) | १–६–० | १–०–० |
| ૪૪. ઉત્તર યુરોપની પુરાણકથા | ૦–૧૪–૦ | ૦–૧૨–૦ |
| ૪૫. વિષ્ણુદાસ. | ૧–૦–૦ | ૦–૧૪–૦ |
| ૪૬. રાજનીતિનો સંક્ષિપ્ત ઇતિહાસ. | ૧–૪–૦ | ૧–૨–૦ |
| ૪૭. સમાજશાસ્ત્ર પ્રવેશિકા. | ૦–૧૪–૦ | ૦–૧૨–૦ |
| ૪૯. વીર શિવાજી. | ૧–૦–૦ | ૦–૧૪–૦ |
| ૫૦. બાળસ્વભાવ અને બાળઉછેર | ૧–૮–૦ | ૧–૬–૦ |
| ૫૫. ચીનની સંસ્કૃતિ. | ૧–૬–૦ | ૧–૪–૦ |

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust

# શ્રી સયાજી બાલજ્ઞાનમાળા.

| છપાએલાં પુસ્તકો:— | | કિંમત. |
| --- | --- | --- |
| ( ૧ ) ગિરનારનું ગૌરવ | ( સચિત્ર ) | ૦–૬–૦ |
| ( ૨ ) ઋતુના રંગ | | ૦–૬–૦ |
| ( ૩ ) શરીરનો સંચો | ( સચિત્ર ) | ૦–૬–૦ |
| ( ૪ ) મહારાણા પ્રતાપ | ( સચિત્ર ) | ૦–૬–૦ |
| ( ૫ ) કોષની કથા | ( સચિત્ર ) | ૦–૬–૦ |
| ( ૬ ) પાટણ–સિદ્ધપુરનો પ્રવાસ | | ૦–૬–૦ |
| ( ૭ ) પાવાગઢ | | ૦–૬–૦ |
| ( ૮ ) ઔરંગઝેબ | ( સચિત્ર ) | ૦–૬–૦ |
| ( ૯ ) મધપુડો | ( સચિત્ર ) | ૦–૬–૦ |
| (૧૦) રણજીતસિંહ | ( સચિત્ર ) | ૦-૬–૦ |
| (૧૧) સુખી શરીર | | ૦–૬–૦ |

P. P. Ac. Gunratnasuri M.S. Jin Gun Aaradhak Trust